૨૦૪ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 146 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 June 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૨૨ જૂન ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટીઓની ફીના નામે ખુલ્લી લૂંટ, સરકાર નતમસ્તકઃ કૉંગ્રેસનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી ફીના નામે ચલાવવામાં આવતી કથિત લૂંટ સામે કોંગ્રેસે આક્રમક મોરચો માંડ્યો છે. કોંગ્રેસે ગંભીર આક્ષેપ કર્યો છે કે, રાજ્ય સરકાર શિક્ષણ માફિયાઓ સામે નતમસ્તક થઈ ગઈ છે. લાખો રૂપિયાની તગડી ફી વસૂલવા છતાં આ યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ આપવામાં સદંતર નિષ્ફળ ગઈ છે. વાલીઓની આ આર્થિક લૂંટ રોકવા માટે ખાનગી યુનિવર્સિટીઓ પર પણ સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોની જેમ અંકુશ લાવવા અને રિટાયર્ડ જજની અધ્યક્ષતામાં 'ફી નિયમન કમિટીની રચના કરવા માટે કોંગ્રેસ દ્વારા માગણી કરવામાં આવી હતી. ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, સરકાર રાજ્યમાં સૌથી વધુ યુનિવર્સિટીઓ હોવાનો દાવો કરે છે, પરંતુ વાસ્તવિકતા કઈક અલગ છે. આમાં મોટાભાગની પ્રાઇવેટ યુનિવર્સિટીઓ છે જે ધોળા દિવસે વાલીઓને લૂંટી રહી છે. સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં જે સામાન્ય સ્નાતક કોર્સની ફી વાર્ષિક માત્ર ૨૫૦૦ રૂપિયા જેટલી હોય છે, તેની સામે ખાનગી યુનિવર્સિટીઓ મેડિકલ એજ્યુકેશન કરતાં પણ વધુ એટલે કે વાર્ષિક ૬ લાખ રૂપિયા સુધીની ફી ઉઘરાવી રહી છે. છતાં સરકાર દ્વારા કોઈ નિયમન રાખવામાં આવતું નથી. ગુજરાતની ખાનગી યુનિવર્સિટીઓનો ફી આંકડા ચોંકાવનારા છે. જેમ કે, અમદાવાદ યુનિવર્સિટીમાં વાર્ષિક ફી છ લાખ રૂપિયા એટલે કે ૪ વર્ષના કોર્સના અંદાજે ૨૪ લાખ રૂપિયા, નવરચના યુનિવર્સિટી, વડોદરામાં બીબીએ કોર્સ માટે વાર્ષિક છ લાખ રૂપિયા આપવા પડે છે.

કર્ણાવતી યુનિવર્સિટીમાં બીબીએ કરવા માટે ૪ વર્ષના કુલ ૧૨ લાખનો ખર્ચ કરવો પડે છે. ગાંધીનગરની પીડીઈયુમાં બીબીએ કોર્સ માટે ૪ વર્ષની ફી ૧૨ લાખ રૂપિયાથી પણ વધુ છે. આ સાથે રાજકોટની મારવાડી યુનિવર્સિટીઃ સામાન્ય કોર્સ પૂર્ણ કરવા માટે ૪ વર્ષમાં ૫ લાખ રૂપિયાની ફી ભરવી પડે છે. આવો કોંગ્રેસ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું કે, વર્ષ ૨૦૨૩માં જે સંસ્થાઓની ફી ચાર લાખ રૂપિયાની આસપાસ હતી, તે ચાલુ વર્ષે વધીને ૬ લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. માત્ર એક જ સંસ્થાએ ચાર વર્ષના કોર્સ દરમિયાન કુલ ફીમાં સાત લાખ રૂપિયાથી વધુનો તોતિંગ વધારો ઝીંક્યો છે. મધ્યમવર્ગીય વાલીઓ માટે આટલી મોટી રકમ ભરીને પોતાના બાળકોને કઈ રીતે ભણાવવા તે અત્યારે ચિંતાનો મોટો વિષય બન્યો છે.

વાલીઓ લૂંટાઈ રહ્યા હોવા છતાં સરકાર કોઈ જ કડક પગલાં કે કાર્યવાહી કરતી નથી. શિક્ષણના વ્યાપારીકરણને રોકવા માટે ખાનગી યુનિવર્સિટીઓ કાયદાના દાયરામાં આવે તે અનિવાર્ય છે. આ માટે કોંગ્રેસે ચિંતા વ્યક્ત કરી હતી.

# બાળકોની સંસ્થાઓના સોશિયલ ઓડિટ મુદ્દે હાઇ કોર્ટની નારાજગી; ગુજરાત વિદ્યાપીઠે ડ્રાફ્ટ રિપોર્ટ સોંપ્યો

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટમાં બચપન બચાઓ આંદોલન સંસ્થાએ જાહેરહિતની અરજી દાખલ કરી હતી. જેમાં સંસ્થા દ્વારા બાળકોના હકકોને લઈને સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું અમલીકરણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી. જેને પગલે રાજ્યમાં ચાઇલ્ડ રાઈટ કમિશનની રચના કરવામાં આવી છે. હાઇ કોર્ટે રાજ્ય સરકારને કમિશન દ્વારા કરવાની સોશ્યલ ઓડિટની પૉલિસી નક્કી કરવા માટે તેમજ સોશ્યલ ઓડિટનો રિપોર્ટ આપવા માટે હુકમ કર્યો હતો. હાઈ કોર્ટમાં ચીફ જજની બેન્ચ સમક્ષ સુનાવણીમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે, બાળકોની સંસ્થાઓનું સોશ્યલ ઓડિટનું કાર્ય ગૂજરાત વિદ્યાપીઠે પૂર્ણ કરીને ડ્રાફ્ટ રિપોર્ટ સોંપ્યો છે. જ્યારે ચાઇલ્ડ રાઇટ પ્રોટેક્શન પૉલિસીનો ડ્રાફ્ટ ૨૦૨૫માં તૈયાર થઈ ચૂક્યો છે, પરંતુ ફાઇનલ પૉલિસી મૂકવા ઉદ્યોગ અને ખાનગી ક્ષેત્રના લોકોનાં સૂચનો મગાવ્યાં છે. જો કે હાઇ કોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે, ચાઇલ્ડ રાઇટ પોલિસીમાં ઉદ્યોગો અને ખાનગી ક્ષેત્રના લોકોના સૂચનોની ક્યાં જરૂર છે? વળી ચાઇલ્ડ રાઇટ પોલિસીનો ડ્રાફ્ટિંગ માટે ૯૦ દિવસમાં સંલગ્ન લોકો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા હોય તો ૯૦ દિવસ બાદ કોઈ સૂચનોની જરૂર નથી. બાળકોની સંસ્થાઓના સોશ્યલ ઓડિટ રિપોર્ટ તૈયાર કરવાની ડેડલાઇન ૩૦ જૂન છે. આ અંગે વધુ સુનવણી આગામી સમયમાં યોજાશે. આ બાબતે ચીફ જસ્ટિસની બેન્ચે નારાજગી વ્યક્ત કરતા ટકોર કરી હતી કે, બાળકોના અધિકારની પૉલિસીમાં ઉદ્યોગો અને ખાનગી ક્ષેત્રોના સૂચનોની ક્યાં જરૂર છે? કોર્ટે સ્પષ્ટ કર્યું કે જો ડ્રાફ્ટિંગ માટે ૯૦ દિવસનો સમય અપાયો હોય, તો તે પૂરો થયા બાદ અન્ય કોઈ સૂચનો સ્વીકારવાની જરૂર નથી. હાઇ કોર્ટે જણાવ્યું કે બાળ સંરક્ષણ આયોગ માત્ર કાગળ પર નહીં પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર સક્રિય હોવું જોઈએ. જુવેનાઇલ જસ્ટિસ એક્ટના યોગ્ય અમલીકરણ માટે સોશ્યલ ઓડિટ અત્યંત જરૂરી છે. આ ઓડિટ અંતર્ગત જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ, ચાઇલ્ડ કેર હોમ્સ, સ્પેશ્યલ પોલીસ યુનિટ અને અનાથાશ્રમોની કામગીરીનું સતત મોનિટરિંગ થવું જોઈએ જેથી તેની ખામીઓ સુધારી શકાય.

# જોધપુર, આગ્રા અને ગ્વાલિયર એક્સપ્રેસ હવે ગાંધીગ્રામ સ્ટેશનથી ઊપડશે

અમદાવાદઃ શહેરના ગાંધીગ્રામ રેલવે સ્ટેશનની કનેક્ટિવિટી વધારવા માટે રેલવે બોર્ડ દ્વારા એક મોટો નિર્ણય લઈને ત્રણ જોડી એક્સપ્રેસ ટ્રેનોના ટર્મિનલ પોઇન્ટને સાબરમતી રેલવે સ્ટેશનથી બદલીને ગાંધીગ્રામ રેલવે સ્ટેશન કરવાનો પ્રસ્તાવ મંજૂર કર્યો હતો. હવે આ ટ્રેનો ગાંધીગ્રામ સ્ટેશનથી જ ઊપડશે અને ત્યાં જ પોતાની સફર પૂરી કરશે. આ ઉપરાંત, મુસાફરોની સુવિધા માટે આ ટ્રેનોને રસ્તામાં ચાંદખેડા રોડ સ્ટેશન પર પણ સ્ટોપેજ આપવામાં આવશે. આ ફેરફારથી અમદાવાદના મધ્ય વિસ્તારમાં રહેતા તેમ જ બોટાદ, મહુવા કે ભાવનગર તરફ મુસાફરી કરતા લોકોને સીધો ફાયદો થશે, કારણ કે ગાંધીગ્રામ સ્ટેશન મુખ્ય શહેરમાં આવેલું છે અને જાહેર પરિવહન સાથે સારી રીતે જોડાયેલું છે. રેલવે બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર, જોધપુર-સાબરમતી એક્સપ્રેસ (૧૪૮૨૧/૧૪૮૨૨), આગ્રા કેન્ટ-સાબરમતી એક્સપ્રેસ (૧૨૫૪૭/૧૨૫૪૮) અને ગ્વાલિયર-સાબરમતી એક્સપ્રેસ (૨૨૫૪૭/૨૨૫૪૮) નું ટર્મિનલ હવે સાબરમતીના બદલે ગાંધીગ્રામ રહેશે. રેલવે બોર્ડે પશ્ચિમ રેલવેને અનુકૂળ હોય તેવી તારીખથી આ ફેરફાર લાગુ કરવા માટે નિર્દેશ આપ્યા છે.

# રાજકોટમાં એસએમસીના મેગા ઓપરેશન બાદ કાર્યવાહીઃ ૭૦.૩૮ લાખનો દારૂ પકડાતા પીઆઈ વસાવા સસ્પેન્ડ

અમદાવાદઃ રાજકોટના કુવાડવામાં શુક્રવારે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરોડો પાડી જંગલેશ્વરના લિસ્ટેડ બુટલેગર ફિરોઝ સંધીનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યાના બે દિવસમાં જ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ કડક કાર્યવાહી કરતા કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પી.આઇ. વી. આર. વસાવાને સસ્પેન્ડ કર્યા હતા. આ કડક કાર્યવાહીના પગલે સમગ્ર પોલીસ બેડામાં ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ વ્યાપી ગયો છે. રાજકોટના કુવાડવા રોડ પર આવેલા આરકે ૯ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાંથી શુક્રવારે સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) દ્વારા ચોક્કસ બાતમીના આધારે એક મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરોડા દરમિયાન પોલીસ લોકલ નેટવર્કને ઊંઘતું રાખીને અંદાજે રૂપિયા ૭૦.૩૮ લાખની કિંમતનો ૨૧૭ પેટી વિદેશી દારૂનો જથ્થો અને એક ટ્રક સહિત કુલ રૂપિયા એક કરોડથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. આ સમગ્ર રેડ દરમિયાન સ્થળ પરથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જેની સઘન પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે આ વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર બીજું કોઈ નહીં પણ જંગલેશ્વર વિસ્તારનો કુખ્યાત લિસ્ટેડ બુટલેગર ફિરોઝ સંધી હતો. આ ઉપરાંત ઘટના સ્થળેથી મળી આવેલી કારના માલિક સુલતાન સંધી, ટ્રકચાલક, બોલેરોચાલક અને દારૂનો જથ્થો મોકલનાર સહિત અન્ય ફરાર છ શખસ સામે ગુનો નોંધીને કાયદેસરની તપાસ શરૂ કરવામાં આવી છે. સ્થાનિક પોલીસની નાક નીચે ચાલતા આટલા મોટા ગેરકાયદેસર કારોબાર અને કથિત બેદરકારીને ગંભીરતાથી લઈને રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ કુવાડવા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર (પીઆઇ) વી. આર. વસાવાને તાત્કાલિક અસરથી ફરજ પરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો હતો.

# છોટાઉદેપુરના કદવાલમાં વહેલી સવારે રીંછનો આધેડ પર હુમલો, ગંભીર હાલતમાં હૉસ્પિટલમાં દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સિંહ, દીપડા અને રીંછના હુમલાની ઘટના ચિંતાજનક રીતે વધી છે. છોટાઉદેપુર જિલ્લાના કદવાલના વસંતગઢ ગામમાં વહેલી સવારે એક હિંસક રીંછે ઘર બહાર નીકળેલા એક આધેડ વ્યક્તિ પર જીવલેણ હુમલો કરી દીધો હતો. આ અચાનક થયેલા હુમલાને પગલે સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે અને ભયભીત થયેલા ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ તાત્કાલિક ધોરણે આ વિસ્તારમાં પાંજરું મૂકી રીંછને પાંજરે પૂરવા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા ઉગ્ર માગ કરી હતી. વસંતગઢ ડેમ સાઈડ વિસ્તારમાં રહેતા ૫૨ વર્ષીય બળવંતસિંહ મથુરસિંહ રાઠવા રવિવારે સવારે લગભગ પાંચ વાગ્યે પોતાના ઘરની બહાર લઘુશંકા માટે નીકળ્યા હતા. તે સમયે નજીકના જંગલ વિસ્તારમાંથી અચાનક એક રીંછ બહાર આવ્યું અને તેમના પર હુમલો કર્યો હતો. ખૂનખાર રીંછના હુમલામાં બળવંતસિંહને છાતીના ભાગે અને ગળાની ઉપર જમણી બાજુ ગંભીર ઇજાઓ થઈ હતી. તેમની બૂમાબૂમ સાંભળીને પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવ્યા હતા. લોકોનો અવાજ સાંભળીને રીંછ જંગલ તરફ નાસી છૂટ્યું હતું.

# ગાંધીનગરમાં મહેસૂલ વિભાગનો મોટો વહીવટી ફેરફારઃ ૭૧ ક્લાર્કની સામૂહિક બદલી

અમદાવાદઃ ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે વહીવટી માળખું સુધારવા માટે એક મોટો નિર્ણય લીધો હતો. મહેસૂલ વિભાગે રાજ્યભરના ૭૧ ક્લાર્કની એકસાથે બદલીનો આદેશ આપ્યો હતો. સચિવાલય કક્ષાએથી લેવાયેલા આ આદેશ મુજબ, લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા મહેસૂલી ક્લાર્કોને તાત્કાલિક અસરથી નવી જગ્યાએ રિપોર્ટ કરવા સૂચના આપવામાં આવી છે, સરકારના આ પગલાથી વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. જોકે આગામી દિવસોમાં પણ સરકાર વહીવટી સુધારણા માટે આ પ્રકારના અન્ય ફેરબદલ કરી શકે છે.

આ સામૂહિક બદલીનો હેતું વહીવટી કામગીરીને વધુ સુદૃઢ, પારદર્શક અને ઝડપી બનાવવાનો છે. રાજ્યની વિવિધ જિલ્લા કચેરીઓમાં સેવા આપતા આ કર્મચારીઓની બદલી પાછળ પડતર ફાઈલોના ઝડપી નિકાલ અને વહીવટી પ્રક્રિયામાં નવી ઊર્જા લાવવાનો સરકારનો પ્રયાસ છે. તમામ બદલી પામેલા ક્લાર્કોએ નિયત સમયમર્યાદામાં પોતાનો ચાર્જ સંભાળવાનો રહેશે. સામૂહિક બદલીઓ બાદ હવે નવી જગ્યાએ હાજર થયેલા ક્લાર્કોની કામગીરી પર ઉચ્ચ અધિકારીઓ દ્વારા ખાસ નજર રાખવામાં આવશે. આ નિર્ણય બાદ સરકારી કચેરીઓમાં કામગીરીની ઝડપમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. સરકારી તંત્રમાં 'નવું લોહી' ઉમેરવાની રણનીતિના ભાગરૂપે આ પગલું લેવાયું હોવાનું મનાઈ રહ્યું છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસે અમિત શાહ, ભૂપેન્દ્ર પટેલ સહિત ગુજરાતમાં સવા કરોડથી વધુ લોકોએ કર્યા યોગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૨૧ જૂનના રોજ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના અનેક શહેરોમાં યોગ દિવસની ઉજવણી માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરના માણસા ખાતે વિશ્વ યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. તેમણે સૌ નાગરિકોને યોગ માત્ર એક દિવસનો કાર્યક્રમ ન રહેતા આપણી રોજિંદી જીવનશૈલીનો ભાગ બનાવવાનુ આહ્વાન કર્યુ હતું. આ સાથે જ સમગ્ર રાજ્યમાં એક સાથે આશરે સવા કરોડથી વધુ લોકોએ અલગ અલગ સ્થળેથી આ ઉજવણીમાં જોડાઈને યોગાભ્યાસ કર્યો હતો.

અમદાવાદ શહેરમાં ૪૮થી વધુ સ્થળોએ સામૂહિક યોગાભ્યાસ યોજાયો હતો. જેમાં પ્રહલાદનગર ગાર્ડન ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહે તેમના લોકસભા મતવિસ્તારના ૧૦૦ જેટલા પ્રબુદ્ધ નાગરિકો સાથે યોગ કર્યા હતા. જ્યાં તેમની સાથે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

યોગ દિવસે મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે આપણી સનાતન પ્રાચીન યોગ સંસ્કૃતિને આજે વિશ્વભરમાં સ્વીકૃતિ મળી છે. આજના તણાવપૂર્ણ જીવનમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવા ગંભીર રોગો સામે યોગ એ સ્વાસ્થ્યપ્રદ જીવનનો સૌથી સરળ અને સચોટ માર્ગ છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં વિવિધ સ્થળે આજના ૧૨મા વિશ્વ યોગ દિવસે સમગ્ર ગુજરાતમાં ૩૩૦થી વધુ સ્થળોએ સવા કરોડથી પણ વધુ લોકો સામૂહિક યોગમાં જોડાયા છે. તેમણે યોગના પ્રસાર-પ્રચાર માટે ગુજરાતની આગવી સિદ્ધી અંગે વાત કરી હતી કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧.૫ લાખ યોગ ટ્રેનર તૈયાર કરી દેશમાં સૌથી વધુ ટ્રેનર બનાવવાની સિદ્ધિ મેળવી છે.

# રાજયના સમુદ્ર કિનારાના વિસ્તારમાં અંદાજે ૬૮૦થી વધુ ડોલ્ફિનની હાજરીઃ અર્જુન મોઢવાડિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વન્યજીવોની સાથે સાથે સૌથી સુંદર અને આકર્ષક જળચર એવા 'ડોલ્ફિન'ના સંરક્ષણ-સંવર્ધનમાં ગુજરાતે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. વર્ષ-૨૦૨૫ની છેલ્લી ગણતરી મુજબ ગુજરાતના ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦થી વધુ ડોલ્ફિન નોંધાઈ છે. ગુજરાતના પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ એવા શિવરાજપુર અને પોશિત્રાનો દરિયાકિનારો ડોલ્ફિન માટે 'બેસ્ટ સ્પોટ' તરીકે પણ ઓળખાય છે. અહીં પાણી ખૂબ જ સ્વચ્છ હોવાથી ડોલ્ફિન સરળતાથી દેખાઈ આવે છે. વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, કચ્છના અખાતના દક્ષિણી ભાગમાં આવેલા મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીના, ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા ૧,૩૮૪ ચો.કિ.મીનીના વિસ્તારમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફિન હોવાની સંભાવના છે. જ્યારે કચ્છના અખાતના ઉત્તર તરફના ભાગમાં કચ્છ વર્તુળ હેઠળના ૧,૮૨૧ ચો.કિ.મી.માં ૧૬૮, ભાવનગરના ૪૯૪ ચો.કિ.મી.માં ૧૦ તેમજ મોરબીના ૩૮૮ ચો.કિ.મી.માં ચાર ડોલ્ફિન જોવા મળી છે. આમ,કચ્છના અખાતમાં આવેલો આ ભારતનો પ્રથમ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન ડોલ્ફિનનું મુખ્ય ઘર છે.

સમુદ્રી દરિયાઇ સસ્તન પ્રાણીઓના કેટલાક ટોચના શિકારી આહાર શૃંખલામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને સમુદ્રી ઇકોસિસ્ટમમાં સંતુલન સુનિશ્ચિત કરવામાં પણ મદદ કરે છે. આ ડોલ્ફિનને બચાવવામાં કચ્છથી ભાવનગર સુધી દરિયામાં માછીમારી કરતા માછીમાર ભાઈઓનું યોગદાન પણ એટલું જ મહત્ત્વનું છે. આ સર્વગ્રાહી પ્રયાસોના પરિણામે ગુજરાતના દરિયા કિનારે જોવા મળતી ડોલ્ફિન દેશ - વિદેશના પ્રવાસીઓ માટે નવું આકર્ષણ કેન્દ્ર બન્યું છે. ડોલ્ફિન એ લુપ્ત થતી પ્રજાતિઓમાં સામેલ હોવાથી ડોલ્ફિનનો શિકાર કે નુકશાન પહોંચાડવું તે બિન-જામીનપાત્ર ગુનો છે. ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં મુખ્યત્વે ઇન્ડો-પેસિફિક હમ્પબેક ડોલ્ફિન તેમજ બોટલનોઝ ડોલ્ફિન એમ બે પ્રકારની ડોલ્ફિન સૌથી વધુ જોવા મળે છે. હમ્પબેક ડોલ્ફિન વધારે પ્રમાણમાં અરબી સમુદ્રમાં મળી આવે છે, તેને વિશિષ્ટ ખૂંધ અને વિસ્તરેલી ડોર્સલ ફિન એટલે કે, પૂંછડીથી ઓળખી શકાય છે.

# ગાંધીનગર એસબીઆઈના સસ્પેન્ડેડ મેનેજર સામે ₹ ૧.૧૮ કરોડની ઉચાપતનો સીબીઆઈમાં ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા ગાંધીનગરના કડજોદરા ખાતે આવેલી સ્ટેટ બૅન્ક ઓફ ઇન્ડિયા (એસબીઆઈ)ની શાખાના તત્કાલીન બ્રાન્ચ મેનેજર અમલેશ ગામિત વિરુદ્ધ રૂ. ૧.૧૮ કરોડની લોન છેતરપિંડી અને નાણાકીય ઉચાપતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદની વિગતો અનુસાર, આરોપીએ તેના સત્તાવાર હોદ્દાનો દુરુપયોગ કરીને વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ દરમિયાન ગંભીર નાણાકીય ગેરરીતિઓ આચરી હતી. તપાસમાં બહાર આવ્યું હતું કે તેણે કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી), મુદ્રા ડેરી લોન અને અન્ય કૃષિ લોન હેઠળ મંજૂર કરાયેલી રકમની વારંવાર ઉચાપત કરી હતી.

મળતી વિગતો અનુસાર, આરોપી મેનેજર ગ્રાહકોની જાણ બહાર છેતરપિંડીભર્યા વ્યવહારો કરતો હતો. તે કેસીસી ખાતાધારકો પાસેથી સહી કરેલા કોરા ઉપાડ ફોર્મ અને સિક્યોરિટી ચેક મેળવી લેતો હતો અને ગ્રાહકોની જાણ બહાર જ તેમના ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરી લેતો હતો. તપાસમાં બૅન્કના પાર્કિંગ એકાઉન્ટમાં શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા હતા, આરોપી જુદા જુદાખાતાઓમાંથી નાણાં ડાયવર્ટ કરવા માટે આ એકાઉન્ટનો ઉપયોગ કરતો હતો. આ નાણાં કામચલાઉ ધોરણે પાર્કિંગ એકાઉન્ટમાં રાખવામાં આવતા અને ત્યારબાદ કોઈપણ કાયદેસરના બૅંકિંગ હેતુ વિના અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી દેવાતા હોવાનું જાણવા મળ્યું હતું.

ફરિયાદમાં આ ભંડોળ આરોપી અધિકારીના પિતા, સંબંધીઓ અને મિત્રોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું.

# લતીફ ગેંગનો શૂટર મોહમ્મદ તસ્લીમ રાજસ્થાનથી ઝડપાયો, છેલ્લાં સાત વર્ષથી ફરાર હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના કુખ્યાત અંડરવર્લ્ડ ડોન અબ્દુલ લતીફ ગેંગનો શૂટર અને રાધિકા જિમખાના હત્યાકાંડનો ગુનેગાર મોહમ્મદ તસ્લીમ (મોહમ્મદ તસ્લીમ મોહમ્મદ ઉમર શેખ)ની રાજસ્થાનથી ધરપકડ કરી હતી. વર્ષ ૨૦૧૯માં કામચલાઉ પેરોલ રજા દરમિયાન કાનૂની કસ્ટડીમાંથી ભાગી ગયેલો આ આરોપી છેલ્લાં સાત વર્ષથી ફરાર હતો. ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે આરોપી શૂટરને રાજસ્થાનથી ઝડપી પાડવામાં આવ્યો હતો. તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને સાબરમતી સેન્ટ્રલ જેલમાં પરત મોકલવા માટેની જરૂરી કાનૂની પ્રક્રિયાઓ કરવામાં આવી છે. વર્ષ ૧૯૯૦ના દાયકામાં ગેંગ વોરની ચરમસીમા દરમિયાન મોહમ્મદ તસ્લીમ સૌથી ક્રૂર અને વિશ્વસનીય શાર્પ શૂટરોમાંનો એક હતો. ઓક્ટોબર ૧૯૯૨માં, મોહમદ તસ્લીમ અને તેના સાગરીતોએ પૂર્વ રાજ્યસભા સાંસદ અને કોંગ્રેસના દિગ્ગજ નેતા રાઉફ વલીઉલ્લાહની ધોળા દિવસે જાહેરમાં ગોળીઓ મારીને હત્યા કરી દીધી હતી. આરોપી મોહમ્મદ તસ્લીમ રાધિકા જિમખાના સામૂહિક હત્યાકાંડ અને પૂર્વ રાજ્યસભા સાંસદ અને કોંગ્રેસના દિગ્ગજ નેતા રાઉફ વલીઉલ્લાહ હત્યા કેસમાં અદાલત દ્વારા આજીવન કેદની સજા પામેલો ગુનેગાર છે. તે વર્ષ ૨૦૧૯માં પેરોલ કૂદી ગયા પછી તે પોલીસથી બચવા માટે સતત પોતાની ઓળખ, રહેઠાણનાં સ્થાનો અને સંદેશાવ્યવહારની પદ્ધતિઓ બદલીને અનેક રાજ્યોમાં આશ્રય લઈ રહ્યો હતો.

# વડોદરાના અટલાદરામાં વ્યાજખોરોના ત્રાસથી આધેડે ઝેરી દવા પીને આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના અટલાદરા વિસ્તારમાં વ્યાજખોરોના અમાનુષી ત્રાસથી કંટાળીને વધુ એક નિર્દોષ નાગરિકે પોતાનું જીવન ટૂંકાવતા ચકચાર મચી ગઈ હતી. વ્યાજના વિષચક્રમાં ફસાયેલા શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ સતત વધી રહ્યો છે, જેનો તાજો શિકાર અટલાદરા વિસ્તારના કલાલી વુડાના મકાનમાં રહેતા ૫૫ વર્ષીય રાજુભાઈ ઠાકોર બન્યા હતા. રાજુભાઈના મોતના સમાચાર મળતા જ પરિવારમાં શોકનો માહોલ સર્જાયો હતો. આ સમગ્ર મામલે અટલાદરા પોલીસ સ્ટેશન દ્વારા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે સુસાઇડ નોટ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી અને ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. મૃતક રાજુભાઈ ઠાકોરના પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યો હતો કે, રાજુભાઈ છેલ્લા કેટલાક સમયથી વ્યાજખોરના અસહ્ય માનસિક અને શારીરિક ત્રાસથી પીડાઈ રહ્યા હતા, જેના કારણે તેમણે આ આત્મઘાતી પગલું ભર્યું છે. મૃતક રાજુભાઈએ આત્મહત્યા કરતા પહેલા એક સુસાઇડ નોટ લખી હતી. આ સ્યૂસાઈડ નોટમાં માંજલપુર વિસ્તારના મિહિર રામલાવત નામના શખ્સ પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. વિગતો મુજબ, રાજુભાઈએ બે વર્ષ પહેલાં મિહિર પાસેથી ૨૦,૦૦૦ લીધા હતા. આ રકમ વ્યાજ સહિત પૂરેપૂરી ચૂકવી દેવાઈ હોવા છતાં, આરોપી મિહિર અવારનવાર વધુ નાણાંની માંગણી કરીને ધમકીઓ આપતો હતો અને માનસિક રીતે ટોર્ચર કરતો હતો. પરિવારના આક્ષેપ અનુસાર, વ્યાજખોરનો આતંક એટલો વધી ગયો હતો કે ગત ૧૬ જૂનના રોજ આરોપીએ રાજુભાઈને રસ્તામાં રોક્યા હતા. ત્યાં તેમની સાથે જાહેરમાં મારપીટ કરવામાં આવી હતી અને તેમની પાસેથી રોકડ રકમ તેમ જ તેમનો મોબાઈલ ફોન પણ બળજબરીપૂર્વક છીનવી લેવામાં આવ્યો હતો. આ ભયંકર માનસિક આઘાત અને ગ્લાનિથી દુઃખી થઈને રાજુભાઈએ તેના બીજા જ દિવસે, એટલે કે ૧૭ જૂને ઝેરી દવા પીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર માટે ગોત્રી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં તેમની ગંભીર હાલતને જોતા તેમને આઇસીયુમાં રાખવામાં આવ્યા હતા.

# પંચમહાલમાં ગોધરા-શહેરા રોડ પર કાર પલટી, સાળા-બનેવીનું કમકમાટીભર્યું મોત, બે ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માર્ગ અકસ્માતો સતત વધી રહ્યા છે. પંચમહાલ જિલ્લાના ગોધરા-શહેરા હાઈવે પર એક ગમખ્વાર અકસ્માતમાં બે લોકોનાં મોત થયાં હતાં. ગોધરાથી શહેરા તરફ પરત ફરી રહેલી એક અલ્ટો કારના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો, જેના કારણે કાર જૂના મોર ડુંગરા ગામ પાસે ધડાકાભેર પલટી મારી ગઈ હતી. આ અકસ્માત એટલો પ્રચંડ હતો કે કારમાં મુસાફરી કરી રહેલા કિરણ દિનેશભાઈ પટેલ અને મહેશભાઈ ખાંટ નામના બે યુવાનોએ ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું. આ બંને સંબંધમાં સાળા-બનેવી થતા હતા તેવું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. આ અકસ્માતમાં કારમાં સવાર અન્ય બે લોકોને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી છે.

અકસ્માતના પગલે મોટી સંખ્યા લોકો ઘટનાસ્થળે એકઠા થયા હતા અને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી અને પોલીસ તેમજ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ગોધરાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે બંને મૃતક યુવાનોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપીને અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ બંને આશાસ્પદ યુવાનોના અકાળે અને કરુણ નિધનથી સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું હતું.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 146 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 June 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૨૨ જૂન ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## અમદાવાદમાં ‘નીટ’ વખતે ધમાલ: લાખો વિદ્યાર્થીઓએ મેડિકલની પ્રવેશ પરીક્ષા આપી




(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશની મેડિકલ કૉલેજોમાં પ્રવેશ માટેની પરીક્ષા - નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ - અન્ડરગ્રેજ્યુએટ (નીટ-યુજી) ૨૧ જૂન, રવિવારે યોજાઈ ત્યારે અમદાવાદના પરીક્ષા કેન્દ્ર ખાતે ભારે ધમાલ થઈ હતી. અમદાવાદના વસ્ત્રાપુરમાં આવેલી એક કૉલેજમાં હિજાબ પહેરીને પ્રવેશ આપવા મુદ્દે વિવાદ થયો હતો.

અમદાવાદના વસ્ત્રાપુરમાં આવેલી આર. જે. ટીબરેવાલ કૉલેજમાં ભારે વિવાદ થયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉમેદવારોના વાલીઓએ આક્ષેપ કર્યો હતો કે એનટીએના પરીક્ષા નિયમોના નામે અગાઉ હિન્દુ બાળકોના હાથના દોરા અને ગળાની કંઠી કે માળાને કાઢી લેવામાં આવી હતી. જો કે, એક છોકરી હિજાબ પહેરીને આવી હતી, આથી પોલીસના સ્ટાફ દ્વારા તેને રોકવામાં પણ આવી હતી. જો કે, આ બાબતે તેણે બબાલ કરી હતી અને અંતે તેને પરીક્ષા આપવા દેવામાં આવી હતી. વાલીઓએ સંસ્થા પર પરીક્ષામાં અપનાવવામાં આવી રહેલા બેવડા ધોરણો સામે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે પરીક્ષાના નિયમો બધા માટે સરખા હોવા જોઈએ, કોઇ એક વર્ગને વિશેષ સુવિધા અને અન્યને અન્યાય ન થવો જોઈએ.

જો કે, બાદમાં આ બનાવની જાણ જ્યારે વિશ્વ હિન્દુ પરિષદને થઈ ત્યારે તેના કાર્યકરો કૉલેજ પર પહોંચી ગયા હતા. કૉલેજ પરિસરમાં કોઇ અન્ય બનાવ ન બને તે માટે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસે ત્રણ કાર્યકર્તાની અટકાયત કરી લીધી હતી. બીજી તરફ ઑલ ઇન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ)ના કાર્યકરો પણ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા, પરંતુ પોલીસે તેઓને બહારથી જ પરત મોકલી દીધા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગત ૩ મેના રોજ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા ‘નીટ’ની પરીક્ષા લેવામાં આવી હતી, પરંતુ તેમાં પેપર લીક અને અન્ય ગેરરીતિઓનો આક્ષેપ થયો હતો. બાદમાં સમગ્ર પરીક્ષા રદ કરી દેવામાં આવી હતી

(જુઓ પાનું ૨) ▶▶

### પાણીને મુદ્દે ભારત સાથે યુદ્ધ કરવાની પાકની ધમકી

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે રવિવારે જણાવ્યું હતું કે ભારત જો અમારી નદીનું પાણી રોકશે અને પાકિસ્તાનમાં જળ સંકટ ઊભું થશે, તો અમે ભારત સાથે યુદ્ધ કરીશું.

અગાઉ, જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ સામાન્ય નાગરિકો પર કરેલા હુમલાને પગલે ભારતે ૧૯૬૦ના સિંધુ જળ કરાર રદ કર્યા હતા અને તેને લીધે પાકિસ્તાનમાં પાણીનું સંકટ ઊભું થયું છે.

અગાઉ, પાકિસ્તાનના પ્રમુખ અને વડા પ્રધાને પણ સિંધુ જળને મુદ્દે ભારત સાથે યુદ્ધ કરવાની ધમકી આપી હતી.

પાકિસ્તાનના પ્રમુખે તો એમ પણ જણાવ્યું હતું કે ભારત જો સિંધુનું જળ રોકીને પાકિસ્તાનમાં જળ સંકટ ઊભું કરશે, તો લોહીની નદી વહેશે. ■

### વૈભવનો વર્લ્ડ રેકૉર્ડ

દમ્બુલાઃ ક્રિકેટમાં લિસ્ટ-એ સ્તરના ખેલાડીઓમાં પણ વિશ્વવિક્રમો બનતા હોય છે અને એવો એક વર્લ્ડ રેકૉર્ડ ગઈ કાલે ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીએ પોતાના નામે કર્યો હતો. તેણે ઇન્ડિયા-એ વતી શ્રીલંકા-એ સામેની મૅચમાં ફક્ત ૧૧ બૉલમાં હાફ સેન્ચુરી ફટકારી હતી જેમાં પાંચ છગ્ગા અને પાંચ ચોગ્ગા સામેલ હતા. વૈભવે ભૂતપૂર્વ શ્રીલંકન ખેલાડી વીરરત્નેનો ૧૨ બૉલના ફિફ્ટીનો વિક્રમ તોડી નાખ્યો છે. જોકે વૈભવે ગઈ કાલની મૅચમાં ૨૯ બૉલમાં કુલ આઠ છગ્ગા અને દસ ચોગ્ગા સાથે ૯૪ રન બનાવ્યા હતા અને ઉતાવળે સદી પૂરી કરવા જતાં કૅચઆઉટ થઈ ગયો હતો. તે લિસ્ટ-એની સંયુક્ત ફાસ્ટેસ્ટ સેન્ચુરીના વિક્રમથી વંચિત રહ્યો હતો. વૈભવના ૯૪ રનની મદદથી ભારતે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૩૭૭ રન બનાવ્યા હતા. ■

### નૌકાદળમાં ત્રણ જહાજ સમાવાયા

કોલકાતાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નૌકાદળમાં ત્રણ નવા સ્વદેશી રીતે નિર્મિત યુદ્ધ જહાજો સોંપ્યા હતા. રવિવારે કોલકાતાના શ્યામા પ્રસાદ મુખર્જી બંદર પર આયોજિત એક ભવ્ય સમારોહમાં વડા પ્રધાન મોદીએ ત્રણ યુદ્ધ જહાજો ‘આઈએનએસ અગ્રય’, ‘આઈએનએસ દૂનાગિરી’ અને ‘આઈએનએસ સંશોધક’ નૌકાદળને સોંપ્યા હતા. ‘‘મેક ઇન ઇન્ડિયા’’ હેઠળ બનાવવામાં આવેલા આ ત્રણ યુદ્ધ જહાજો હવે હિંદ મહાસાગર અને તેનાથી આગળ ભારતનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ ત્રણ જહાજો દરિયાઈ યુદ્ધ, હાઇડ્રોગ્રાફિક સર્વે અને સબમરીન વિરોધી યુદ્ધ ક્ષેત્રોમાં ભારતની તાકાત વધારશે.

વડા પ્રધાન મોદીએ વધુમાં કહ્યું હતું કે, ‘‘ભારત હંમેશાં સમુદ્રને સહયોગનું માધ્યમ માનતું આવ્યું છે, પરંતુ ભારત એ પણ જાણે છે કે

(જુઓ પાનું ૨) ▶▶

### ઇડી દ્વારા ₹ ૧,૦૨૩ કરોડની સંપત્તિ જપ્ત

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ રવિવારે જણાવ્યું હતું કે તેણે ગોવામાં કથિત ગેરકાયદેસર આયર્ન ઓર (લોખંડ) માઈનિંગ કેસના સંદર્ભમાં ૧,૦૨૩ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરી છે જેમાં સિંગાપોરમાં રહેલી સંપત્તિ પણ સામેલ છે. ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સલગાંવકર ગ્રૂપ એન્ડ એસોસિએટ્સ (એવીએસ ગ્રૂપ) દ્વારા મોટા પાયે ગેરકાયદેસર આયર્ન ઓર ખાણકામ કેસના સંદર્ભમાં મની લોન્ડરિંગ કાયદા

(જુઓ પાનું ૨) ▶▶

### દુનિયાભરમાં યોગ દિનની ઉજવણી

બેઇજિંગ/વોશિંગ્ટન : વિશ્વભરના હજારો યોગ પ્રેમીઓએ રવિવારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગ પર વિદેશોમાં સ્થિત ભારતીય દૂતાવાસોએ એવા કાર્યક્રમ આયોજિત કર્યા જેમાં આરોગ્ય અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવામાં યોગની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.ચીનમાં શાંઘાઈના બેન્ડ ફાઇનાન્સ સેન્ટર ખાતે ભારતના કોન્સ્યુલેટ જનરલ દ્વારા આયોજિત યોગ દિવસની ઉજવણીમાં

(જુઓ પાનું ૨) ▶▶

### હોર્મુઝ ઓળંગી બે જહાજ બુધવારે ગુજરાત પહોંચશે

નવી દિલ્હીઃ ભારતીય ધ્વજવાળા ત્રણ ક્રૂડ ઑઇલ ટેન્કર શનિવારે હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થયા હતા. આ ત્રણેય ક્રૂડ ઑઇલ ટેન્કરો-દેશ વૈભવ, દેશ વિભોર અને સનમાર હેરાલ્ડ ૨૪ જૂનથી ૧ જુલાઇ વચ્ચે ભારત પહોંચવાની શક્યતા છે. આ ટેન્કરો પર ૯૪ ક્રૂ સભ્યો અને ૮.૬ લાખ મિલિયન ટનથી વધુ કાર્ગો છે. આ જાણકારી કેન્દ્રીય પ્રધાન સર્બાનંદ સોનોવાલે આપી હતી.

‘દેશ વૈભવ’ નામનું ટેન્કર ૨૪ જૂન એટલે કે બુધવારના રોજ ગુજરાતના વાડીનાર બંદર પહોંચવાની ધારણા છે, જ્યારે ‘દેશ વિભોર’ પણ તે જ દિવસે ગુજરાતના સિક્કા બંદરે

(જુઓ પાનું ૨) ▶▶

### હોર્મુઝ ખાડીમાં ટોલ વસૂલવાની ટ્રમ્પની ધમકી

વોશિંગ્ટનઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે ચાલી રહેલા ૬૦ દિવસના યુદ્ધવિરામ કરાર અંગે એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. તેમણે સ્પષ્ટતા કરી છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં જહાજો પાસેથી કોઈ કર કે ટોલ વસૂલવામાં આવશે નહીં. આ મુક્તિ ૬૦ દિવસના કરાર દરમિયાન અને પછી પણ ચાલુ રહેશે. જોકે, તેમણે એક શરત પણ મૂકી છે. જો અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ મંત્રણા નિષ્ફળ જાય છે

(જુઓ પાનું ૨) ▶▶

### બ્રિટને ઑઈલ ટેન્કરના ભારતીય કેપ્ટનની કરી ધરપકડ

લંડનઃ બ્રિટને રશિયન શેડો ફ્લીટ ઓઇલ ટેન્કરના ભારતીય કેપ્ટન અજય પંતને ઇંગ્લિશ ચેનલમાં અટકાવવામાં આવ્યા બાદ તેની ધરપકડ કરી છે. કેપ્ટન પર રશિયા પર લાદવામાં આવેલા પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. ઉત્તરાખંડના નૈનિતાલના રહેવાસી અજય પંતની પત્ની અને પરિવારે ભારત સરકારને તેમની તાત્કાલિક મુક્તિ અને તેમના વતન પરત ફરવાની અપીલ કરી છે. ૩૮ વર્ષીય અજય પંત ઓઈલ ટેન્કર એમવી સ્મિર્ટોસના માસ્ટર

(જુઓ પાનું ૨) ▶▶




## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશમાં હિંદુઓની મર્દાનગી, ઝૂકેગા નહીં સાલા

**બાંગ્લાદેશમાં** ફરી એક વાર હિંદુઓ રસ્તા પર ઉતર્યા છે અને હિંદુત્વનો નાદ ગાજી રહ્યો છે. હિંદુઓના આક્રોશનું કારણ ભગવાન રામની ૮૧ ફૂટ ઊંચી પ્રતિમા રોકી દેવાઈ એ છે. રંગપુરના ઉત્તરી ગાયબંધા જિલ્લાના પલાશવાડીમાં ભગવાન રામની ૮૧ ફૂટ ઊંચી પ્રતિમા સ્થાપિત કરાઈ રહી છે તેથી મુસ્લિમ કટ્ટરવાદીઓને મરચાં લાગી ગયાં. તેમણે હિંદુઓને ધમકીઓ આપીને પ્રતિમાનું કામ રોકવા બહુ ધમપછાડા કર્યા પણ હિંદુઓ ના માન્યા એટલે દેખાવો કરીને ભગવાન શ્રી રામની તસવીર પર જૂતાંનો હાર પહેરાવીને અપમાન કરાયું.

દેખાવો દરમિયાન હિંદુઓ વિરુદ્ધ ઉશ્કેરણીજનક ભાષણો થયાં ને હિંદુ દેવ-દેવીઓનાં અપમાન કરાયાં. કટ્ટરવાદી નેતાઓએ પ્રતિમા નિર્માણના પ્રોજેક્ટ હાથ ધરનારા શ્રી શ્રી રાધા ગોવિંદ મંદિર સમિતિના હોદ્દેદારોને પતાવી દેવાની ધમકીઓ આપી. એક કટ્ટરવાદી નેતાએ તો હિંદુઓ પ્રતિમા નિર્માણનું કામ ના રોકે તો બુલડોઝરથી પ્રતિમા તોડી નાખવાની ધમકી ખુલ્લેઆમ આપી.

આ ધમકીથી ડરેલી શ્રી શ્રી રાધા ગોવિંદ મંદિર સમિતિએ તાત્કાલિક પ્રતિમાનું કામ અટકાવી દીધું. સમિતિએ હિંદુએને આ ધમકીઓની જાણ કરતાં હિંદુઓએ એકઠા થઈને પોલીસ ફરિયાદ કરી. પોલીસે ફરિયાદ નોંધી પણ કોઈ કાર્યવાહી ના કરી તેથી હિંદુઓ ભડક્યા છે. હિંદુઓએ બાંગ્લાદેશની તારીક રહેમાન સરકારને ધમકી આપનારાં સામે પગલાં લેવાં ૭૨ કલાકનું અલ્ટિમેટમ આપ્યું છે.

હિંદુઓના ૭૨ કલાકના અલ્ટિમેટમ પછી પણ સરકાર કોઈ પગલાં નહીં લે તો દેશવ્યાપી આંદોલન થશે. હિંદુ મહાજોટે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, રામ મૂર્તિનું નિર્માણ ફરીથી શરૂ કરવા દેવામાં નહીં આવે તો બાંગ્લાદેશના તમામ ૬૪ જિલ્લામાં એક પછી એક રામ મંદિરનું નિર્માણ કરશે. હિંદુઓ પ્રચંડ વિરોધ કરશે ને તેનું ટ્રેલર હિંદુઓ અત્યારે બતાવી રહ્યા છે. બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં શુક્રવારે હજારો હિંદુઓ ઉમટી પડ્યા અને 'જય શ્રી રામ'ના જયઘોષનો ટંકાર કરીને સરકાર તથા કટ્ટરવાદીઓને મેસેજ આપી દેવાયો કે, બાંગ્લાદેશમાં હિંદુઓ ભલે ઓછા હોય પણ બંગડીઓ પહેરીને બેઠા નથી.

ઢાકામાં હિંદુઓએ અલગ અલગ ઠેકાણે દેખાવો કરીને બાંગ્લાદેશ સરકાર પર દબાણ ઊભું કરી દીધું છે. હિંદુ સંગઠનો અને વિદ્યાર્થી નેતાઓએ શાહબાગ ચોકમાં ઉગ્ર દેખાવો કર્યા ને પછી નેશનલ પ્રેસ ક્લબ સામે માનવ સાંકળ બનાવીને શક્તિપ્રદર્શન કર્યું. હિંદુઓના એક જૂથે ઢાકા રિપોર્ટર્સ યુનિટી ઇમારત પાસે દેખાવો કર્યા તો રંગપુરમાં હજારો હિંદુઓને જોઈને પોલીસ હક્કાબક્કા રહી ગઈ. પોલીસે દેખાવકારોને રોકતાં અથડામણ પણ થઈ.

બાંગ્લાદેશમાં હિંદુઓને ટાર્ગેટ કરવાની વાત નવી નથી. શેખ હસીના બાંગ્લાદેશ છોડીને ભાગ્યાં એ પહેલાંથી હિંદુઓ પર હુમલા શરૂ થઈ ગયેલા. હસીના ભાગ્યાં પછી બાંગ્લાદેશ પર લશ્કરનો કબજો થઈ ગયેલો તેથી કટ્ટરવાદીઓ ફાટીને ધુમાડે ગયેલા. ઓગસ્ટ ૨૦૨૪માં શેખ હસીના સરકારના પતન પછી બાંગ્લાદેશમાં હિંદુઓ સહિત લઘુમતીઓ પર ૨,૮૩૯ હુમલા થયા છે.

બાંગ્લાદેશ હિંદુ બૌદ્ધ ખ્રિસ્તી એકતા પરિષદે આપેલા આંકડા પ્રમાણે, ૨૦૨૪માં ૨,૦૧૦ હુમલા થયા જ્યારે ૨૦૨૫માં ૫૨૨ અને ૨૦૨૬ના પ્રથમ ૩ મહિનામાં ૧૩૩ હુમલા થયા છે. છેલ્લાં બે વર્ષમાં જ હિંદુઓની ૧૦૦થી વધુ હત્યાઓ, બળાત્કાર, ઘર-દુકાન પર હુમલા, મંદિરો-પ્રતિમાઓની તોડફોડ, લૂંટ, આગચંપી અને જમીન પચાવી પાડવા જેવી ગંભીર ઘટનાઓ બની છે.

હિંદુઓ પર હુમલા કરાવીને ડરાવવાની સાથે સાથે તેમની ધાર્મિક ઓળખ ખતમ કરી નાખવાની મથામણ પણ થઈ રહી છે. તેના ૨૦૨૫માં કટ્ટરપંથીઓના વિરોધના કારણે સરકારે ઢાકામાં દુર્ગા મંદિર તોડી પાડ્યું હતું. ૨૦૨૪માં ઢાકાના ઉત્તરામાં દુર્ગા પૂજા મૂર્તિ સ્થાપના સામે કટ્ટરવાદીઓએ વિરોધ કરતાં તેનું સ્થાન પણ બદલવું પડ્યું હતું. હવે તેમણે ભગવાન શ્રી રામની પ્રતિમા સામે વાંધો લીધો છે કેમ કે આ પ્રતિમા બાંગ્લાદેશમાં હિંદુ આસ્થાનું કેન્દ્ર બની જશે એવો મુસ્લિમ કટ્ટરવાદીઓને ડર છે.

આશરે ૨૨ કરોડ બાંગ્લાદેશી ટાકા એટલે કે લગભગ રૂ. ૧૫.૬ કરોડના ખર્ચે હાથ ધરાયેલા પ્રોજેક્ટમાં ભગવાન રામની ૮૧ ફૂટ ઊંચી પ્રતિમા ઉપરાંત ભગવાન કૃષ્ણની ૫૦ ફૂટની પ્રતિમા અને ભગવાન શિવની ૩૦ ફૂટની પ્રતિમા પણ બનવાની છે તેમાંથી ભગવાન રામની પ્રતિમાનું લગભગ ૮૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે તેથી મુસ્લિમ કટ્ટરવાદીઓના પેટમાં તેલ રેડાયું છે. હિંદુઓ મજબૂત બની ના જાય તેથી તેમણે આ પ્રોજેક્ટ ભારતની મદદથી બની રહ્યો હોવાના આક્ષેપો પણ કર્યા છે. હિંદુઓ તેને ગણકાર્યા વિના પ્રોજેક્ટને આગળ ધપાવ્યો તેથી મુસ્લિમ કટ્ટરવાદીઓ સાવ નીચતા પર ઉતરી આવ્યા છે.

બાંગ્લાદેશી હિંદુઓ પાસેથી ભારતના હિંદુઓએ મર્દાનગીના પાઠ શીખવાની જરૂર છે. બાંગ્લાદેશની વસતીમાં હિંદુઓનું પ્રમાણ ૮ ટકાથી પણ ઓછું છે. ૧૮ કરોડની કુલ વસતીમાં માંડ ૧.૫૦ કરોડની આસપાસ હિંદુઓ છે પણ આ હિંદુઓ હિંદુત્વની રક્ષા માટે લડે છે, ઝઝૂમે છે. આ પૈકી મોટા ભાગના હિંદુઓ મધ્યમ વર્ગીય અથવા ગરીબ છે.

બાંગ્લાદેશમાંથી ધનિક હિંદુઓ તો ૧૯૭૧ના યુદ્ધ પહેલાં જ ભાગી ભાગીને ભારત આવવા માંડેલા ને કોલકાત્તામાં વસી ગયા પણ ગરીબ અને મધ્યમ વર્ગીય હિંદુઓ ભાગીને ક્યાંય જઈ શકે તેમ નથી એટલે પરાણે બાંગ્લાદેશમાં રહે છે પણ નથી તેમણે હિંદુત્વ છોડ્યું કે નથી હિંદુ તરીકેની ઓળખ છોડી. એ લોકો કટ્ટરવાદી મુસ્લિમોનો મર્દાનગીથી સામનો કરે છે અને પોતાની ઓળખ બચાવવા માટે લડે છે. ભગવાન રામની મૂર્તિનું કામ રોકવા સામે પ્રચંડ આંદોલન બાંગ્લા હિંદુઓના મર્દાના મિજાજનો તાજો પુરાવો છે.

બીજી તરફ ભારતીય હિંદુ વધુ ને વધુ કાયર બનતો જાય છે. તેના કારણે હિંદુત્વના સિદ્ધાંતોને છોડીને વ્યક્તિપૂજામાં ખૂંપી ગયો છે. ચોક્કસ વ્યક્તિઓના કારણે જ હિંદુ ને હિંદુઓ સલામત છે એના બકવાસ કુપ્રચારનો ભાગ પણ બની ગયો છે, ભારતીય હિંદુઓની કાયરતાનો તાજો પુરાવો અયોધ્યામાં ભગવાન શ્રી રામના મંદિરમાં થયેલી ચોરી સામે હિંદુઓની ચૂપકીદી છે. ભગવાન રામની મૂર્તિ બનાવવાનું કામ રોકી દેવાયું તેમાં બાંગ્લાદેશી હિંદુઓ રસ્તા પર ઉતરી આવ્યા ને અહીં ભારતમાં ભગવાન રામના નામે શ્રદ્ધાળુઓએ શ્રદ્ધાથી આપો ચઢાવો ચંપત રાય અને તેમની ચાલીસ ચોરની ટોળી ચાઉં કરી ગઈ તો પણ હિંદુઓ બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેઠા છે. ભગવાન રામના મંદિરની ચઢાવાની રકમ સમગ્ર હિંદુ સમાજની છે, કોઈના બાપનો માલ નથી કે કોઈ પણ હિસાબ આપ્યા વિના ઘરભેગી કરી દેવાય એટલી વાત કરવાની હિંમત પણ ભારતના હિંદુઓમાં નથી.

ચંપત રાય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના માણસ છે, ભાજપ હાઈકમાન્ડે ડો. પ્રવિણ તોગડિયા એન્ડ કંપનીને વિશ્વ હિંદુ પરિષદમાંથી ઉચાળા ભરાવીને બેસાડેલા માણસ છે તેથી ચંપત રાય સામે બોલીશું તો હિંદુત્વના ઠેકેદારો નારાજ થઈ જશે એવા ડરે કોઈ ચૂંકે ચાં કરતું નથી.

આ બાયલાગીરી ક્યા પ્રકારનું હિંદુત્વ છે? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, સોમવાર, તા. ૨૨-૬-૨૦૨૬, દુર્ગાષ્ટમી, ભારતીય અષાઢ માસારંભ

- ભારતીય દિનાંક ૧, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ -૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૭મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સવારે ક. ૧૦-૨૧ સુધી, પછી હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૭-૪૧,
- ઓટઃ સવારે ક. ૧૧-૩૭, મધ્યરાત્રે ક. ૦૦-૪૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, ભારતીય અષાઢ માસારંભ, સૂર્ય આર્દ્રામાં બપોરે ક. ૧૨-૨૭, વાહન ગદર્ભ (સંયોગિયું નથી), અયન કરી દ્વિન. બુધ કર્કમાં ક. ૧૫-૫૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સવારે ક. ૧૦-૩૦ પછી શુભ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, અર્યમા પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, સૂર્ય-ચંદ્ર પૂજા, પીપળાનું પૂજન, જુઈ વાવવી, અગાઉ વાસ્તુ પૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ. નવા વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર, મિત્રતા, નોકરી, દસ્તાવેજ, અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, રાજ્યાભિષેક, પાટ-અભિષેક, બગીચો, ધજા-કળશ, પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, ધાન્ય ભરવું. નવી તિજોરીની સ્થાપના, ભગવાન સૂર્યનારાયણ, શિવ-મહાલક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન, મહેંદી લગાવવી, હજામત, પ્રથમ વાહન, પરદેશનું પસ્તાનું, નવી દુકાન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મુસાફરીનો શોખ, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ બદ્નામીનો ભય, ચંદ્ર- શનિ પ્રતિયુતિ શંકાશીલ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ (તા. ૨૩). સૂર્ય આર્દ્રા પ્રવેશ
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## તમિળનાડુની ફેક્ટરીમાં ગૅસ ગળતરઃ સાતનાં મોત

તિરુવલ્લુર (તમિળનાડુ): પેરિયાપલયમની નજીકના મંજકારણઈમાં ખાનગી સીફૂડ પ્રોસેસિંગ યુનિટમાં એમોનિયા ગૅસનું મોટું ગળતર થયું હતું અને સાત મહિલા રવિવારે સારવાર દરમિયાન મરણ પામી હતી. તિરુવલ્લુરનાં જિલ્લા કલેક્ટર એસ. કવિતાએ કહ્યું હતું કે કુલ ૬૭ કામદારોને આની અસર થઈ હતી અને તેમને સ્થાનિક મેડિકલ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના જણાવ્યા અનુસાર ૪૬ શ્રમિકોને વેલ્સ હૉસ્પિટલમાં અને ૨૭ને વેંકટેશ્વર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. નવ અતિ ગંભીર દર્દીને પછી એમ્બ્યુલન્સ મારફતે ચેન્નઈની સરકારી સ્ટેનલી મેડિકલ કૉલેજમાં ખસેડવામાં આવ્યા હતા.(એજન્સી) ■

## યુક્રેનના હુમલાથી ગંભીર ઈંધણ સંકટ સર્જાયું

મોસ્કોઃ યુક્રેને રશિયાના કબજા હેઠળના ક્રિમીઆ અને રશિયાના ક્રાસ્નોદાર ક્ષેત્રમાં મોટા ડ્રોન હુમલા કર્યા છે. આ હુમલાઓમાં ક્રિમીઆમાં ચાર લોકોનાં મોત નીપજ્યાં છે. જ્યારે ૨૮ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. સ્થાનિક વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર હુમલા પછી પરિસ્થિતિને ધ્યાને લેતા સમગ્ર ક્રિમીઆમાં સામાન્ય લોકો અને ખાનગી ઉદ્યોગપતિઓ માટે પેટ્રોલ અને ડીઝલનું વેચાણ કામચલાઉ ધોરણે બંધ કરી દેવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે હાલ પૂરતું ઇંધણ સુરક્ષા એજન્સીઓ, ઇમરજન્સી સેવાઓ અને જરૂરી સરકારી વિભાગોને જ પૂરું પાડવામાં આવશે. પરિસ્થિતિ સામાન્ય થવા સુધી આ વ્યવસ્થા ચાલુ રહેશે, એમ વહીવટીતંત્રે જણાવ્યું હતું.

તાજેતરમાં યુક્રેને ક્રિમીઆ પર ડ્રોન હુમલાઓ વધુ તીવ્ર બનાવ્યા છે. ક્રિમીઆ રશિયા માટે વ્યૂહાત્મક રીતે બહુ મહત્ત્વપૂર્ણ પ્રદેશ માનવામાં આવે છે. કારણ કે અહીં રશિયાનો બ્લેક સી ફ્લીટ તહેનાત છે. યુક્રેન સતત આ પ્રદેશમાં લશ્કરી સુવિધાઓ અને સપ્લાઇ નેટવર્કને નિશાન બનાવી રહ્યું છે. આ હુમલાઓની સામાન્ય લોકોને પણ અસર થઇ રહી છે અને ઇંધણની ઉપલબ્ધતા પ્રભાવિત થઇ છે.

રશિયાના ક્રાસ્નોદાર ક્ષેત્રમાં પણ ડ્રોન હુમલા થયા હતા. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર એક તેલ પરિવહન કેન્દ્રને નિશાન બનાવવામાં આવ્યું હતું. આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું તેમ જ એક તેલ ટર્મિલનમાં આગ લાગી હોવાના પણ અહેવાલ છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### દુનિયાભરમાં

આશરે ૪૦૦ લોકોએ ભાગ લીધો હતો. રાજદ્વારીઓ, શિક્ષણવિદો, યોગ સાધકો અને ભારતીય પ્રવાસી સમુદાયના લોકોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. દૂતાવાસ દ્વારા જાહેર કરાયેલાં એક નિવેદનમાં જણાવ્યું હતું કે કાર્યક્રમને સંબોધતા કોન્સ્યુલ જનરલ પ્રતીક માથુરે યોગને ભારત તરફથી વિશ્વને મળેલી એક અમૂલ્ય ભેટ ગણાવી અને સર્વાંગી સ્વાસ્થ્ય, માનસિક સુખાકારી અને સક્રિય વૃદ્ધત્વને પ્રોત્સાહન આપવામાં તેની વધતી જતી ભૂમિકા પર ભાર મૂક્યો. આ કાર્યક્રમમાં ધ્યાન સત્ર, મણિપુરી નૃત્ય પ્રદર્શન, ભારતીય શાસ્ત્રીય સંગીતનું પ્રદર્શન અને યોગના ફાયદાઓ પર પ્રસ્તુતિનો સમાવેશ થતો હતો. અમેરિકામાં પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વોશિંગ્ટનમાં ઐતિહાસિક લિંકન મેમોરિયલ ખાતે ભારતીય દૂતાવાસે આયોજિત યોગ સત્રમાં સેંકડો સહભાગીઓ જોડાયા હતા. ભારતીય દૂતાવાસે 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''ભારતીય દૂતાવાસે વોશિંગ્ટનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી. આ એક યાદ અપાવે છે કે યોગ જીવનના દરેક તબક્કે દરેક માટે છે.'' વોશિંગ્ટનમાં ભારતીય દૂતાવાસે ડુપોન્ટ સર્કલ અને વિશ્વ બેન્ક સહિત વિવિધ સ્થળોએ સ્થાનિક સમુદાયો સાથે સહયોગમાં અનેક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. પરંપરાગત સ્વાસ્થ્ય અને સુખાકારી પ્રથાઓ દર્શાવવા માટે એક આયુર્વેદ કોર્નર પણ બનાવવામાં આવ્યું હતું.

સાઉદી અરેબિયાના રિયાધમાં આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમમાં સરકારી અધિકારીઓ, રાજદ્વારીઓ, શાળાના બાળકો અને ભારતીય સમુદાયના સભ્યો સહિત લગભગ ૫૦૦ સહભાગીઓએ ભાગ લીધો હતો. રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસે 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આ સત્રનું નેતૃત્વ સાઉદી મહિલા યોગ પ્રશિક્ષકો સીમા ઘન્નામ અને મલક અલમુઘીરાએ કર્યું હતું. દૂતાવાસે કહ્યું હતું કે, ''સાઉદી અરેબિયામાં યોગની વધતી જતી લોકપ્રિયતા ભારત અને સાઉદી અરેબિયા વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.''

જાપાનના ટોક્યોમાં ઐતિહાસિક ત્સુકીજી હોંગાન-જી મંદિરમાં ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત યોગ દિવસની ઉજવણીમાં ૨,૧૦૦થી વધુ યોગ પ્રેમીઓએ ભાગ લીધો હતો. ટોક્યો સ્થિત ભારતીય દૂતાવાસે 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''વરસાદ છતાં સમગ્ર સ્થળ ઊર્જા અને સ્મિતથી ભરેલું હતું.''

કેનેડામાં ટોરન્ટોમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલે ઓન્ટારિયો વિધાનસભાની પૃષ્ઠભૂમિ સામે એક ભવ્ય કાર્યક્રમ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. નેપાળમાં ભારતીય દૂતાવાસે લુમ્બિની વિકાસ ટ્રસ્ટના સહયોગથી ''શાશ્વત શાંતિ જ્યોત'' અને લુમ્બિની સાંસ્કૃતિક ક્ષેત્રમાં સ્થિત યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ માયા દેવી મંદિર પાસે યોગ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ૬૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો, જેમાં લુમ્બિનીના રાજ્યપાલ કૃષ્ણ બહાદુર ઘર્તી મગર પણ હાજર હતા. અન્ય ઘણા દેશોમાં ભારતીય દૂતાવાસોએ પણ આ પ્રસંગને ઉજવવા માટે યોગ સત્રો અને કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

**યોગની શક્તિ સમગ્ર દેશ અને દુનિયાને જોડે છેઃ મોદી**

કોલકાતાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સવારે કોલકાતાના રેડ રોડ ખાતે આયોજિત ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના મુખ્ય કાર્યક્રમમાં રાષ્ટ્રનું નેતૃત્વ કર્યું હતું. રાષ્ટ્રના સંબોધનમાં વડા પ્રધાને કહ્યું કે સમગ્ર વિશ્વ અને સમગ્ર દેશ એકબીજા સાથે જોડાયેલા ભાસે છે. આ જ તો યોગની શક્તિ છે. યોગ બધાને સંગઠિત કરે છે.વડા પ્રધાન મોદીએ સમગ્ર માનવ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે વિશ્વના વિવિધ ભાગોમાંથી અદ્‌ભુત તસવીરો આવી રહી છે. ભારતમાં હિમાલયથી હિંદ મહાસાગર સુધી, પૂર્વોત્તર અને પૂર્વમાં બંગાળથી લઇને પશ્ચિમમાં સૌરાષ્ટ્ર સુધી સમગ્ર દેશ યોગની ઊર્જાથી, ચેતનાથી છલોછલ દેખાઇ રહ્યો છે. સમગ્ર વિશ્વ અને સમગ્ર દેશ એકબીજા સાથે જોડાયેલા નજરે પડે છે. આ જ તો યોગની શક્તિ છે. યોગ બધાને સાંકળી રાખે છે.

કોલકાતામાં વડા પ્રધાને કહ્યું કે ૨૧ જૂન એ વિશ્વના કેટલાક ભાગોમાં વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના લીધે આ દિવસ વિશ્વનો સૌથી મોટો સામૂહિક ઉજવણી દિવસ બની ગયો છે. ■

### બ્રિટને ઑઈલ

હતા. ચાર જૂને ટેન્કર રશિયાના ઉસ્ટ-લુગા ટર્મિનલથી ૧૦૧,૪૦૦ ટન ઉરાલ ક્રૂડ ઓઇલ લોડ કર્યા પછી ભારતના ગુજરાતના સિક્કા બંદર તરફ જઈ રહ્યું હતું. ૧૪ જૂને બ્રિટિશ સશસ્ત્ર દળોએ ઇંગ્લિશ ચેનલમાં ટેન્કરને અટકાવ્યું. રોયલ મરીન કમાન્ડો હેલિકોપ્ટરમાંથી ઊતર્યા અને ટેન્કરને કબજે કર્યું હતું.

અજય પંતને ૧૬ જૂનના રોજ બોર્નમાઉથ પોલીસ સ્ટેશનથી વીડિયો લિંક મારફતે સાઉથમ્પ્ટન મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. તેના પર ''રશિયા (પ્રતિબંધો) (ઈયુમાંથી બહાર નીકળવા) રેગ્યુલેશન્સ ૨૦૧૯ના નિયમ ૪૬ઝેડ૯બીના ઉલ્લંઘન કરતા જહાજના માધ્યમથી સીધા અથવા પરોક્ષ રીતે રશિયાથી પ્રતિબંધિત રશિયન તેલ જહાજ દ્વારા ત્રીજા દેશમાં સપ્લાય કરવાનો અથવા પહોંચાડવાનો'' આરોપ મૂકવામાં આવ્યો છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે રશિયન ખલાસીઓએ રેડિયો દ્વારા યાટના ક્રૂનો સંપર્ક કરવાના ઘણા પ્રયાસો કર્યા હતા પરંતુ તેમને કોઈ જવાબ મળ્યો ન હતો. કાર્યવાહી દરમિયાન તેમના વકીલ જેમ્સ ડાયમંડે દલીલ કરી હતી કે, ''આ જહાજ ક્યાં જઈ રહ્યું છે અથવા આ જહાજમાં કયો માલ ભરવામાં આવ્યો હતો તે તેમની પસંદગી નહોતી. તેઓ ફક્ત કોર્પોરેશનના અધિકારીઓના આદેશોનું પાલન કરી રહ્યા હતા. તેઓ ફક્ત પોતાનું કામ કરી રહેલા કર્મચારી છે જે હવે બ્રિટિશ કોર્ટ સમક્ષ હાજર થયા છે.''

પ્રોસિક્યુટર વરુણ ચુનીએ કોર્ટને માહિતી આપી હતી કે રોયલ મરીન અને નેશનલ ક્રાઈમ એજન્સીના અધિકારીઓ ૧૪ જૂનના રોજ એમવી સ્મિર્ટોસ જહાજ પર ચઢી ગયા હતા કારણ કે તે કાયદેસર ધ્વજ વિના યુકેના પાણીમાં પ્રવેશ્યું હતું. જહાજના માસ્ટર તરીકે ઓળખાતા પંતની ત્યારબાદ ધરપકડ કરવામાં આવી હતી અને તેને કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. આ ગુનામાં મહત્તમ ૧૦ વર્ષની સજા છે.ભારતમાં ઉત્તરાખંડના ગૃહ સચિવ શૈલેષ બગૌલીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે સહાય માટે કેન્દ્રનો સંપર્ક કર્યો છે. અમે બે દિવસ પહેલા વિદેશ મંત્રાલયને પત્ર લખીને પંતની મુક્તિ અને પરત ફરવા માટે તેમની મદદ માગી હતી. દિલ્હીસ્થિત અમારા પ્રાદેશિક કમિશનર આ મામલે કેન્દ્રીય અધિકારીઓ સાથે સંકલન કરી રહ્યા છે.'' યુકેમાં ભારતીય હાઈ કમિશનને પંતને કોન્સ્યુલર એક્સેસ આપવામાં આવી ચૂક્યો છે. દરમિયાન ભારત અને જ્યોર્જિયાના ૨૪ ક્રૂ સભ્યો જહાજ પર છે, જે ડોર્સેટમાં વેમાઉથ પર લંગરાયેલ છે અને સલામતી અને પર્યાવરણીય ચિંતાઓ માટે તેનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ■

### ઈડી દ્વારા

હેઠળ ૧૯ જૂનના રોજ એક અસ્થાયી આદેશ જાહેર કરવામાં આવ્યો હતો. ઈડી અનુસાર, જપ્ત કરાયેલી સંપત્તિઓમાં ભારતમાં સ્થિત ૯૯ સ્થાવર મિલકતો (જેની કિંમત ૪૫૯.૧૦ કરોડ રૂપિયા), સિંગાપોરમાં ૩૧ સ્થાવર મિલકતો (જેની કિંમત ૪૭૧.૩૨ કરોડ રૂપિયા) અને ભારતીય કંપનીઓમાં ઇક્વિટી શેર (જેની કિંમત ૯૩.૪૨ કરોડ રૂપિયા)નો સમાવેશ થાય છે. આ મિલકતો સ્વર્ગસ્થ અનિલ સલગાંવકરની મિલકત (તેના સંચાલક લક્ષ્મી અનિલ સલગાંવકરના માધ્યમથી) સલગાંવકર માઇનિંગ ઇન્ડસ્ટ્રીઝ, શાંતિલાલ ખુશાલદાસ એન્ડ બ્રધર્સ, એસ. કાંતિલાલ એન્ડ કંપની, સલિથો ઓર્સ, વર્ટેક્સ ન્યૂટન પ્રોજેક્ટ્સ અને સુબર્ણરિખા પોર્ટના નામે છે. ઈડી અનુસાર, આ મિલકતોની કુલ કિંમત ૧,૦૨૩.૮૫ કરોડ રૂપિયા છે. આ મની લોન્ડરિંગ કેસની તપાસ ગોવા પોલીસ સીઆઈડી દ્વારા દાખલ કરાયેલી એફઆઈઆર સાથે જોડાયેલી છે. ઈડીએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે તેના ૨૦૧૪ અને ૨૦૧૮ના ચુકાદાઓમાં ૨૦૦૭ પછી (નવા ખાણકામ લીઝ જાહેર ન થાય ત્યાં સુધી) ગોવામાં તમામ માઈનિંગ ગેરકાયદેસર હોવાનું ઠરાવ્યું હતું. એજન્સીએ આરોપ લગાવ્યો હતો કે તેની તપાસમાં જાણવા મળ્યું છે કે એવીએસ ગ્રૂપે ૨૦૦૭-૧૨ દરમિયાન દસ ખાણકામ લીઝ પર કામ કર્યું અને આયર્ન ઓરના ગેરકાયદેસર ખોદકામ, વેચાણ અને નિકાસમાંથી ૨,૪૯૨.૯૫ કરોડ રૂપિયાની ગુનાની આવક મેળવી હતી. ગેરકાયદેસર રીતે ખોદકામ કરાયેલ આયર્ન ઓર બ્રિટિશ વર્જિન ટાપુઓમાં બનેલી શેલ કંપનીઓને ખૂબ જ ઓછી કિંમતે નિકાસ કરવામાં આવતું હતું, જે ફક્ત કાગળ પર કાર્યરત હતી અને પછી ચીનને ફરીથી વેચવામાં આવતું હતું, જેનાથી ૨,૭૪૪.૮૯ કરોડ રૂપિયાનો વધારાનો નફો થતો હતો. ■

### અમદાવાદમાં

અને ૨૧મી જૂન પુનઃ પરીક્ષા લેવાની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં ગુજરાતમાં ૨૧૧ પરીક્ષા કેન્દ્રો પર ૭૯,૪૧૧ ઉમેદવારોની 'નીટ'ની પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્યમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતના જુદા જુદા કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી હતી.દેશની મેડિકલ કૉલેજમાં પ્રવેશ માટેની પરીક્ષા- નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-અન્ડરગ્રેજ્યુએટ (નીટ-યુજી) ૨૧ જૂને ફરી યોજાઈ હતી અને એમાં ૨૨ લાખથી વધારે વિદ્યાર્થીઓ બેઠા હતા. ત્રીજી મેની પરીક્ષા રદ થતા વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા આપવી પડી હતી. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)એ આ પરીક્ષા યોજી હતી. અગાઉની પરીક્ષા પેપર ફૂટી જવાને કારણે રદ થઈ હતી અને એની તપાસ ચાલુ છે. એક્ઝામ ભારતના ૫૫૧ શહેરના ૫,૪૦૦ કેન્દ્ર અને વિદેશના ૧૪ કેન્દ્રમાં લેવાઈ હતી. આ પરીક્ષા અંગ્રેજીમાં અને ભારતની ૧૪ ભાષામાં લેવાઈ હતી. એનઆઈએના જણાવ્યા પ્રમાણે પરીક્ષા લેવા માટેના ૯૫,૦૦૦ રૂમમાં સીસીટીવીની નિગરાની રખાઈ હતી. કુલ ૧,૩૮,૫૬૦ સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા હતા અને એની ફીડને રાષ્ટ્રીય, રાજ્ય અને મંત્રાલયના સ્તરે તપાસવામાં આવ્યા હતા. ઇલેક્ટ્રોનિક ગેરરીતિ રોકવા ૫૧,૩૧૧ જામર લગાડવામાં આવ્યા હતા. દિલ્હીમાં ફરી પરીક્ષા આપી રહેલા ઉમેદવાર કિશાને કહ્યું હતું કે આ વખતે સુરક્ષા વ્યવસ્થા જડબેસલાક હતી. છેલ્લા એક મહિનામાં ઘણું બન્યું છે. મારાથી થાય એટલું પુનરાવર્તન મેં કર્યું હતું. હવે હું ફક્ત જવાબ લખવા માગતો હતો. હું ફક્ત એટલી આશા રાખું છું કે પરીક્ષા નિષ્પક્ષ રીતે યોજવામાં આવે. પરીક્ષામાં બેસનાર દરેક ઉમેદવાર ટેન્શનમાં છે.

### હોર્મુઝ ઓળંગીને

પહોંચશે. તેમ જ શનિવારે હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થનાર ત્રીજું ટેન્કર 'સનમાર હેરાલ્ડ' ૧લી જુલાઇએ પારાદીપ પહોંચશે. બંદરો, શિપિંગ અને જળમાર્ગ પ્રધાન સોનોવાલે એક્સ પર જણાવ્યું કે ભારતીય ધ્વજવાળા ત્રણ ક્રૂડ ઑઇલ ટેન્કરો-દેશ વૈભવ, દેશ વિભોર અને સનમાર હેરાલ્ડ-૯૪ ભારતીય ક્રૂ સભ્યો સાથે ૮.૬ લાખ મેટ્રિક ટનથી વધુ કાર્ગો લઇને આજે હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થયા છે અને ભારત તરફ આવી રહ્યા છે.તેમણે વધુમાં જણાવ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણાયક નેતૃત્વમાં ભારત સરકાર દેશના દરિયાઇ હિતોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા કામ કરી રહી છે. અમારું મંત્રાલય ભારતના નાવિકો અને ઊર્જા સપ્લાઇ લાઇનોની સંપૂર્ણ સલામતી સુનિશ્ચિત કરવા માટે તમામ સંબંધિત એજન્સીઓ સાથે સક્રિય રીતે સંકલન સાધી રહ્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકાએ ગુરુવારે ઈરાન પરની નાકાબંધી હટાવી દીધી હતી, જેથી તેલ ટેન્કરો હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થયા હતા. આ પગલું યુદ્ધ સમાપ્ત કરવા માટે એક પ્રારંભિક કરાર અમલમાં આવ્યા પછી લેવામાં આવ્યું છે. આ દરિયાઇ માર્ગ મહિનાઓથી લગભગ બંધ હતો, પરંતુ કરાર અમલમાં આવતા જ શિપિંગ ફરી શરૂ થઇ ગયું છે. ■

### હોર્મુઝ ખાડીમાં

તો અમેરિકા તેમાંથી પસાર થતાં જહાજો પર કર લાદી શકે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ''ટ્રુથ સોશ્યલ'' પર એક પોસ્ટમાં જણાવ્યું છે કે ઈરાન સાથેના ૬૦ દિવસના યુદ્ધવિરામ કરાર દરમિયાન આ દરિયાઈ માર્ગે મુસાફરી કરવા માટે કોઈને પણ કોઈ પૈસા કે કર (ટોલ) ચૂકવવા પડશે નહીં. ટ્રમ્પે એ પણ સ્પષ્ટતા કરી છે કે આ ૬૦ દિવસનો સમયગાળો સમાપ્ત થયા પછી પણ આ માર્ગ પર કોઈ કર લાદવામાં આવશે નહીં. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે શનિવારે ચેતવણી આપી હતી કે જો ઈરાન સાથે અંતિમ કરાર ૬૦ દિવસની અંદર નહીં થાય તો અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટમાં ટોલ લાદશે.

ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈરાન સાથે યુદ્ધ સમાપ્ત કરવાના પ્રારંભિક કરારમાં ૬૦ દિવસ માટે આ મહત્ત્વપૂર્ણ જળમાર્ગ દ્વારા ટોલ-ફ્રી માર્ગ આપવામાં આવ્યો હતો. જો ઈરાન સાથે અંતિમ કરાર ન થાય તો ૬૦ દિવસની મુદત પૂરી થયા પછી અમેરિકા ટોલ લાદશે. ટ્રમ્પે જણાવ્યું હતું કે આ પૈસા પશ્ચિમ એશિયાઈ દેશોને ''ગાર્જિયન એન્જલ'' (રક્ષક) તરીકે આપવામાં આવતી સેવાઓના બદલામાં હશે, જેમાં ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના ખર્ચ માટે વળતરનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે, ઈરાન સાથેના કરારમાં હોર્મુઝ સ્ટ્રેટમાં ટોલ મુદ્દાને જે રીતે હેન્ડલ કરવામાં આવ્યો છે તેના માટે અમેરિકાના રાષ્ટ્રપતિને દેશમાં ઘણી ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. આ કરાર જહાજોને ફક્ત ૬૦ દિવસ માટે ટોલ ફ્રી પસાર થવાની મંજૂરી આપે છે અને ભવિષ્યમાં ફીની શક્યતાને દૂર કરતો નથી.

### નૌકાદળમાં

શાંતિની રક્ષા કરવા માટે શક્તિ જરૂરી છે, સમૃદ્ધિના રક્ષણ માટે સુરક્ષા જરૂરી છે અને ભવિષ્યના નિર્માણ માટે આત્મનિર્ભરતા જરૂરી છે.'' નરેન્દ્ર મોદીએ ભારતીય નૌકાદળમાં ત્રણ અત્યાધુનિક યુદ્ધ જહાજો અને સર્વે જહાજોને સામેલ કરવાને નવા ભારતની શક્તિનું પ્રતીક ગણાવ્યું. તેમણે કહ્યું કે ભારત હવે સંરક્ષણ ક્ષેત્રમાં ફક્ત ખરીદદાર રહેવા માગતો નથી, પરંતુ આત્મનિર્ભરતાના માર્ગ પર ઝડપથી આગળ વધી રહ્યો છે. આ ફક્ત જહાજો નથી, પરંતુ આત્મનિર્ભર ભારત માટેના સંકલ્પ, ભારતીય ઉદ્યોગોની ક્ષમતાઓ અને દેશના ઇજનેરો અને કામદારોની મહેનતના પ્રતીકો છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે ભારતની તાકાત વૈશ્વિક બજાર બનવામાં નહીં, પરંતુ આત્મનિર્ભર બનવામાં રહેલી છે.

નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોઈપણ દેશની આર્થિક અને વ્યૂહાત્મક તાકાત તેની દરિયાઈ ક્ષમતાઓ પર આધારિત છે. તેમણે કહ્યું કે વિશ્વનો મોટાભાગનો વેપાર દરિયાઈ માર્ગો દ્વારા થાય છે અને વૈશ્વિક ડેટા નેટવર્ક પણ સમુદ્રની નીચેથી પસાર થાય છે. ભવિષ્યમાં મહત્ત્વપૂર્ણ મિનરલ્સ, ઊંડા સમુદ્રી સંસાધનો અને નવા ઊર્જા સ્રોતો પણ સમુદ્ર સાથે જોડાયેલા રહેશે. તેથી ભારત તેની દરિયાઈ શક્તિને સતત મજબૂત બનાવી રહ્યું છે. વિશ્વ એ હકીકતનો સાક્ષી છે કે મજબૂત દરિયાઈ ક્ષમતાઓ વિના કોઈ પણ દેશ મહાસત્તા બની શકતો નથી.

વડા પ્રધાન મોદીએ કહ્યું કે ભારત હવે સંરક્ષણ ક્ષેત્રમાં ફક્ત શસ્ત્રો અને સાધનોનો આયાતકાર બનવા માગતું નથી. તેમણે કહ્યું, ''આપણી લશ્કરી શક્તિ વૈશ્વિક બજાર બની શકતી નથી. આપણી શક્તિની વ્યાખ્યા વૈશ્વિક બજાર બનવામાં નહીં, પરંતુ આત્મનિર્ભર બનવામાં રહેલી છે. રાષ્ટ્રીય સુરક્ષા માટે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા મહત્ત્વપૂર્ણ છે. સરકાર દેશમાં સંરક્ષણ ઉત્પાદન વધારવા માટે સતત કામ કરી રહી છે અને પરિણામો હવે સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે.'' ■



**ચિંતનઃ** આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે એક કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ યોગ કરીને લોકોમાં જાગરૂકતા લાવવાનો પ્રયાસ કર્યો હતો. (અમય ખરાડે)

## ગરમી વધતા શાકભાજીના ભાવમાં વધારો

મુંબઈઃ ભારતીય હવામાન વિભાગે એલ-નીન્યોને કારણે આ વર્ષે સમગ્ર ચોમાસામાં સરેરાશ કરતા ઓછો વરસાદની આગાહી કરી છે. એલ-નીન્યોના સક્રિય થવાથી દેશના ઘણા ભાગોમાં વરસાદ ખેંચાઈ ગયો છે. મોડું ચોમાસુ તીવ્ર ગરમીના કારણે શાકભાજીના ભાવમાં ધરખમ વધારો થયો છે.

કોબીજ, ભીંડા અને દૂધીના ભાવ ૧૦૦ થી ૧૨૦ રૂપિયા પ્રતિ કિલો છે. ગુવાર, દૂધી, લીલા વટાણા અને કઠોળ ૧૬૦ થી ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો મળે છે. ટામેટા ૬૦ રૂપિયા કિલો.કોથમીરની ઝૂડી ૩૦ રૂપિયા, ફુદીનો ૨૦ રૂપિયા અને મેથીની કિંમત ૨૫ રૂપિયા પ્રતિ જોડે વેચાઈ રહી છે. કારેલા, પરવળ, રીંગણ અને બટાકાના ભાવમાં ૨૦ થી ૩૦ રૂપિયા પ્રતિ કિલોનો વધારો થયો છે. રસોઈમાં વપરાતા લસણ અને આદુના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. આટલું ઓછું હોય એમ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં પણ વધારો થતા હોટેલના ભોજનની કિંમતમાં પણ વધારો થયો છે. શાકભાજીના ભાવમાં ધીમે ધીમે વધારાને કારણે સામાન્ય માણસ માટે પોતાના ઘરનો ખર્ચ ઉઠાવવો મુશ્કેલ બની રહ્યો છે. ભારે ગરમીને કારણે પાકને પણ નુકસાન થઈ રહ્યું છે. ■

## થાણે સ્ટેશન પર શરૂ થશે પ્રી-પેઈડ રિક્ષા સેવા

થાણેઃ થાણે રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રિક્ષા માટે થતી મુસાફરોની ભીડ, વધુ ભાડું વસૂલવાની ફરિયાદો અને અપૂરતી રિક્ષાઓના કારણે થતી અગવડતાને દૂર કરવા માટે રિક્ષા ચાલક સંગઠનો અને આરટીઓના માધ્યમથી 'પ્રી-પેડ રિક્ષા સ્ટેન્ડ' શરૂ કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. થાણે પશ્ચિમમાં આવેલા સેટિસ બ્રિજની નીચે આ સુવિધા શરૂ થશે. પ્રી-પેડ સુવિધાને કારણે મુસાફરી કરતા પહેલા જ ભાડું નક્કી થઈ જશે, જેના લીધે વિવાદ અને ફરિયાદો ઓછી થવાની સંભાવના છે. રાતના સમયે સ્ટેશન વિસ્તારમાંથી ઘરે પરત ફરતી મહિલા મુસાફરો માટે આ સુવિધા ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

થાણે સ્ટેશન (પશ્ચિમ) પર રિક્ષા ચાલકો દ્વારા વધુ ભાડું વસૂલવામાં આવતુ હોવાની સમસ્યાના ઉકેલ લાવવા માટે રિક્ષા સંગઠનો અને મુસાફરો દ્વારા વર્ષોથી પ્રી-પેઇડ રિક્ષા સ્ટેન્ડની માંગ કરવામાં આવી રહી હતી. આ અંગે આરટીઓ દ્વારા આયોજન શરૂ કરી દેવામાં આવ્યું છે અને આગામી થોડા અઠવાડિયામાં આ સુવિધા શરૂ થવાની શક્યતા છે. આ અંતર્ગત મુસાફરોની સુવિધા માટે સેટિસ બ્રિજ નીચે એક બૂથ ઊભું કરવામાં આવશે. આ બૂથ પર જે જગ્યાએ પ્રવાસ કરવો હોય, ત્યાંનું સરનામું જણાવવું પડે છે. પ્રી-પેઇડ રિક્ષા પ્રવાસ માટે અંતર મુજબ મુસાફરી ભાડું નક્કી કરવામાં આવતું હોય છે. મુસાફરી ભાડું નક્કી થયા પછી મુસાફરને એક રીસીપ્ટ આપવામાં આવશે. જેમાં રિક્ષા ચાલક અને મુસાફરની સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ હશે, જેથી મુસાફરો પણ સુરક્ષિત પ્રવાસ કરી શકશે.■

## ઝૂંપડપટ્ટીની ૫૩ ગેરકાયદે શાળા સામે એફઆઈઆર દાખલ

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)ની ફરિયાદોના આધારે શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ચાલી રહેલી ૫૩ શાળા વિરુદ્ધ સરકારી પરવાનગી વિના સંચાલન કરવા બદલ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં પાલિકા દ્વારા ગેરકાયદે જાહેર કરાયેલી અને બંધ કરવાનો આદેશ આપવામાં આવેલી ૧૬૪ શાળાઓમાં આ ૫૩ શાળાનો સમાવેશ થાય છે. સૂચનાઓનું પાલન ન કરવા બદલ તેમની સામે એફઆઈઆર નોંધવામાં આવ્યા હોવાનું પાલિકાના પ્રાઈવેટ શાળા વિભાગના નાયબ શિક્ષણ અધિકારી નિસાર ખાને જણાવ્યું હતું. વધુ વિગતો આપતા અધિકારીએ ફોડ પાડ્યો હતો કે ૩ શાળામાં નોંધાયેલા વિદ્યાર્થીઓને તેમની ઉંમર અનુસાર સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ વિના અન્ય શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે, કારણ કે ગેરકાયદે શાળાઓ દ્વારા જારી કરાયેલા પ્રમાણપત્રોનું કાનૂની પ્રમાણ નથી. ૫૩ શાળામાંથી ૩૯ શાળા માનખુર્દ અને ગોવંડીમાં છે, જ્યારે ૧૪ અન્ય શાળા માલવણીમાં છે. શહેરના અન્ય ભાગોમાં ગેરકાયદે જાહેર થયા છતાં કાર્યરત શાળા સામે વધુ એફઆઈઆર દાખલ થવાની શક્યતા છે.■

## ધારાવી યોગ મહોત્સવમાં ૫૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો

મુંબઈ : આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે નવભારત મેગા ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ એનએમડીપીએલએ રવિવારે માહિમ ખાતે મહારાષ્ટ્ર નેચર પાર્ક ખાતે ધારાવીની ૫૦૦ થી વધુ મહિલાઓ અને કિશોરીઓને એક વિશાળ સુખાકારી પહેલ માટે ભેગા કરીને ધારાવી યોગ મહોત્સવ ૨૦૨૬નું આયોજન કર્યું હતું.



એનએમડીપીએલની ધારાવી સ્વાસ્થ્ય સાથી પહેલ અને ધારાવી સોશિયલ મિશન હેઠળ આયોજિત આ કાર્યક્રમ શારીરિક અને માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે આત્મવિશ્વાસ, સમુદાય ભાગીદારી અને વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન આપે છે. આ કાર્યક્રમ યોગ વિદ્યા નિકેતનના સહયોગથી યોજવામાં આવ્યો હતો, જેના પ્રશિક્ષિત પ્રશિક્ષકોએ બે સુઆયોજીત યોગ સત્રોનું નેતૃત્વ કર્યું હતું, જેમાં સહભાગીઓને શારીરિક અને માનસિક સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરતા યોગ આસનો, શ્વાસ લેવાની ટેકનીક અને પ્રથાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ભાગ લેનારાઓ, જેમાંથી ઘણા પ્રથમ વખત યોગ અભ્યાસનો અનુભવ કરી રહ્યા હતા, તેઓ સત્રોમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. પોતાના અનુભવ પર પ્રતિબિંબ પાડતા, ગીતિકા (૧૬) એ કહ્યું, મેં ટીવી પર યોગ કરતાં જોયા હતા, પણ ક્યારેય જાતે તેનો પ્રયાસ કર્યો નહીં. આજે મને ખૂબ જ હળવાશ અને આત્મવિશ્વાસનો અનુભવ થયો. મને યોગ શીખવાનું ચાલુ રાખવાનું ચોક્કસ ગમશે.

આ પહેલ વિશે બોલતા યોગ વિદ્યા નિકેતનના મહેશ સિંકરે કહ્યું હતું કે યોગ માત્ર એક અભ્યાસ નથી, પરંતુ જીવનનો એક માર્ગ છે જે શરીર અને મનમાં સંતુલન લાવે છે. ધારાવીની મહિલાઓ તરફથી આવી ઉત્સાહી ભાગીદારી જોઈને પ્રોત્સાહક થાય છે. ધારાવી યોગ મહોત્સવ જેવી પહેલ મહત્વપૂર્ણ છે કારણ કે તે યોગને સ્ટુડિયોથી આગળ લઈ જાય છે. ■

## રાજ્ય પ્રધાને મીરા-ભાયંદરમાં પાણીની અછત વચ્ચે ભાજપના વિધાનસભ્યની પૂલ પાર્ટીના આયોજનની ટીકા કરી

થાણેઃ મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે મીરા-ભાયંદરમાં ભાજપના વિધાન સભ્ય સાથે સંકળાયેલી ક્લબમાં યોજાનારી પૂલ પાર્ટીનો વિરોધ કરી શહેરમાં પાણીની તીવ્ર તંગી વચ્ચે આયોજિત કાર્યક્રમને બેફિકરાઈ ગણાવ્યો છે.

શનિવારે ભાયંદર ખાતે એક પત્રકાર પરિષદમાં સરનાઇકે શિવ સૈનિકોને વિનંતી કરી હતી કે તેઓ ૨૭ જૂનએ વિધાન સભ્ય નરેન્દ્ર મહેતા સાથે સંકળાયેલા સેવન ઇલેવન ક્લબમાં યોજાનારા કાર્યક્રમ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરે.

પ્રધાને જણાવ્યું હતું કે નાગરિકો ગંભીર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે ત્યારે હજારો લિટર પાણીનો ઉપયોગ કરતા કાર્યક્રમનું આયોજન કરવું એ લોકો સાથે અન્યાય છે.

મહાનગરપાલિકાને પોલીસ અને જિલ્લા અધિકારીઓને પાણીનો બગાડ રોકવા માટે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરી પ્રધાને જણાવ્યું હતું કે સૂર્ય જળ યોજનામાં વિક્ષેપને કારણે ઘણા વિસ્તારોને સતત બે દિવસ સુધી પાણી વિના રહેવાની ફરજ પડી હતી.

ઘણી કોશિશ કરવા છતાં પૂલ પાર્ટીના આયોજકોનો સંપર્ક નહોતો થઈ સહકયો. (પીટીઆઈ) ■

## આઠ વર્ષ કસ્ટડીમાં વિતાવ્યા અને સજા પણ એટલી જઃ આરોપીને છોડી મુકાયો

થાણેઃ બનાવટી નોટો અને ગેરકાયદે શસ્ત્ર રાખવાના ૨૦૧૮ના કેસમાં થાણેની સેશન્સ કોર્ટે ૩૮ વર્ષના શખસને કસૂરવાર ઠેરવ્યો હતો અને આઠ વર્ષની સજા સંભળાવી હતી. જોકે આરોપીએ એટલાં વર્ષ અદાલતી કસ્ટડીમાં વિતાવ્યાં હોવાથી કોર્ટે તેને છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો.

એડિશનલ સેશન્સ જજ વી. એલ. ભોસલેએ ૧૭ જૂને આપેલા ચુકાદામાં આરોપી આશિષ શિવકુમાર શર્માને સજા જેટલાં વર્ષ ન્યાયિક કસ્ટડીમાં વિતાવ્યાં હોવાથી તાત્કાલિક છોડી દેવાનો આદેશ આપ્યો હતો. જોકે તેને ૮,૬૦૦ રૂપિયાનો દંડ ભરવાનું ચુકાદામાં જણાવાયું હતું.

થાણે જિલ્લાના દીવા ખાતેના એક સ્થળે પોલીસે રેઇડ કરીને શર્માની ધરપકડ કરી હતી. તે સમયે પોલીસે ૧,૦૯,૬૫૦ રૂપિયાના મૂલ્યની બનાવટી નોટો, સ્કૅનર-પ્રિન્ટર અને લાઈસન્સ વિનાનું શસ્ત્ર જપ્ત કર્યું હતું. શર્મા ૧૧ જુલાઈ, ૨૦૧૮થી જેલમાં બંધ હતો.

જજે આદેશમાં નોંધ્યું હતું કે બનાવટી કરન્સી નોટોનો ગુનો ગંભીર આર્થિક ગુનો છે. નકલી કરન્સી નાણાકીય સ્થિરતાને ખલેલ પહોંચાડે છે અને સામાન્ય નાગરિકો તેમ જ રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાને હાનિ પહોંચાડે છે.

જોકે કોર્ટે આરોપીના નબળા આરોગ્ય, ફૅમિલી સપોર્ટનો અભાવ અને ભૂતકાળના રેકોર્ડને ધ્યાનમાં લીધા હતા.

કોર્ટે એવી નોંધ કરી હતી કે આરોપીએ અદાલતી કસ્ટડીમાં ખાસ્સો સમય વિતાવ્યો છે. આથી દંડ સાથે મળીને આ કેસમાં ન્યાય થઈ જાય છે. કોર્ટે આરોપીને વિવિધ ગુના માટે ૮,૬૦૦ રૂપિયાનો એકત્રિત દંડ ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

કેસના સહઆરોપી મોહમ્મદ ઈસ્માઈલ યાસીન સિદ્દીકીએ પોતે કસૂરવાર નથી એમ જણાવતાં તેની વિરુદ્ધ નિયમિત ટ્રાયલ દ્વારા અલગથી કાર્યવાહી ચાલશે. (પીટીઆઈ) ■

## બૅન્ગકૉકથી આવેલા બે ભારતીય પાસેથી ૬.૬૫ કરોડનો ગાંજો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર બૅન્ગકોકથી આવેલા બે ભારતીય નાગરિક પાસેથી કસ્ટમ્સના અધિકારીઓએ અંદાજે ૬.૬૫ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કર્યો હતો.

કસ્ટમ્સના ઍર ઈન્ટેલિજન્સ યુનિટે (એઆઈયુ) ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ હરિયાણાના કરનાલ ખાતે રહેતા તેજિન્દર ગાબા (૪૮) અને પિંપરી-ચિંચવડના વતની રોહન મહાલે (૩૧) તરીકે થઈ હતી. બૅન્ગકોકથી આવનારા બે પ્રવાસી તેજિન્દર અને રોહન પાસે હાઈડ્રોપોનિક ગાંજો હોવાની માહિતી એઆઈયુને મળી હતી.

માહિતીને આધારે અધિકારીઓએ શનિવારે મુંબઈ ઍરપોર્ટ પહોંચેલા બન્નેને તાબામાં લઈ તેમના સામાનની તપાસ કરી હતી. અધિકારીના જણાવ્યા મુજબ ગાબાની ટ્રોલી બૅગમાંથી ફૂડ પૅકેટ્સ મળ્યાં હતાં, જેમાં ગાંજો ભરેલાં છ પાઉચ સંતાડવામાં આવ્યાં હતાં. ■



**ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પરીક્ષાઃ** મુંબઈમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે નીટ-યુજીની ફેરપરીક્ષા યોજાઈ હતી. ઉમેદવારોની તપાસ બાદ તેમને તેમના કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

## નીટ પેપર લીક કેસ નહીં, સોશ્યલ મીડિયા પરની અફવાઓથી લાતુર કોચિંગ એડમિશન પર ભારે અસર

લાતુરઃ સીબીઆઈએ નીટ લીક કેસમાં ત્રણ સ્થાનિક વ્યક્તિની ધરપકડ કરતા લાતુરમાં કોચિંગ ક્લાસ વ્યવસ્થાને બિલોરી કાચથી જોવામાં આવી રહી છે એ પરિસ્થિતિમાં આ વર્ષે એડમિશનમાં તીવ્ર ઘટાડો હાઇપ્રોફાઇલ કેસ કરતા સોશ્યલ મીડિયા પર ફેલાયેલી અફવાઓને કારણે વધુ થઈ રહ્યો હોવાનો ખુલાસો કરવામાં આવ્યો છે.

શહેરમાં લગભગ ૩૦૦ હોસ્ટેલ અને કોચિંગ ક્લાસ પર નભતા કેટલાક વ્યવસાય છે જે અન્ય જિલ્લાના ધોરણ ૧૨ ના ૭૦થી ૮૦ હજાર વિદ્યાર્થીઓની જરૂરિયાતો પૂરી પાડે છે. વળી લાંબા સમયથી તે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના મહારાષ્ટ્રના અગ્રણી કેન્દ્રોમાંનું એક માનવામાં આવે છે.

સીબીઆઈએ ગયા મહિને શહેર સ્થિત રેણુકાઈ કરિયર સેન્ટરના સ્થાપક શિવરાજ રઘુનાથ મોતેગાંવકર, નિવૃત્ત પ્રોફેસર પીવી કુલકર્ણી અને ડો.મનોજ શિરુરેની નીટ પેપર લીક કેસમાં ધરપકડ કરી હતી.

આ શૈક્ષણિક સત્રમાં પરિસ્થિતિ વધુ કથળી હોવાથી મુશ્કેલીઓ વધી હોવાનું વેપારીઓ, હોસ્ટેલ માલિકો અને કોચિંગ ક્લાસના પ્રતિનિધિઓએ જણાવ્યું છે.

સંબંધિત લોકોના જણાવ્યા અનુસાર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા લાતુર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીમાં ઉત્પાદન માટે ફાળવવામાં આવેલા ઔદ્યોગિક શેડમાં ગેરકાયદેસર રીતે ચાલતી તમામ વ્યાપારી પ્રવૃત્તિઓને તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપવાના નિર્દેશથી ચિંતામાં વધારો થયો છે.

લાતુરમાં હોસ્ટેલ એસોસિએશનના પ્રમુખ નીતિન પવારે જણાવ્યું હતું કે આ શૈક્ષણિક વર્ષમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓના પ્રવેશમાં લગભગ ૪૦ ટકાનો ઘટાડો થયો છે.

સોશ્યલ મીડિયા પર લાતુર પેટર્નને બદનામ કરવાના સમાચારો અને વિદ્યાર્થીઓની હાજરી માટે તમામ જુનિયર કોલેજોમાં બાયોમેટ્રિક મશીન લગાવવાના સરકારના નિર્ણયને કારણે ઘટાડો નોંધાયો છે. (પીટીઆઈ)■

## હર્બલ ટ્રિટમેન્ટને નામે વૃદ્ધ બિઝનેસમૅન પાસેથી 'ઉપચારકે' ૫૬ લાખ પડાવ્યા

થાણેઃ થાણેના બિઝનેસમૅનને હર્બલ ટ્રિટમેન્ટ પૂરી પાડવાનું કહીને 'ઉપચારક' હોવાનો દાવો કરનારા ઠગ અને તેના સાથીએ ૫૬.૨ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ બન્ને આરોપીએ ગયા વર્ષના નવેમ્બરમાં ૭૫ વર્ષના ફરિયાદને કુરિયર દ્વારા દવાઓ મોકલાવી હતી. જોકે દવા લીધા પછી પણ ફરિયાદીના સ્વાસ્થ્યમાં કોઈ સુધારો જણાયો નહોતો.

કાસારવડવલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીએ બાદમાં ફરિયાદીને ઘોડબંદર રોડ પરની ગાયમુખ ચોપાટી ખાતે બોલાવ્યા હતા. ત્યાં વિવિધ વનસ્પતિ મિશ્રિત દવા પીવાની ફરિયાદને ફરજ પડાઈ હતી.

આ સારવારનો ખર્ચ ૫૬ લાખ રૂપિયા થયો હોવાનો દાવો કરીને આરોપીએ રૂપિયાની માગણી કરી હતી. નાણાં ન આપે તો ખરાબ પરિણામ ભોગવવાં પડશે, એવી ધમકી પણ તેમણે આપી હતી. ફરિયાદીને ચેતવણી આપવામાં આવી હતી કે રૂપિયા લેવા માટે તેમના ઘરે માણસો મોકલવામાં આવશે અને જો રૂપિયા ન ચૂકવે તો સારવાર દરમિયાન લેવામાં આવેલી તસવીરો ઑનલાઈન સર્ક્યુલેટ કરીને બદનામી કરવામાં આવશે.

ડરના માર્યા ફરિયાદીએ ૨૦ હજાર રૂપિયા રોકડમાં ચૂકવ્યા હતા. બાદમાં આરોપીએ જણાવેલાં વિવિધ બૅન્ક ખાતાંમાં ટુકડે ટુકડે રકમ જમા કરાવી હતી. આ રીતે ફરિયાદી પાસેથી ૫૬.૨ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હતા.

જોકે આરોપીએ વધુ નાણાંની માગણી કરતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૮(૨), ૩૧૮(૨), ૩૧૮(૩), ૨૭૭ અને ૩(૫) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

## સ્ટેશન પર ચાર્જમાં મૂકેલા મોબાઈલમાંથી સિમ કાર્ડ ચોરનારો યુવક પકડાયો

### ઑનલાઈન ગેમ રમવા સિમ કાર્ડની મદદથી લૉન લેતો અથવા ખાતામાંથી નાણાંની ઉચાપત કરતો

પુણેઃ પુણેનો યુવક ઑનલાઈન ગેમ રમવા માટે નાણાંની વ્યવસ્થા કરવા સ્ટેશન પર ચાર્જમાં મૂકેલા પ્રવાસીના મોબાઈલ ફોનમાંથી સિમ કાર્ડ ચોરતો હતો. પછી એ સિમ કાર્ડની મદદથી ઈન્સ્ટન્ટ લોન લેતો અથવા બૅન્ક ખાતામાંથી નાણાંની ઉચાપત કરતો.

પુણે રેલવે પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ સંકેત કુલકર્ણી (૨૩) તરીકે થઈ હતી. પુણેના આકુર્ડી ખાતે રહેતા આરોપી પાસેથી રોકડ, ગુનામાં ઉપયોગમાં લેવાયેલો મોબાઈલ અને છેતરપિંડીથી મેળવેલી રકમમાંથી ખરીદવામાં આવેલી મોંઘી વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. સાંગલીના વિનોદે બીજી જાન્યુઆરીએ પુણે રેલવે સ્ટેશન પરના સ્લીપર વેટિંગ રૂમમાં તેનો મોબાઈલ ફોન ચાર્જિંગમાં મૂક્યો હતો. થોડા સમય પછી તેણે ફોન જોતાં તેમાંથી સિમ કાર્ડ ગુમ હોવાનું જણાયું હતું. નવું સિમ કાર્ડ મેળવીને વિનોદે તેના મોબાઈલમાં નાખ્યું ત્યાં સુધીમાં તો આરોપીએ વિનોદના નામે ઑનલાઈન મેળવી હતી અને તેમાંથી ૧.૧૩ લાખ રૂપિયાનો મોબાઈલ ખરીદ્યો હતો.

આ જ રીતે ૨૯ મેના રોજ અન્ય એક પ્રવાસીના મોબાઈલમાંથી સિમ કાર્ડ ચોરાયું હતું. પોલીસે સ્ટેશન પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસતાં બન્ને કેસમાં સંકેત શંકાસ્પદ રીતે ફરતો નજરે પડ્યો હતો. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે તેને તાબામાં લીધો હતો. ■

## દગો વ્યાજ સમેત પાછો કરીશુંઃ સુધીર મુનગંટીવાર

મુંબઈઃ શિવસેનાના ૬૦મા સ્થાપના દિવસ નિમિત્તે શુક્રવારે બંને જૂથોની સભાઓમાં 'ઓપરેશન ટાઈગર' મુદ્દે ઉદ્ધવ ઠાકરે અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વચ્ચે જોરદાર પ્રહારો થયા હતા. ઉદ્ધવ ઠાકરેએ બળવાખોરોને આકરા શબ્દોમાં ફટકારવાની વાત કરી હતી, જેના પર ભાજપના નેતા સુધીર મુનગંટીવારે ૨૦૧૯ની ઘટનાઓની યાદ અપાવીને ઉદ્ધવ ઠાકરે પર વળતો પ્રહાર કર્યો હતો.

ઉદ્ધવ ઠાકરે હવે સાવ એકલા પડી ગયા છે એટલે ગુસ્સામાં આવીને વિરોધીઓને 'ચગદી નાખવા' જેવા આકરા શબ્દો બોલે છે. ૨૦૧૯માં ઉદ્ધવજીએ ભાજપ અને જનતાને દગો આપ્યો હતો. આજે તેમની સાથે જે થઈ રહ્યું છે, તે તેમના જ જૂના કર્મોનો બદલો છે જે વ્યાજ સાથે પાછો મળી રહ્યો છે. હું મારું પદ છોડી દઈશ એવી ખાલી ખોટી વાતો વારંવાર કરવાથી જનતાનો વિશ્વાસ તૂટી જાય છે, એમ મુનગંટીવારે કહ્યું હતું.■

## ...તો મનોજ જરાંગે ફરી ૨૯ ઑગસ્ટથી ભૂખ હડતાળ કરશે!

મુંબઈઃ મરાઠા આંદોલનકારી મનોજ જરાંગે પાટીલે ગત મે મહિનાના અંતમાં કરેલી ભૂખ હડતાળ બાદ સરકારે ઓબીસીની જેમ મરાઠા સમાજને સવલતો આપવા, મરાઠા-કુણબી મંત્રાલય સ્થાપવા અને મરાઠા આંદોલનમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારોને આર્થિક સહાય અને કેટલાકને એમઆઈડીસીમાં નોકરી જેવી મોટી જાહેરાતો કરી હતી. પરંતુ સરકારી નિર્ણયો છતાં અધિકારીઓ કામમાં અડચણો ઊભી કરી રહ્યા હોવાથી નારાજ થઈને મનોજ જરાંગે પાટીલે ફરી ચેતવણી આપી હતી કે, જો બાકી રહેલી તમામ માગણીઓ પૂરી કરવામાં નહીં આવે તો તેઓ ૨૯ ઓગસ્ટથી ફરીથી ઉપવાસ પર બેસશે.■

### મરાઠા વિદ્યાર્થીઓને ફી પરત મળશે...સરકારની મોટી જાહેરાત

મરાઠા સમાજને રાજ્ય સરકાર દ્વારા ઓબીસીની જેમ જ સવલતો આપવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ શાળા અને કોલેજોમાં મરાઠા વિદ્યાર્થીઓ પાસેથી ૧૦૦ ટકા ફી લેવાઈ રહી હોવાનો મુદ્દો મનોજ જરાંગે પાટીલે ઉઠાવ્યો હતો. અંતરવલ્લી સરાટીમાં મુલાકાત દરમિયાન વિધાનસભ્ય પ્રસાદ લાડે આ અંગે મોટી જાહેરાત કરી હતી.

વિધાનસભ્ય પ્રસાદ લાડે જાહેરાત કરી હતી કે મરાઠા વિદ્યાર્થીઓ પાસેથી શાળા અને કોલેજો દ્વારા જે કંઈ પણ શૈક્ષણિક ફી વસૂલ કરવામાં આવી છે, તે તમામ ફી પરત કરવામાં આવશે. ૨૩ જૂનના રોજ મળનારી કેબિનેટની બેઠકમાં આ વિષય રજૂ કરવામાં આવશે. તમામ વિભાગીય કમિશનરો આ ઉપસમિતિની બેઠકમાં હાજર રહેશે અને તેમને તે મુજબના નિર્દેશો આપવામાં આવશે. તેમજ સોમવાર સુધીમાં તમામ શાળાઓ અને કોલેજોને આ અંગેના આદેશો આપી દેવામાં આવશે. ■

# લોકમાન્ય તિલક ટર્મિનસ પર ૫૬ કલાકનો બ્લોક: મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનના સમયપત્રકમાં ફેરફાર

મુંબઈ : લોકમાન્ય તિલક ટર્મિનસ પર વિવિધ માળખાકીય કાર્યો માટે બુધવાર, ૨૪ જૂનથી શુક્રવાર, ૨૬ જૂન સુધી ૫૬ કલાકનો ખાસ ટ્રાફિક બ્લોક લાગુ કરવામાં આવશે. પરિણામે ઘણી મેલ અને એક્સપ્રેસ ટ્રેનોના સમયપત્રકમાં સુધારો કરવામાં આવ્યો છે. ખાસ ટ્રાફિક બ્લોક દરમિયાન હાથ ધરવામાં આવનારા કાર્યોમાં શન્ટિંગ નેક્નું બાંધકામ, 'સિક સાઇડિંગ' અને જાળવણી સાઇડિંગ યાર્ડમાં ફેરફાર અને જાળવણી સાઇડિંગ નંબર ૬, ૭, ૮ અને ૯ માં 'પીટ લાઇન્સ'નું વિસ્તરણ શામેલ છે. વધુમાં પાણી પુરવઠા લાઇન, ડ્રેનેજ સિસ્ટમ્સ અને વરસાદી પાણીના ડ્રેનેજ ચેનલોનું ફરીથી ગોઠવણી હાથ ધરવામાં આવશે. આ ૫૬ કલાકનો બ્લોક બુધવારે સવારે ૮:૦૦ વાગ્યાથી શુક્રવારે સાંજે ૪:૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે. બુધવારે, મેંગલુરુ સેન્ટ્રલ-લોકમાન્ય તિલક ટર્મિનસ મત્સ્યગંધા એક્સપ્રેસ, ચેન્નઈ-લોકમાન્ય તિલક ટર્મિનસ એક્સપ્રેસ, તિરુવનંતપુરમ-લોકમાન્ય તિલક ટર્મિનસ નેત્રાવતી એક્સપ્રેસ અને ગોરખપુર-લોકમાન્ય તિલક ટર્મિનસ એક્સપ્રેસની સેવાઓ થાણે સ્ટેશન પર સમાપ્ત થશે. ૨૪ જૂને રાત્રે ૧૧:૩૫ વાગ્યે લોકમાન્ય તિલક ટર્મિનસથી ઉપડનારી એલટીટી-પાટલીપુત્ર એક્સપ્રેસ, ૨૫ જૂને સવારે ૩:૩૦ વાગ્યે ઉપડશે. ૨૩ જૂને ઉપડનારી ગોરખપુર-લોકમાન્ય તિલક ટર્મિનસ કુશીનગર એક્સપ્રેસ અને ૨૪ જૂને ઉપડનારી મેંગલુરુ સેન્ટ્રલ-લોકમાન્ય તિલક ટર્મિનસ મત્સ્યગંધા એક્સપ્રેસ સહિત વિવિધ એક્સપ્રેસ ટ્રેનોની સેવાઓ બુધવારે થાણે સ્ટેશન પર સમાપ્ત થશે.

# મંજૂર થયેલો પુનઃવિકાસ પ્રોજેક્ટ કેટલાક સભ્યોની અસંમતિના કારણે રોકી શકાશે નહીં: હાઈ કોર્ટ

મુંબઈ: બહુમતીથી મંજૂર થયેલો હાઉસિંગ સોસાયટીનો પુનઃવિકાસ પ્રોજેક્ટ માત્ર થોડાક અસંમતિ દર્શાવતા સભ્યોના કારણે રોકી શકાય નહીં, એવું મુંબઈ હાઈ કોર્ટે ફરી એકવાર એક કેસના સંદર્ભમાં સ્પષ્ટ કર્યું હતું. સાથે જ પ્રત્યક્ષ ઘર ખાલી કરવાનો સમય આવે તે પહેલાં અસંમતિ દર્શાવતા સભ્યોને તેમના ઘરમાંથી બહાર કાઢવા માટે દબાણ કરી શકાય નહીં. આવું કરવું એ ઉતાવળિયું ગણાશે, તેવું પણ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું.

બાન્દ્રા (પશ્ચિમ) સ્થિત કાર્ટર રોડ પર આવેલી મૂન ક્રાફ્ટ એપાર્ટમેન્ટ્સ કો.ઓ. હાઉસિંગ સોસાયટીના રીડેવલપમેન્ટ અંગે એક ડેવલપર દ્વારા દાખલ કરાયેલી અરજીને આંશિક રીતે મંજૂર કરતી વખતે ન્યાયમૂર્તિ અમિત બોરકરની સિંગલ બેન્ચે ઉપરોક્ત બાબતો મુખ્યત્વે સ્પષ્ટ કરી હતી. કોર્ટે અસંમતિ દર્શાવતા સભ્યોને રિડેવલપમેન્ટ પ્રક્રિયા માટે સંમતિ આપતા સોગંદનામા રજૂ કરવાનો આદેશ પણ આ સમયે આપ્યો હતો.

આ પુનર્વિકાસ પ્રોજેક્ટ ૩૮ ફ્લેટ અને સાત ગેરેજ ધરાવતી ૪૯ વર્ષ જૂની ઇમારત સાથે સંબંધિત છે. ૩૮માંથી ૩૨ સભ્યોએ જરૂરી સંમતિપત્રો રજૂ કર્યા હતા. જો કે, પ્રતિવાદી નંબર બેથી ૧૧ એ આ સંમતિપત્રો સબમિટ કરવાનો ઇનકાર કર્યો હતો. અસંમતિ દર્શાવતા સભ્યોએ એવી દલીલ કરી હતી કે, તેઓએ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા નથી, તેથી તેઓ આ નિર્ણયથી બંધાયેલા નથી. જો કે, કોર્ટે તેમની આ દલીલને ફગાવી દીધી હતી.

બીજી તરફ કોર્ટે પ્રતિવાદી નંબર ૨ થી ૧૧ ને ચાર અઠવાડિયાની અંદર સંમતિપત્રો પર હસ્તાક્ષર કરીને તે રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. જો કે, સભ્યોને તાત્કાલિક ઘરમાંથી બહાર કાઢવા, કબજો મેળવવા અને ફ્લેટનો પ્રત્યક્ષ કબજો લેવા માટે કોર્ટના અધિકારીની નિમણૂક કરવાની ડેવલપરની માગને કોર્ટે ફગાવી દીધી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આવી માગણીઓ સમય પહેલાની છે અને જ્યારે સભ્યોએ જગ્યા ખાલી કરવી પડે તેવો કરારનો તબક્કો આવશે ત્યારે જ તેના પર વિચાર કરાશે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ઘોઘા નિવાસી હાલ મુંબઈ માટુંગા, પ્રવીણભાઈ પરશોત્તમભાઈ શાહના ધર્મપત્ની અ. સૌ. કનકબેન (ઉં. વ. ૮૬) તા. ૨૦-૦૬-૨૦૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે ઘોઘા નિવાસી સ્વ. હીરાબેન શાંતીલાલ શાહની દીકરી. રવિ, નીરવ, લીનાના માતુશ્રી, સોનલબેન, સ્મિતાબેન, કલ્પેશકુમારના સાસુ, જય, રાજ, પુરવના દાદી, શ્રીદેવીના દાદી સાસુ. સ્વ. પોપટભાઈ, સ્વ. હીરાબેનના ભાભીની પ્રાર્થનાસભા તા. ૨૩-૦૬-૨૦૨૬ના મંગળવારે સવારે ૧૦ થી ૧૨. સ્થળ: શ્રી માટુંગા જૈન આરાધના ભવન અરોરા સીનેમાની બાજુમાં, ગુજરાતી કલ્બની બાજુમાં, કીંગ સર્કલ, માટુંગા, મુંબઈ - ૪૦૦૦૧૯

**શ્રી ઘોઘારી વિશા ઓશવાળ જ્ઞાતિ- જૈન**

વલભીપુર નિવાસી હાલ સાયન પ્રવિણચંદ્ર શાંતિલાલ કુંવરજી શાહ (ઉં. વ. ૮૭), તા.૧૯/૬/૨૬ને શુક્રવારના અરિહંત શરણ પામેલ છે. સ્વ. શાંતિલાલ કુંવરજી શાહના સુપુત્ર, ઊર્મિલાબેનના પતિ, હિતેન (રાજુ), પ્રીતિ હિરેન વસાના પિતાશ્રી, ભાવિનીના સસરા તેમ જસ્વ. કાંતિલાલ હીરાચંદ શાહના જમાઈ. વિનોદચંદ્ર શાંતિલાલના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની તુંબડી હાલે બેંગ્લોરના ભરત રવજી સાવલા (ઉં. વ. ૭૬) તા.૧૯-૬-૨૬ ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન રવજી ધરમશી સાવલાના પુત્ર. જયેન્દ્રાના પતિ. રાજવી, તન્વીના પિતા. પ્રભા, જગદીશ, જીતેશ, મોહીનીના ભાઈ. ના.ભાડીયા મણીબેન કેશવજી રવજી નંદુના જમાઈ.પ્રાર્થના રાખેલ નથી. નિ. ભરત રવજી સાવલા, ૬૦૬૩, ટાવર નં.૬, પ્રેસ્ટીઝ બાગમાને, ટેમ્પલ બેલેસ, બેંગ્લોર, ૫૬૦૦૯૮.

**શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટા ખુંટવડા નિવાસી હાલ વિલે પારલે સ્વ. શશીકાંતભાઈ સવચંદભાઈ ગાંધીના ધર્મપત્ની હસુમતીબેન (ઉ.વ. ૮૧) તા. ૨૦-૬-૨૬ને શનિવારનાં અરિહંતશરણ પામેલ છે. તે મનોજના માતુશ્રી. ફાલ્ગુનીના સાસુ, નિસર્ગના દાદી. કામરોળવાળા સ્વ. અનસૂયાબેન મનસુખલાલ શાહ અને કોલ્હાપુરવાળા ચંદ્રાબેન યશવંતરાયના ભાભી. પિયર પક્ષે જેસરવાળા હાલ મુલુન્ડ સ્વ. હેમકુંવરબેન વેલચંદભાઈ રણછોડદાસ શાહના દીકરી. બન્ને પક્ષની એક દિવસની સાદડી મંગળવાર, તા. ૨૩/૬/૨૬ બપોરે ૩.૦૦થી ૫.૦૦. સ્થળ: ચતવાણી બાગ, ગોખલે રોડ, વિલે પારલે (પૂર્વ), સ્ટેશનની સામે.

## હિન્દુ મરણ

**દશા ઝારોળા વણિક**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી મુંબઇ કાંતિલાલ જમનાદાસ શાહ (ઉં. વ. ૮૭) તે સ્વ. ઇલાબેનના પતિ. વૈશાલી અને દિગેશના પિતા. પ્રશાંત અને હિનાના સસરા. સ્વ. લીલાવતી જમનાદાસ શાહના પુત્ર. સ્વ. રતિકાંતાબેન, સ્વ. મધુભાઇ, સ્વ. મૃદુલાબેન, અરુણાબેન, અંજલિબેન, દેવાનંદના ભાઇ શનિવાર તા. ૨૦-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ગં. સ્વ. લતાબેન તે સ્વ. કૃષ્ણકાંત ગોરધનદાસ માવાણીના ધર્મપત્ની. તે જીજ્ઞેશ તથા સોનાલી આશિષ મોરજરિયાના માતુશ્રી. તે મીરાબહેનના સાસુ. તે ખુશીના દાદી. તથા ફલકના નાની. તે સ્વ. વલ્લભદાસ જીવરાજ ગોકાણીના પુત્રી તા. ૨૦-૬-૨૬ના શનિવાર વાપી મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**લેઉવા પાટીદાર**

વિલેપાર્લે ગામ સરાર પ્રવીણભાઇ ડાહ્યાભાઇ પટેલ (ઉં. વ. ૭૭) તા. ૨૦-૬-૨૬ અક્ષરનિવાસી થયા છે. તે ભાવનાબેનના પતિ. ચેતના પરેશ પરમાર અને જાસ્મિના જનક પટેલના પિતાશ્રી. ધરમભાઇના મોટાભાઇ. ભાનુબેનના જેઠ. ઠે. ૪૦૨, વેસ્ટ વ્યુ, ૪થે માળે, જુહુ સ્કીમ રોડ નં.૪, વિલેપાર્લે (વેસ્ટ), બેસણું રાખેલ નથી, લૌકિક રિવાજ બંધ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

ગં. સ્વ. સુશીલાબેન (પુષ્પાબેન) દામોદરદાસ જોશી (વાલાણી) (ઉં. વ. ૯૧) સ્વ. મોતીબાઇ ધરમશી વાલાણીના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીબેન ગીરધરલાલ માપારાની પુત્રી. તા. ૨૦-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે માલતી દિગંત, શીલ્પાના માતુશ્રી. નરેન્દ્ર, દીપ્તી, સંજયના સાસુમા. બન્ને પક્ષ તરફથી લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ઠા. મથુરદાસ પુરુષોતમ ધામે મૂળ ગામ દૂધઇ તથા હાલ મુલુંડ નિવાસીના ધર્મપત્ની ગં. સ્વ. શાંતાબેન (ઉં. વ. ૮૭) તા. ૨૦-૬-૨૬ શનિવારના શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ. કરસનદાસ ગોવિંદજી માણેક, વર્ષામેડી (અંજાર)વાળાની પુત્રી. તે વીણા દિલીપ ધીરાવાણી, પદ્મા (પૂર્વી) ભરત ઠક્કર તથા મનીષના માતુશ્રી. તે જાગૃતિના સાસુ. તે અંકિતના દાદી. મિસા અંક્તિ ધામેના દાદી સાસુ. પ્રાર્થનાસભા તા. ૨૨-૬-૨૬ સોમવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. પદ્માવતી બેન્કવેટ હોલ, ૫મો તથા ૬ઠ્ઠો માળ, પ્રણવ કોમર્શિયલ પ્લાઝા. એમ. જી. રોડ, શિવસેના ઓફિસ ઉપર, મુલુંડ (પશ્ચિમ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ વૈષ્ણવ**

ઓથાવાળા સ્વ. મધુબેન ધીરજલાલ પારેખના પુત્ર શીરીષભાઇ શ્રીજીચરણ પામ્યા છે તા. ૨૧-૬-૨૬. તે એન્દ્રીના પતિ. કિમ્બરલી અને ક્રીશના પિતા. વંદનાબેન, ભૂપેશભાઇ, રક્ષા રીતેશભાઇ દોશી, કિન્નરી શેઠના ભાઇ. મોસાળ પક્ષે રાજુલાવાળા ગંગાદાસ હરગોવિંદદાસ મહેતા. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

જામસલાયાવાળા હાલ વાશી નિવાસી નરેન્દ્રભાઇ (નટુભાઇ) ગોપાલદાસ મજીઠિયા (ઉં. વ. ૮૧) તે સ્વ. શાંતાબેન ગોપાલદાસ મજીઠિયાના પુત્ર. તે નીતાબેન (દેવયાનીબેન)ના પતિ. તે પિયુષભાઇ અને પારુલબેનના પિતાશ્રી. તે જુબીનભાઇ ઠક્કર અને મોહિનીના સસરા. તે ત્વીષા અને દિયાના દાદા. તે સ્વ. રતનબેન તુલસીદાસ પાબારીના જમાઇ તા. ૨૦-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૬-૨૬ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. ગુજરાત ભવન, પરમાર્થ નિકેતન માર્ગ, સેકટર ૧૫, વાશી નવી મુંબઇ-૪૦૦૭૦૩.

**દશા શ્રીમાળી**

ગામ પેટલાદ હાલે અમદાવાદના. સ્વ. હર્ષદ-સુશીલા ચોક્સીના પુત્ર અને સ્વ જયંતી-લતા શાહ ગામ ચોટીલાના જમાઈ હિમાંશુ (ઉં. વ. ૭૦), તે રૂપાના પતિ, તે સ્વ શૌનક-અંજનાના ભાઈ આશુતોષ-મેઘા, અનુજા-વરુણના પિતા, તા ૨૦-૦૬-૨૦૨૬ ના રામશરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા તા ૨૨-૦૬-૨૦૨૬ ને સોમવાર સાંજે ૬:૦૦ થી ૭:૦૦. પ્રાર્થના સ્થળ: શ્રી રવજી જીવરાજ હોલ, (એસએનડીટી કોલેજ), આર. એ કિડવાઈ માર્ગ, માટુંગા ઈસ્ટ, મુંબઈ ૪૦૦૦૧૯.

**બાલાસિનોર દશા નીમા વણિક**

શ્રી શશિકાંત(બચુભાઈ) કાંતિલાલ કડકીયા (ધરીવાલા) (ઉં. વ. ૯૨), તેવો સ્વ. કાન્તીલાલ અને સ્વ. કુંદનબેન કડકીયાના પુત્ર. તે રજનીભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. અનિલભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, ડો સતીશભાઈ, સૌ. રેખા રાજેશ કડકીયાના ભાઈ, સપના, હેતલના પિતા, જીગ્નેશ દીપક દોશીના સસરા, ધારીની અને યશના નાના અને સ્વ. કોદરલાલ અને ગિરિજાબેન પરીખ (કોદરઝવેર)ના જમાઈ ૧૯.૦૬.૨૦૨૬, શુક્રવારે શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મથુરાદાસ ધનજીભાઈ ઠક્કર હાલ કાંદિવલી (ઉં. વ. ૯૦) તે સ્વ. જયાબેન ના પતિ, સ્વ. પોપટલાલ પરષોત્તમ રાજાના જમાઈ, પરેશ, હરેશ, રાજેશ્રી તથા મીતાના પિતા. અલકા, વર્ષા, જગદીશભાઈ પરમાણી તથા પ્રતિકભાઈ કોટડીયાના સસરા, સ્વ. જમનાદાસ, સ્વ. ભગવાનદાસ, ગોકલદાસ, રામદાસ, સ્વ. મુકુંદભાઈ, સ્વ. મંગુબેન, સ્વ. સુશીલાબેન, સ્વ. રમાબેન ના ભાઈ. ૨૦/૬/૨૬ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૨/૬/૨૬ ના રોજ ૫ થી ૭ કલાકે હાલાઇ લોહાણા બાળાશ્રમ અતુલ ટાવર પાસે, મંગુભાઇ દત્તાની માર્ગ કાંદિવલી વેસ્ટ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મુળગામ ગુરગઢ હાલ ઐરોલી નવી મુંબઈ નિવાસી પ્રભાબેન (મંગીબેન) (ઉં.વ.૭૬) શુક્રવાર તા. ૧૯/૦૬/૨૬ નાં શ્રીજીચરણ પામેલ છે. પ્રભુદાસ વિઠ્ઠલદાસ સચદેવના પત્ની. તે સ્વ.રંભાબેન વિઠ્ઠલદાસ સચદેવના પુત્રવધુ. તે સ્વ.જશોદાબેન ગોરધનદાસ વિઠલાણીના સુપુત્રી. તે સ્વ.મણિબેન લક્ષ્મીદાસ, સ્વ.પરસોત્તમભાઈ, સ્વ.લલિતાબેન, સ્વ. પ્રવિણાબેન, સ્વ.કુસુમ, ગં.સ્વ.નયના ચંદુલાલ, સ્વ.સુખબાઈ, સ્વ.ચંપાબેન, સ્વ. ગોદાવરીબેન તથા ગં.સ્વ.ભાનુબેન ગોકલદાસ પોપટના ભાભી. તે અતુલ, કિરીટ, અ.સૌ.નિરંજના, અ.સૌ.પ્રજ્ઞાબેન મનીષકુમાર દત્તાણી, ઉદય, યજ્ઞેશ, અ.સૌ.રક્ષા પંકજકુમાર રૂધાણી, અ.સૌ.ધર્મિષ્ઠા દિપકકુમાર તન્ના, અ.સૌ.દીપા નયનકુમાર સવજાણીના માતુશ્રી. શુક્રવાર તા. ૧૯/૦૬/૨૦૨૬ નાં રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થના સભા સોમવાર તા.૨૨/૦૬/૨૬ ના સાંજે ૦૪.૩૦ થી ૦૬.૦૦ કલાકે રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, ખારકર આળી, થાણા (વેસ્ટ) ખાતે રાખેલ છે.લૌકિક વ્યવહાર બંધ છે.


## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

■ **પ્રાર્થનાસભા તેમજ આધ્યાત્મિક પ્રવચન, ભજન, કીર્તન, શ્લોક માટે સંપર્ક ૯૯૩૦૪૬૧૭૭૯. (૩૫૧)**

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી : 9969388693 / 7506569229. (બી-૧૭૬૪૫)

### ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીગણેશ યાત્રા**

કાશી વિશ્વનાથ. અયોધ્યા. પ્રયાગ. નેપાળ કાટમંડુ પશુપતિનાથ પોખરા. પોતાનું રસોડું. ડિલક્સ હોટેલ. ગ્રુપ બુકિંગ આવકાર્ય દિવસ ૧૩. ઉપડશે ૨૬ સપ્ટેમ્બર. ૯૮૨૦૧૬૪૦૦૭, ૯૮૯૨૨૬૮૬૬૭. (૧૧૭૫-એ)

**તુષાર નેગાંધી**

શ્રી મલ્લિકાર્જુન હૈદરાબાદ રામોજી , દક્ષિણ ભારત + કેરળ, ગંગાસાગર જગન્નાથપુરી, ઉત્તરાખંડ ચારધામ, નેપાળ મુક્તિનાથ, દેવીબેન પ્રવાસ : ૯૮૩૩૭૩૦૬૩૯ (૧૧૭૨-ઈ)

### ૧૫. નોકરી જોઈએ છે

**WELL EXPERIENCED TYpist, knowing Independent Correspondence, Export Procedures, Office Routine, Computer, Seeks Part Time Job. 9930461779. (350)**

### ૩૧. નાણાંકીય

**''શેર સંબંધી''**

તમારાં ખોવાઈ ગયેલાં 'શેર' અમે 'ફ્રીમાં' ગોતી આપશું.. (IEPF, ડુપ્લીકેટ, ટ્રાન્સમીશનની સર્વિસ આપશું..) "Investment House" 9619315362, 8291225710. (બી-૧૭૭૬૦)

**PHYSICAL SHARES**

Inheritance Shares, IEPF Matter. Please Contact for Trustful Guidance and Service 8910897049. (SDBG-3373)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૧૪૨-સી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈમાં

ગંભીર રોગો ધરાવતા વ્યક્તિઓ માટે જોખમ હોઈ શકે છે.

બીએમસીના એક્ઝિક્યુટિવ હેલ્થ ઓફિસર ડો. દક્ષા શાહે જણાવ્યું હતું કે, કેટલાક કોવિડ કેસ નોંધાયા છે. જોકે, અમારું માનવું છે કે આ કેસ મુખ્યત્વે બદલાતા હવામાનને કારણે બહાર આવી રહ્યા છે. ડોક્ટરોને શંકા છે કે ચોમાસામાં વિલંબને કારણે આ શ્વસન વાયરસ અપેક્ષા કરતા વધુ સમય સુધી હવામાં ટકી શકે છે. ચોમાસું સંપૂર્ણપણે સક્રિય થયા પછી આ કેસોમાં ઘટાડો થવાની સંભાવના છે, એમ ડો. ઠાકરે જણાવ્યું.

### સાત હાઈ-સ્પીડ

કલાક અને ૫૭ મિનિટ લે છે જોકે, સૌથી નોંધપાત્ર વાત એ છે કે મુંબઈ-પુણેની મુસાફરી ટૂંક સમયમાં માત્ર ૪૮ મિનિટમાં પૂર્ણ થશે. વધુમાં પુણેથી હૈદરાબાદની મુસાફરી હવે ફક્ત બે કલાક અને ૮ મિનિટમાં પૂર્ણ થશે. દરમિયાન દક્ષિણ ભારતમાં, બેંગલુરુ અને ચેન્નઈ વચ્ચેની મુસાફરી ફક્ત ૭૩ મિનિટમાં અને બેંગલુરુથી હૈદરાબાદની મુસાફરી ૨ કલાક અને ૧૦ મિનિટમાં પૂર્ણ થશે. ઉત્તર ભારતમાં, દિલ્હીથી લખનૌની મુસાફરી ૨ કલાકમાં, દિલ્હીથી વારાણસી ત્રણ કલાક અને ૧૫ મિનિટમાં અને દિલ્હી અને સિલિગુડી વચ્ચેની લાંબી મુસાફરી ફક્ત ૬ કલાકમાં પૂર્ણ કરવાની યોજના ચાલી રહી છે.

આ પ્રોજેક્ટ્સ કેવી રીતે આકાર લેશે તેને હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી; જોકે, જરૂરી મંજૂરીઓ મળ્યા પછી વાસ્તવિક કાર્ય શરૂ થશે.

### વરસાદની હાજરીથી

૨૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ત્યાર બાદ ચેમ્બુર ફાયર સ્ટેશનમાં ૨૦ મિ.મી. અને માનખુર્દ ફાયર સ્ટેશનમાં ૧૬ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી.

ત્યાર બાદ સવારે સાતથી આઠ વાગ્યા દરમિયાન વરલી સીફેસ મ્યુનિસિપલ સ્કૂલ અને સાવિત્રીબાઈ ફુલે મ્યુનિસિપલ સ્કૂલમાં પચીસ-પચીસ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જે શહેરનો સૌથી વધુ હતો. એ સિવાય લોઅર પરેલમાં જી-સાઉથ વૉર્ડ ઑફિસમાં ૨૧ મિ.મી. અને વરલી ફાયર સ્ટેશન ખાતે ૧૭ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી.

શહેરમાં ક્યાંય પાણી ભરાવાની સ્થિતિ કે વરસાદ સંબંધી ઘટનાઓ નોંધાઈ નહોતી, એવું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન નાશિક જિલ્લાના ઈગતપુરી તાલુકામાં શનિવારની સાંજે વરસાદે જોર પકડ્યું હતું. જોકે થોડો સમય વરસ્યા પછી વરસાદે પોરો ખાધો હતો. વાશિમ અને માલેગાંવ તાલુકામાં પણ અનેક ઠેકાણે ઝરમર વરસાદની શરૂઆત થઈ હતી.

### આજથી વિધાનસભા

દ્વારા સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી. આ પ્રસંગે રાજ્ય સરકારની આકરી ટીકા કરવામાં આવી હતી.

### કોંગ્રેસના નેતા સતેજ પાટીલે શું કહ્યું?

'અમે દરેક મુદ્દા પર સરકારને જવાબદાર ઠેરવીશું. અમે પ્રધાનો વચ્ચેની દલીલો પર નજર રાખી રહ્યા છીએ. શું તેમની વચ્ચેની દલીલ પણ ગૃહમાં આવી રહી છે? એવું લાગે છે. મહારાષ્ટ્ર પર સાડા નવ લાખ કરોડનું દેવું છે. દરેક વ્યક્તિ પર ૭૦ થી ૮૦ હજાર રૂપિયાનું દેવું છે. અર્થતંત્ર સંપૂર્ણપણે પડી ભાંગ્યું છે. આવી સ્થિતિમાં, જે લોકો સંભાળી શકતા નથી તેમની સાથે ચા પીવી અમને યોગ્ય નથી લાગતું,' એમ સતેજ પાટીલે કહ્યું હતું.

### જયંત પાટીલે શું કહ્યું?

'અમે ચા પીવાનો બહિષ્કાર કર્યો. આના કેટલાક કારણો સતેજ પાટીલ અને ભાસ્કર જાધવે આપ્યા. જૂન પૂરો થયો હોવા છતાં વરસાદના કોઈ સંકેત નથી. ખરીફ સીઝનની વાવણીમાં વિલંબ થયો છે. ખેડૂતોએ જ્યાં આશા સાથે વાવણી કરી હતી, ત્યાં બીજ બગાડ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં, નાશિક, જલગાંવ, ધુળે, સોલાપુર, સતારા, પુણે, સાંગલી, સાતારામાં કેળા અને બાગાયતી ખેડૂતોને ભારે નુકસાન થયું છે. દ્રાક્ષ, જામફળ અને દાડમના બગીચાને થયેલા નુકસાનને કારણે પરેશાન ખેડૂતો માટે સરકારે કોઈ મદદની જાહેરાત કરી નથી. ડુંગળીના ખેડૂતો પણ મુશ્કેલીમાં છે,' એમ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)ના જયંત પાટીલે જણાવ્યું હતું.

### ભાસ્કર જાધવે શું કહ્યું?

'વિરોધ પક્ષના નેતાનું પદ એક બંધારણીય પદ છે. વિરોધ પક્ષને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની છૂટ નથી. જો તેમને વિરોધ પક્ષના નેતાનું પદ આપવામાં આવે તો તેઓ તેમ કરી શકશે નહીં. કારણ કે તે બંધારણીય પદ છે. રાજ્યના નાયબ મુખ્યપ્રધાનનું પદ બંધારણીય પદ નથી. વિરોધ પક્ષના નેતાનું પદ બંધારણીય છે. શાસક પક્ષને ડર છે કે જો વિરોધ પક્ષો તે સત્તાનો ઉપયોગ કરશે તો તેમના ઘણા પાપો પ્રકાશમાં આવશે,' એમ ઠાકરે જૂથના ભાસ્કર જાધવે જણાવ્યું હતું.

### ઉદ્ધવ ઠાકરે હવે

જૂને યવતમાલ-વાશીમ અને ત્યારબાદ હિંગોલી મતવિસ્તારની મુલાકાત લેશે. ૨૮ જૂને, તેઓ પરભણી અને ધારાશિવ લોકસભા મતવિસ્તારમાં પાર્ટી કાર્યકરો અને પદાધિકારીઓને મળશે. વધુમાં ૨૯ જૂને, તેઓ શિરડી મતવિસ્તારમાં પાર્ટી કાર્યકરો સાથે વાતચીત કરશે.

આ પ્રવાસનો હેતુ પાર્ટી સંગઠનના પુનર્નિર્માણ અને પદાધિકારીઓને સમર્થનનો સંદેશ આપવાનો છે. દરમિયાન, અહેવાલો સૂચવે છે કે શિવસૈનિકો મુંબઈના વિવિધ ભાગોમાં એકત્ર થવા લાગ્યા છે; તેઓ સંજય દિના પાટિલના મતવિસ્તારમાં પણ સક્રિય થયા છે.

### બીએમડબ્લ્યુ કાર

એટલા જોરથી અથડાઈ હતી કે ત્રણથી ચાર વાર પલટી ખાઈને ઘસડાઈ હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા આનંદને સારવાર માટે નજીકની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે કાર પુરપાટ વેગે દોડતી હતી, જેને પગલે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

કાર અથડાવાનો અવાજ સાંભળી સ્થાનિક રહેવાસીઓ દોડી આવ્યા હતા. એ સિવાય હાઈવે પરથી પસાર થનારા વાહનધારકો પણ મદદે આવ્યા હતા.

બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતકોનાં શબ પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયાં હતાં. આ પ્રકરણે ગુનો નોંધી બદલાપુર પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે ઘટનાસ્થળે ફોરેન્સિકની ટીમ પણ પહોંચી હતી અને પુરાવા ભેગા કર્યા હતા. ઘટના સમયે ડ્રાઈવર શરાબના નશામાં હતો કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે. (પીટીઆઈ)

### શિવસેના (યુબીટી)ના

કે ઓમરાજે અમારી સાથે જ રહેશે.'

શિવસેના (યુબીટી)ના સાંસદ અનિલ દેસાઈએ શનિવારે કહ્યું હતું કે ૨૦ વર્ષથી ન્યાયની રાહ જોનારાઓને હવે ખ્યાલ આવી ગયો હશે કે 'કોણ તેમના પક્ષમાં છે અને કોણ નકલી છે.'

સેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ અસંતુષ્ટ સાંસદોને શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે જેઓ પાછા આવવા માગે છે તેમનું સ્વાગત છે કારણ કે પાર્ટીના વડા ઉદ્ધવ ઠાકરેનું હૃદય મોટું છે.

તેમણે ચેતવણી પણ આપી હતી કે પાર્ટી વિરુદ્ધ જનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

### બેસ્ટ બસની

અને કર્મચારીઓને હડતાળ બોલાવવા પર પ્રતિબંધ મૂકવાના વચગાળાના આદેશ છતાં પણ આંદોલન ચાલુ છે.

બેસ્ટના કાયમી અને કામચલાઉ કર્મચારીઓ, તેમજ વેટ-લીઝ ઓપરેટરોના મોટાભાગના કર્મચારીઓ હડતાળમાં સહભાગી થયા છે.

મેસ્મા હેઠળ શનિવારે ચાલી રહેલી હડતાળમાં સહભાગી કર્મચારીઓ અને વેટ-લીઝ કોન્ટ્રાક્ટરોને નોટિસ આપવામાં આવી હતી. મેસ્મા હેઠળ હડતાળ પર રહેલા કર્મચારીઓ સામે કાનૂની પગલાં શરૂ કરી શકાય છે.

બેસ્ટ ૨,૭૬૬ બસોનો કાફલો ચલાવે છે અને દરરોજ લગભગ ૨૫ લાખ મુસાફરોનું પરિવહન કરે છે, જે તેને ઉપનગરીય રેલવે નેટવર્ક પછી મુંબઈનું બીજું સૌથી મોટું જાહેર પરિવહન પ્રદાતા બનાવે છે.

વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહેલા કર્મચારી સંગઠનોએ શનિવારે જણાવ્યું હતું કે તેઓ કોઈપણ સમયે સરકાર સાથે વાતચીત માટે તૈયાર છે અને રાજ્યના નેતૃત્વને તેમની પડતર માંગણીઓ પર વહેલા નિર્ણય લેવા વિનંતી કરી છે.

યુનિયનના નેતાઓએ જણાવ્યું છે કે જ્યાં સુધી સરકાર તેમની માગણીઓ પર ચોક્કસ પ્રતિબદ્ધતા નહીં આપે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે, જેમાં બેસ્ટના બજેટને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) સાથે મર્જ કરવા, સાતમા પગાર પંચની ભલામણોનો અમલ, નિવૃત્ત કર્મચારીઓના લેણાંની પતાવટ, પરિવહન અને વીજળી કામગીરીમાં કૉન્ટ્રેક્ટ પદ્ધતિ નાબૂદ કરવાનો સમાવેશ થાય છે.

### વિપક્ષે ચા પાર્ટીનો

પ્રશ્નો, મહિલાઓ પર વધતા અત્યાચાર, કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિ અને રાજ્યમાં વધતા ડ્રગ નેટવર્ક જેવા ઘણા મુદ્દાઓ પર રાજ્ય સરકાર કોઈ સંતોષકારક જવાબ આપતી નથી તે બદલ મહાવિકાસ આઘાડીએ સરકારની ટીકા કરી હતી. રાજ્ય દુકાળના સંકટનો સામનો કરી રહ્યું છે. વાવણીમાં વિલંબ થયો છે, ખેડૂતોની મુશ્કેલીઓ વધી રહી છે, એમ જણાવતાં શિવસેનાના જૂથના નેતા ભાસ્કર જાધવે પત્રકાર પરિષદમાં એવી માગણી કરી હતી કે સરકારે સૂકો દુકાળ જાહેર કરવો જોઈએ. સરકારે જાહેર કરેલી લોન માફી છેતરામણી છે અને ખેડૂતો શરતો અને નિયમોમાં ફસાઈ ગયા છે. મહા વિકાસ આઘાડીએ એવી માગણી કરી હતી કે મહાયુતિ સરકારે ખેડૂતોના ૭/૧૨ કોરા કરવા જોઈએ.

### સુપ્રિયા સુળેની

પાટિલને જોઈને બધા ચોંકી ગયા, કારણ કે શિંદે જૂથ દ્વારા બળવાખોર સંસદ સભ્યોને સલામત સ્થળે રાખવામાં આવ્યા હોવાની ચર્ચા હતી.

સંજય દિના પાટીલ નજરે પડતા ફોટોગ્રાફર અને વીડિયોગ્રાફરે તેમને થોડીવાર રોકવા કહ્યું. જોકે, તેમણે માત્ર હાથ હલાવી આભાર માન્યો અને નીકળી ગયા.

### ઓપરેશન ટાઈગર

થઈ ગયું છે. ઓમરાજે નિમ્બાલકરે શનિવારે કહ્યું હતું કે તેઓ બે દિવસમાં કાર્યકરો સાથે વાત કરશે અને પોતાનું વલણ જાહેર કરશે. આ પછી, ઓમરાજે નિમ્બાળકરે આખરે મતવિસ્તારમાં જઈને કાર્યકરો સાથે વાતચીત કર્યા પછી એવી જાહેરાત કરી છે કે, 'હું એકનાથ શિંદેની શિવસેનામાં જોડાઈશ અને હવેથી એકનાથ શિંદેના નેતૃત્વમાં કામ કરીશ.' આ વાત ઉદ્ધવ ઠાકરે માટે મોટો આંચકાસમાન છે.

રવિવારે ઓમરાજે નિમ્બાળકરે ધારાશિવના તેમના ગામ ગોવર્ધનવાડીમાં મતવિસ્તારના તમામ તાલુકાઓના પદાધિકારીઓ અને કાર્યકરોને બોલાવ્યા હતા, આ કાર્યકરો સાથે તેમણે બંધ બારણે ચર્ચા કરી હતી અને કેટલાકે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે ઓમરાજે શિંદેની શિવસેનામાં જોડાઈ જવું જોઈએ.

એકનાથ શિંદેએ સ્થિતિને સંભાળવા માટે પોતાના અંગત વિધાનસભ્ય તાનાજી સાવંત પણ ગોવર્ધનવાડી પહોંચ્યા હતા અને ઓમરાજે નિમ્બાળકર હવે શિવસેનામાં જોડાશે, ઓમરાજે નિમ્બાળકરે નિર્ણય લઈ લીધો હોવાનું જાણવા મળ્યું છે.

ઓમરાજે નિમ્બાલકરે શિવસેના શિંદે જૂથમાં જોડાવાનું નક્કી થઈ ગયું છે અને ફક્ત શિવસેના પ્રવેશની ઔપચારિક જાહેરાત બાકી છે. ઓમરાજે નિમ્બાલકરે જિલ્લામાં ભાજપના વિધાનસભ્ય રાણા જગજીતસિંહ પાટીલના વધતા પ્રભાવ અને સત્તાના અભાવે ભંડોળ માટે સંઘર્ષની પૃષ્ઠભૂમિ વચ્ચે સરકારમાં જોડાવાનો નિર્ણય લીધો છે. તેમને લાગે છે કે સત્તામાં આવ્યા વિના લોકોના કામ થઈ શકતા નથી.

મેં મારા બધા કાર્યકરોને અહીં હાજર રહેવા વિનંતી કરી હતી. મારી અપીલનો જવાબ આપતા, બધા કાર્યકરો હાજર રહ્યા છે. મેં બધા સાથે ચર્ચા કરી છે, મેં બધાના મંતવ્યો જાણ્યા છે.

હવે હું તમને થોડી પૃષ્ઠભૂમિ જણાવું છું. હમણાં જ યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઘણા નજીકના કાર્યકરોનો પરાજય થયો છે. અમે લોકોના કામમાં ક્યારેય પાછળ રહ્યા નથી, પરંતુ કમનસીબે, સત્તાના અભાવે અમને હારનો સામનો કરવો પડ્યો. અમે સામાન્ય લોકોના કામ માટે જનપ્રતિનિધિ તરીકે બેઠા છીએ. એટલે અમે નિર્ણય લીધો છે કે અમે શિવસેના (શિંદે) પાર્ટીમાં જોડાઈશું. હવેથી, અમે એકનાથ શિંદેના નેતૃત્વમાં કામ કરીશું, એમ ઓમરાજે નિમ્બાળકરે જણાવ્યું હતું.

'મેં મારા જાહેર જીવનની શરૂઆત કરવાનું કારણ એ હતું કે ખરાબ વલણ ધરાવતા લોકો કોઈપણ સંજોગોમાં રાજકીય મંચ પર ન હોવા જોઈએ. હું આજ સુધી આ ભૂમિકા ભજવી રહ્યો છું. અમે કાનૂની બાબતોમાં પણ લડ્યા હતા. પવનરાજે નિમ્બાળકરના હત્યા કેસની કાનૂની પ્રક્રિયા ૨૦ વર્ષથી ચાલી રહી હતી. આ ચુકાદાથી અમને ઘણી અપેક્ષાઓ હતી, પરંતુ જે પણ ચુકાદો આવ્યો તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.

આ બધા કેસોમાં, એક વ્યક્તિ અમારી પડખે ઉભો રહ્યો. શનિવારે, મેં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથ શિંદે સાથે વાત કરી હતી. તે પછી, તેમણે મારી અમિત શાહ સાથે વાત કરાવી હતી. પછી અમે તેમને ફક્ત વિનંતી કરી કે અમને તે ન્યાય મળે જે અમે ૨૦ વર્ષથી માગી રહ્યા છીએ. તે પછી, એકનાથ શિંદે પોતે આગળ આવ્યા અને તેના વિશે જણાવ્યું. હવે સીબીઆઈ આ કેસમાં હાઇકોર્ટમાં અરજી દાખલ કરવા જઈ રહી છે. એકમાત્ર અપેક્ષા એ છે કે અમને ન્યાય મળે,' એમ પણ ઓમરાજે નિમ્બાળકરે કહ્યું.

સંજય રાઉતની ટીકા બાદ ઓમરાજે નિમ્બાળકર નારાજ હતા. સંજય રાઉતે ઓમરાજે નિમ્બાળકરને રીલ સ્ટાર કહીને અપમાનિત કર્યા હતા.

### કોઈ પણ કોઈથી ઊતરતું નથી

સંજય રાઉત સાહેબે કહ્યું હતું કે, તેને હાંકી કાઢો, કોઈ વાંધો નહીં, તે મારા પિતા જેવા છે, તેમને બોલવામાં કોઈ વાંધો નથી. જોકે, ભલે આપણે કહીએ કે હાંકી કાઢો, કોઈ પણ કોઈથી ઊતરતું નથી, પરંતુ પરિણામો વધુ ખરાબ છે, એમ પણ નાગેશ પાટીલ-આષ્ટિકરે કહ્યું હતું.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# દિને દિને નવં નવં



શ્રીકૃષ્ણનાં ભક્તોને, ગોપીઓને, રાધાને તેઓ રોજ નવીન જાણાય. આ વાત સ્વાભાવિક પણ છે, આમ થવું જ જોઈએ, પરંતુ વાસ્તવિકતામાં શું શ્રીકૃષ્ણ રોજ નવાં હશે, તેવો પ્રશ્ન કોઈકને ઉદ્ભવી શકે. આ પ્રશ્નનો જવાબ ત્રણ સ્તરે આપી શકાય. પ્રથમ, વાસ્તવિક સ્થૂળ ભૌતિકતાના સ્તરે, બીજું, ભાવનાત્મક સમીકરણને આધારે અને ત્રીજું, સૃષ્ટિના સ્વરૂપના સંદર્ભમાં.

બની શકે કે રોજ શ્રીકૃષ્ણ જુદો જ પરીવેશ, જુદો જ શણગાર, પરિધાનની જુદી જ શૈલી અપનાવતા હોય; જેને કારણે તેમનામાં નીત નવીનતા પ્રતીત થતી હોય. જો આ બધાંમાં આટલો બદલાવ શક્ય ન જણાય તો સંભવિત છે કે તેમનાં રોજબરોજના કર્મમાં, લીલામાં વ્યાપક ભિન્નતા હોય. આને કારણે પણ પ્રત્યેક દિન શ્રીકૃષ્ણનું સ્વરૂપ ભિન્ન એટલે કે નવું જણાય. એ પણ બની શકે કે શ્રીકૃષ્ણ દરરોજ ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં ઉપસ્થિત રહેતાં હોય અને તેની અસર શ્રીકૃષ્ણની અનુભૂતિ પર થતી હોય. પરિણામે પ્રત્યેક દિવસે શ્રીકૃષ્ણ નવીન જણાય. ભૌતિક સ્તરે તેમના નૃત્યની, વાંસળીના સંગીતની કે વાણીની મધુરતાની પણ વાત થઈ શકે. આ બધું પણ રોજ નવીન સ્વરૂપ ધારણ કરતું હોઈ શકે. તેમનું સ્મિત પણ રોજ નવું જણાતું હશે.

ભાવનાત્મક દૃષ્ટિએ કૃષ્ણ ભક્તિનું એક એવું અમૃત છે કે જેનો સ્વાદ દરેક દિવસે વધુ મધુર બનતો જાય. રોજ નવા જ પ્રકારની કૃપા, તે કૃપા સાથે ભળેલી નવા જ પ્રકારની પ્રેરણા અને શાંતિ, રોજ ઉભરતી નવા જ પ્રકારની પ્રેમમય લાગણી, આ લાગણીના પ્રવાસમાં રોજ અનુભવાતું વિશેષ સામીપ્ય, રોજ અસ્તિત્વમાં આવતું ભક્તિનું નવું જ સ્વરૂપ અને તેનાંથી ઊભરતી આનંદની નવાં જ પ્રકારની લહેર, આધ્યાત્મિક અનુભૂતિમાં રોજ પ્રતિત થતું નવું ઊંડાણ તેમજ તાજગી, શ્રીકૃષ્ણના અસ્તિત્વમાં રોજ અનુભવાતી નવી જ રસિકતા તેમજ સુંદરતા અને આ બધાં સાથે શ્રીકૃષ્ણ પ્રત્યેનાં પ્રેમ-સમર્પણ માટે ઊભરતી નવી ઊર્જા; સ્વાભાવિક છે કે આ બધી ભાવનાત્મક બાબતોને કારણે શ્રીકૃષ્ણ 'દિને દિને નવં નવં' જણાય. કહેવાય છે કે જ્યારે ભક્ત પોતાનાં ઈશ્વરને - શ્રીકૃષ્ણને સાચા હૃદયથી યાદ કરે છે ત્યારે આપોઆપ ભક્તના જીવનમાં નવાં નવાં આધ્યાત્મિક અનુભવ થતાં રહે. એમ કહી શકાય કે શ્રીકૃષ્ણની કૃપા દ્વારા હૃદયમાં જે શાંતિ, સંતોષ, આનંદ તથા જ્ઞાનની અનુભૂતિ થાય તેનાથી પણ નવીન સકારાત્મક સંભાવના ઊભી થતી રહે.

શ્રીકૃષ્ણની લીલા અનંત છે, તેથી તેની અનુભૂતિમાં ભિન્નતાની સંભાવના છે. શ્રીકૃષ્ણનું સ્વરૂપ, ગીતાનાં વિશ્વરૂપ-દર્શન અનુસાર, અવર્ણનીય રીતે વ્યાપક અને વિસ્તૃત છે, તેથી સ્વાભાવિક રીતે તેમાં રહેલી વિવિધતા સમગ્રતામાં ક્યારેય ધ્યાનમાં ન આવે અને પરિણામે વિવિધ 'દર્શન' થતાં રહે. શ્રીકૃષ્ણની કરુણા અખૂટ છે, તે દયાનિધી છે, જેને કારણે પણ તેમની કૃપામાં અકલ્પ્ય વિકલ્પો હોય છે. શ્રીકૃષ્ણ સ્વયં અસીમિત છે, જેનાં વિશે કોઈપણ સીમિત અસ્તિત્વ સંપૂર્ણતામાં તારણ ન બાંધી શકે. આવી અદ્ભુત ઐશ્વરિય વિવિધતાને કારણે શ્રીકૃષ્ણ 'દિને દિને નવં નવં' પ્રતીત થાય તે સ્વાભાવિક છે.

ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે તેમની પ્રકૃતિ આઠ સ્વરૂપોમાં વિભાજિત થયેલી છે, અર્થાત્ શ્રીકૃષ્ણ અને પ્રકૃતિ સમન્વયિત છે. પ્રકૃતિ પોતાનું સ્વરૂપ રોજ રોજ બદલે છે. આજે જે વૃક્ષ છે તેમાંથી કાલે બીજ પ્રગટ થશે, તે બીજને રોપવાથી તે અંકુરિત થશે, પછી છોડ અને સંપૂર્ણ વૃક્ષનું સ્વરૂપ ધારણ કરશે. ફરીથી તેમાંથી બીજ પ્રાપ્ત થશે. અહીં એક પણ સમયે એવો નહીં હોય કે જ્યારે પરિસ્થિતિ, જેમની તેમ, ફરીથી સ્થાપિત થાય. બદલાવ સ્વાભાવિક છે. બદલાવ કુદરતી છે. બદલાવ શાશ્વત છે. બદલાવ સત્ય છે. બદલાવ પ્રત્યેક ક્ષણે છે. બદલાવ નિરંતર છે. બદલાવ સમગ્રતામાં છે અને અંશમાં પણ છે. પ્રકૃતિનું સ્વરૂપ ક્ષણે ક્ષણે બદલાતું હોવાથી એમ ચોક્કસ કહી શકાય કે પ્રત્યેક ક્ષણે તે નવીનતા ધારણ કરે છે. પ્રત્યેક ક્ષણે તે 'નવં નવં' હોય છે. જો પ્રકૃતિની આ પ્રકૃતિ હોય તો શ્રીકૃષ્ણ વિશે પણ તેમ કહી શકાય.

ભૌતિક સ્તરે જે નવીનતા અનુભવવામાં આવે તેમાં એક પ્રકારની વાસ્તવિકતાને આધારે ભક્તિમાં આગળ વધી શકાય, જ્યાં પ્રેમમય સેવાનું મહત્ત્વ રહે. જ્યારે નવીનતા ભાવનાત્મક હોય ત્યારે શ્રદ્ધા, વિશ્વાસ તથા સમર્પણ દૃઢ બને. આ પરિસ્થિતિમાં ભક્તિમાં ભાવનાત્મક પ્રખરતા આવે. જ્યારે પ્રકૃતિના સમીકરણ સાથે શ્રીકૃષ્ણની નવીનતા સમજવાનો પ્રયત્ન થાય ત્યારે, ભક્તિ સાથે, જ્ઞાનયોગનો પ્રારંભ થયો તેમ કહી શકાય. ત્રણેય પરિસ્થિતિમાં અંતે તો કૃષ્ણ-ભક્તિમાં જ વધુને વધુ તલ્લીન થવાય. સમજવાની વાત એ છે કે શ્રીકૃષ્ણ 'દિને દિને નવં નવં' તો છે જ પણ અહીં નવીનતા સાથે સુંદરતા પણ જોડાયેલી હોય છે. તેમની સુંદરતામાં પણ રોજ નવીનતા હોય છે. તેમની મધુરતા, તેમની રસિકતા, તેમની પ્રેમાળતા તથા તેમની ચંચળતા પણ પ્રત્યેક દિને નવીન સ્વરૂપ ધારણ કરતાં હશે. શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ જેમ વધતો જાય, તેમની ભક્તિ જેમ સુદ્રઢ થતી જાય, આધ્યાત્મિકતાનાં માર્ગ પર જેમ પ્રગતિ થતી જાય; તેમ શક્ય છે કે શ્રીકૃષ્ણની અનુભૂતિમાં પ્રતિત થતી નવીનતામાં વધુ નવીનતા પ્રવેશતી જાય.

એ તો ઘણાં ભક્તોએ અનુભવેલું છે કે શ્રીકૃષ્ણ-ભક્તિમાં દરરોજ નવી મીઠાશની અનુભૂતિ થાય, અંતઃકરણને રોજ નવાં પ્રકારનો આનંદ પ્રાપ્ત થાય અને જીવનનાં માર્ગમાં રોજ નવી આધ્યાત્મિક અનુભૂતિ પ્રકાશિત થાય. 'દિને દિને નવં નવં' સર્વથા સત્ય છે. ■

# જીવનમાં બધુ બચાવવામાં ક્યાંક મૂળ કેન્દ્રનું વિસ્મરણ તો નથી થતું ને?


## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

સ્વામી રામતીર્થ, બાદશાહ રામ, એમની ડાયરીનો એક પ્રસંગ છે. પોતાની ડાયરીમાં એમણે જાપાનનો એક પ્રસંગ લખ્યો છે. જાપાનમાં એક અતિ ધનાઢ્ય વ્યક્તિ રહેતો હતો. શ્રીમંત હતો અને તેની પાસે બે માળનું ખૂબ સુંદર મકાન હતું. જાહોજલાલીભર્યું જીવન વ્યતીત કરતો હતો. દરરોજ સાંજે તે પાસેના એક બગીચામાં ફરવા પણ જાય. એક વખત એવું બન્યું કે તે ફરીને જ્યાં પોતાના ઘર તરફ આવ્યો ત્યાં તેણે પોતાના ઘરમાં અગ્નિની જ્વાળાઓ જોઈ. તેણે જોયું કે ઘરના પ્રથમ માળમાં આગ લાગી હતી. તે બૂમો પાડવા લાગ્યો. તેની પાસે ઘણાં બધા નોકર-ચાકરો હતા. આગ લાગી એટલે એ બધા પણ બહાર આવી ગયા હતા. વફાદાર સેવકો હતા એટલે જીવનું જોખમ લઈને પણ ઘરમાં જઈ જઈ જેટલી ઘરવખરી બચાવી શકાય તેટલી બચાવવા લાગ્યા હતા. જે વસ્તુ વધુ મૂલ્યવાન લાગે તે બહાર કાઢતા જતાં હતા. પેલો શ્રીમંત માણસ સૂચનાઓ આપે અને જે ઘરવખરી બહાર આવે તે નોંધે. આમ થોડા સમયમાં તો ઘણી અગત્યની ચીજ-વસ્તુઓ બચાવી લેવાઈ.

સ્વામી રામતીર્થે આ બહુ પ્રેરણાદાયી વાત લખી છે. મકાન બળતું હતું અને કર્મચારીઓ, સહાયક લોકો જાનની બાજી લગાવી મકાનમાંથી કિંમતી વસ્તુઓ કાઢી રહ્યા હતા. તિજોરી, કિંમતી કપડાં, ઘરેણાં જેટલું જેટલું બચાવાય એટલું બહાર કાઢ્યું. ઘરના માલિકે પૂછ્યું કે બધું આવી ગયું ? સહાયકે કહ્યું 'હા, મોટાભાગની મૂલ્યવાન વસ્તુઓ આપણે બચાવી લીધી છે. માલિક કહે સારું કર્યું, હું બહુ ચિંતિત હતો કે આ આગ વિકરાળ છે અને ક્યાંક બધું ભરખાઈ ન જાય!' સહાયક કહે 'ના,



આપ ચિંતા ન કરો, મોટાભાગની વસ્તુઓ આપણે બહાર કાઢી લીધી છે.'

આમ વાત ચાલતી હતી એટલામાં તો આગ ગ્રાઉન્ડફ્લોર સુધી પહોંચી ગઈ. વધુ ને વધુ વિકરાળ બનતી જતી હતી. બધા એકબીજાને પૂછી પૂછીને પાક્કું કરતાં જતા હતા કે કોઈ વસ્તુ બચાવવાની બાકી તો નથી રહીને ? એટલામાં તો એક માણસને કંઈક યાદ આવ્યું અને તે જાનની બાજી લગાવી આગમાં કૂદી પડ્યો. ગ્રાઉન્ડફ્લોરના એક કમરા તરફ દોડ્યો. થોડીવારે એક લાશ લઈને આવ્યો ! કોણ હતો તે ? કોની લાશ હતી ? શેઠનો એકનો એક દીકરો તો ભુલાઈ ગયો હતો ! પેલો શ્રીમંત ભૂલી ગયો કે તેનો પુત્ર તો અંદર જ છે ! બધું બચાવી લીધું એ સારું થયું.

પણ બાપ તો બૂઢો હતો, અસલી માલિક એનો દીકરો કે જેને આ બધું મળવાનું હતું તે મરી ગયો. સ્વામી રામતીર્થ ઘટના જોતાં હતા, તેમણે ડાયરીમાં લખી લીધું કે- 'ચીજો તો બચી ગઈ પણ ચીજોનો માલિક મરી ગયો…'

પૂર્ણ કુંભ છે અને કથા કુંભકર્ણની લઈ રહ્યો છું. સંતોના અમૃતવચનો એના કાનમાં આવી ગયાં અને એ માણસ જાગી ગયો. ભગવાન કરે ને આ વચનો આપણા કર્ણકુંભમાં આવી જાય, આપણી ભીતરી ચેતના જાગી જાય, રામને ઓળખી જાય, કેન્દ્રની ઓળખાણ થઈ જાય તો ઘટના ઘટી જાય. કથાને ગંભીરતાથી લેજો બાપ. કથા કોઈ મનોરંજન નથી, કથા તો જીવન બનાવે છે ! જ્યારે કોઈ સત્સંગ મળે ત્યારે સમજવું કે જે નિરાકાર હતી એ કૃપા કોઈ ને કોઈ રૂપ ધારણ કરી રહી છે. રામકથાથી સત્સંગ સુલભ થાય છે. એ સત્સંગ એ જ માત્રામાં કરીશું તો વિવેકનો જન્મ થશે અને વિવેક પ્રગટ થશે તો 'મોહ, ભ્રમ, ભાગા.'

મારાં ભાઈ-બહેનો, મન સ્થિર થઇ જાય તો મોટી ઉપલબ્ધિ છે, પણ ન થાય તો હરિનામ જપો. કોઈ પણ સ્થિતિ આવે, હરિનામ જપવું એ એક તપશ્ચર્યા છે. સારા ઘરમાં રહો, કોઈ ચિંતા નહીં, પણ હરિનામ જપતાં સૂઓ.

ભાવથી જપો, મન લાગે કે ન લાગે, અહીં-તહીં ભટકે તો પણ ચિંતા નહીં. તમે ખૂબ રામ જપો. ખૂબ 'માનસ' નું પારાયણ કરો. મનની ચિંતા છોડો. કળિયુગ છે,બહુ છૂટ આપી છે. હરિનામ ખૂબ જપો. એ જ પરમતત્ત્વ છે, પરમ તપ છે.

સંકલનઃ જયદેવ માંકડ ■

# હું મારી માતા પુનઃજીવિત કરવા ઈચ્છુ એ માનસિક વિકૃતિ?

## શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

ભગવાન શિવના આશિર્વાદ લેતા મહામંત્રી મણિકા કહે છે, 'માફ કરો પ્રભુ! તમારી આટલી નજદીક તમારા સાંનિધ્યમાં રહીને પણ તમને ઓળખી ન શક્યો.' પ્રસન્ન ભગવાન શિવ કહે છે, 'મણિકા જેણે સ્વને (પોતાને) ઓળખી લીધો હોય તેણે અન્યને ઓળખવાની શું જરૂર? જાઓ મણિકા સંસારમાં ભ્રમણ કરો અને તમારા કાવ્યોથી મનુષ્યોના હૃદયમાં પશુઓ પ્રત્યેની સંવેદનશીલતા જાગ્રત કરી શકો ત્યાં સુધી ભ્રમણ કરો. એ જ તમારો માર્ગ અને મંઝીલ પણ છે.' ભગવાન શિવના આશિર્વાદ લઈ મહામંત્રી મણિકા અને રાજા આર્યવર્તન પોતાના રાજ્ય તરફ વિદાય થાય છે. બીજી તરફ દેવગુરુ બૃહસ્પતિ અને દેવરાજ ઇન્દ્ર માતા કામધેનુની જ્યેષ્ઠપુત્રી સૌરભીને મળે છે. દેવગુરુ બૃહસ્પતિ કહે છે, 'સૌરભી તમારી માતા કામધેનુ સ્વર્ગને ત્યાગી અહીં આવ્યા છે?' સૌરભીનો નાકાર મળતાં જ દેવરાજ ઇન્દ્ર તાડૂકી ઉઠે છે અને કહે છે, 'સૌરભી તમે ખોટું તો નથી બોલતા તમારી માતાના કહેવાથી?' આટલું સાંભળતાં જ સૌરભી પણ ક્રોધિત થતાં કહે છે, 'દેવરાજ તમે અહીંથી જઈ શકો છો માતા મારી સાથે નથી, પણ હું તમને એટલું કહીશ કે મેં પંચતત્ત્વ દેવતાઓને કોઈની સાથે ઉત્તર પૂર્વ તરફ જતા જોયા છે.' સૌરભીના કહેવાથી દેવરાજ ઇન્દ્ર અને દેવગુરુ બૃહસ્પતિ ઉત્તર પૂર્વ તરફ પ્રયાણ કરે છે. એ જ સમયે માતા કામધેનુની ચીસ તેમને સંભળાય છે તેઓ તે તરફ દોડે છે. તેઓ જુએ છે કે અરુણાસુર માતા કામધેનુને પ્રતાડિત કરતો નજરે પડે છે. દેવરાજ ઇન્દ્ર તેને ચેતવણી આપતાં કહે છે કે, 'કામધેનુને છોડી દે.' અરુણાસુર દેવરાજ ઇન્દ્ર સમક્ષ શરત મૂકતાં કહે છે, 'હું તમને પડકારું છું, જો તમે યુદ્ધમાં વિજેતા બનશો તો હું કામધેનુને છોડી દઈશ.' બંને વચ્ચેના યુદ્ધમાં અરુણાસુરના શસ્ત્રથી દેવરાજ ઇન્દ્ર મૂર્છિત થઇ જાય છે. અરુણાસુર દેવગુરુ બૃહસ્પતિ અને કામધેનુને બંદી બનાવી પોતાની સાથે લઈ જાય છે. આકાશ માર્ગે દેવર્ષિ નારદ તેમને લલકારે છે તેના જવાબમાં અરુણાસુર કહે છે કે, 'દેવર્ષિ નારદ તમારું કામ નથી યુદ્ધ કરવાનું, હમણાં જ દેવરાજ ઇન્દ્ર મારી સાથે યુદ્ધ કરતાં મૂર્છિત થઇ ગયા છે, તો તમારી શું વિસાત? અહીંથી ચાલ્યા જાવ અને પશુપતિનાથને જઈને કહો કે, પંચતત્ત્વ દેવતાઓ, બૃહસ્પતિ અને કામધેનુ મારા કબજામાં છે. તમારામાં શક્તિ હોય તો એમને છોડાવી લઈ જાવ. અન્યથા મારી મૃત માતાને જીવિત કરી આપો હું દેવતાઓને છોડી દઈશ.' અરુણાસુરને રોકી ન શકતાં દેવર્ષિ નારદ કૈલાસ પહોંચે છે અને ભગવાન શિવને જણાવે છે કે અરુણાસુરે પંચતત્ત્વ દેવતાઓ, દેવગુરુ બૃહસ્પતિ અને કામધેનુને બંદી બનાવ્યા છે, તે કહે છે કે 'પશુપતિનાથને કહો કે મારી મૃત માતાને જીવિત કરી આપો હું દેવતાઓને છોડી દઈશ.'

***



દેવર્ષિના મુખે આટલું સાંભળતાં જ માતા પાર્વતી ઊભા થઈ કહે છે, 'સ્વામી મારે જવું પડશે. કામધેનુની રક્ષા માટે જવું જ પડશે. એક સમયે તમે તપસ્યામાં લીન હતા ત્યારે મેં કામધેનુને એની સુરક્ષા માટે વચન આપ્યું હતું.'

ભગવાન શિવઃ 'યોગ્ય સમયે આપણે અવશ્ય હસ્તક્ષેપ કરીશું.'

માતા પાર્વતીઃ 'સ્વામી! ત્યાં સુધી અરુણાસુર કામધેનુ પર અત્યાચાર કરતો રહેશે.'

ભગવાન શિવઃ 'ધીરજ ધરો પાર્વતી, હું તમને વચન આપું છું કે કામધેનુની સુરક્ષા હું પોતે સ્વયં કરીશ.'

***

અરુણાસુરનું લક્ષ્ય તો પોતાની માતાને જીવંત કરવાનું હતું, તેણે પંચતત્ત્વ દેવતાઓ, દેવરાજ ઇન્દ્ર, દેવગુરુ બૃહસ્પતિ અને કામધેનુ બધાને બંદી બનાવી લીધા હોવા છતાંય ભગવાન શિવ કે માતા પાર્વતી તેમને છોડાવવા આવ્યા નહીં. કંટાળેલો અરુણાસુરને યુક્તિ સૂઝે છે કે સંસારના પ્રાણીઓનો જો વધ કરવામાં આવે તો ભગવાન શિવ અથવા માતા પાર્વતી તેની સમક્ષ આવશે અને એની માતાને પ્રાણજીવન આપશે. એણે સૈનિકોને આદેશ આપ્યો કે જે પણ પશુઓ દેખાય તેને પકડી તેનો વધ કરવો. સંસારમાં હાહાકાર મચી ગયો પણ માતા પાર્વતી કે ભગવાન શિવ તેની સમક્ષ ઉપસ્થિત ન થયાં. ક્રોધિત અરુણાસુર અંતે માતા કામધેનુની હત્યા કરવા તૈયાર થયો. તેણે સૈનિકોને આદેશ આપ્યો કે કામધેનુને ઉપસ્થિત કરવામાં આવે. સૈનિકોએ માતા કામધેનુને તેની સમક્ષ ઉપસ્થિત કરતાં જ એ તાડૂક્યો, 'હે સૈનિકો જૂઓ આ છે કામધેનુ. દૈવી શક્તિવાળી, ચમત્કાર કરવાવાળી. મેં સાંભળ્યું છે કે તું બધી જ ઇચ્છાઓ પૂરી કરનારી છો.'

માતા કામધેનુઃ 'કૃપા પ્રાપ્ત કરવી જોઈએ, છીનવી ન શકીએ. તારા જેવા દુરાચારીને મારા અંતિમ શ્વાસ સુધી મારી કૃપા ક્યારેય પ્રાપ્ત નહીં થાય.'

અરુણાસુરઃ 'હું તારી પિડા સમજી શકું છું, ચિંતા ન કર, હવે તું ચોક્કસ તારો અંતિમ શ્વાસ લેશે.'

માતા કામધેનુઃ 'સત્યને સ્વીકારો અરુણાસુર! તમારી માતા મૃત્યુ પામી છે. તેમને ફરી જીવંત કરવાની જીદ છોડી તેમના અંતિમ સંસ્કાર કરો.'

અરુણાસુરઃ 'માતા માતાને પ્રાણજીવન આપવા તો નહીં આવ્યા પણ પશુઓની માતા કામધેનુને બચાવવા તમારે અવશ્ય આવવું પડશે પશુપતિનાથ. આવો પશુપતિનાથ આવો, તમારા આગમનમાં વિલંબ ન કરો અન્યથા કામધેનુ અને આ દેવતાઓએ પોતાના પ્રાણ ગુમાવવા પડશે.'

એ જ સમયે ભગવાન શિવ ત્યાં પ્રગટ થાય છે.

ભગવાન શિવઃ 'હું આવ્યો છું દેવતાઓ અને પશુઓની માતાની રક્ષા કરવા, નહીં કે તમારી માતાને પ્રાણજીવન આપવા.'

અરુણાસુરઃ 'આપણે જેને પ્રેમ કરતાં હોઈએ તેને જરાય કષ્ટ પડે તો કેટલું દુઃખ થાય.'

ભગવાન શિવઃ 'પ્રેમ પ્રત્યેનો તમારો દૃષ્ટિકોણ તમારી માનસિકતા પ્રમાણે વિકૃત છે. પ્રેમ વર્ચસ્વથી નહીં આત્મસમર્પણથી મેળવી શકાય છે. શારીરિક સુખ-દુઃખથી પ્રેમ પ્રભાવિત થતો નથી. પશુઓના જીવનકાળ પહેલા પણ હું તેમની સાથે હતો અને તેમના જીવનકાળ બાદ પણ તેમની સાથે રહીશ. જન્મ અને મૃત્યુ તો કાળનો ક્રમ છે, તે અવિરત ચાલુ રહે છે. ભૂલની જાણ થતાં ભૂલ સુધારવી અનિવાર્ય છે. આજ ક્ષણથી પશુઓ પર અત્યાર કરવાના બંધ કરો, મુક્ત કરી દો આ પશુઓને, મુક્ત કરી દો કામધેનુને, મુક્ત કરી દો દેવતાઓને.'

આટલું સાંભળતાં ચતુર અરુણાસુરે પશુઓ, કામધેનુ અને દેવતાઓને મુક્ત કરી દીધા.

અરુણાસુરઃ 'સારું લાગ્યું ને! પ્રિયજન મળતાં સુખાનુભૂતિ થઈને? તમારા કહેવાથી મેં બધાને મુક્ત કરી દીધા, હવે તમે પણ મારી પ્રિય વસ્તુ મને પાછી આપો, મારી મા મને પાછી આપો.'

ભગવાન શિવઃ 'યાદ રાખો અરુણાસુર! આ પશુ મારા નથી જેમ તમારી માતા તમારી નથી. તમારી માતાના અંતિમ સંસ્કાર કરી તેમને મુક્ત કરી આસક્તિ બંધ કરો.'

અરુણાસુરઃ 'હું તમારી જેમ મહાન નથી કે જેણે પોતાના પુત્રનું શિષ જ કાપી નાખ્યું. મુક્તિ આપી દેવી જોઈતી હતી તેને. પણ તમે તેને નવજીવન આપ્યું. સંસારને વિપરીત જ્ઞાન આપી રહ્યા છો, અર્થાત્ તમારા પ્રિયજનોને પુનઃજીવિત કરવા ઉચિત છે અને હું મારી માતા પુનઃજીવિત કરવા ઈચ્છુ એ માનસિક વિકૃતિ?'

ભગવાન શિવઃ 'હા અરુણાસુર! આ માનસિક વિકૃતિ જ છે.'

અરુણાસુરઃ 'નહીં પશુપતિનાથ, આ સત્ય નથી, પણ સત્ય તો એ છે કે તમારી નિયતી અને પ્રકૃતિ બંને પક્ષપાતી છે. ખંડન કરી શકો આ સત્યનો. શું નિયતી અને પ્રકૃતિના નિયમો શું અસુરો અને માનવો માટે જ છે. દેવતાઓનું મૃત્યું કેમ થતું નથી. દેવતાઓને જ શું કામ અમરત્વ પ્રાપ્ત છે. તમે વર્ચસ્વની વાત કરો છો પણ વર્ચસ્વની શરૂઆત તો દેવતાઓએ જ કરી છે. અમારી આરાધના નહીં કરો તો અનર્થ થઈ જશે. યજ્ઞ નહીં કરો તો દેવતાઓ પ્રસન્ન નહીં થાય. શું આ મનુષ્યો તમને પ્રેમ કરે છે? તો એના જવાબમાં હું કહીશ કે તેઓ ગભરાયેલા છે આતંકિત છે કે દેવતાઓ પ્રસન્ન નહીં હોય તો જીવનમાં દુઃખ જ દુઃખ આવશે.


ભગવાન શિવઃ 'અરુણાસુર પ્રશ્ન નિયંત્રણનો નથી તમારા અહંકારનો છે અને અહંકારી માનવ ક્યારેય અજ્ઞાનના અંધકારથી ક્યારેય મુક્ત થતો નથી. જો પ્રશ્નનો ઉદ્દેશ જિજ્ઞાસાનો અને ભાવ સમર્પણનો હોત તો જ્ઞાનનો પ્રકાશ અંધકારને ચીરી તમારા સુધી અવશ્ય પહોંચ્યો હોત. જે ક્ષણે તમે સમજી જશો એજ ક્ષણે તમારી નગ્નતાનો બોધ તમને થઈ જશે. બધી શંકાઓ દૂર થઈ જશે, ભ્રમ મટી જશે. પ્રકૃતિ ક્યારેય એ નથી જોતી કે કોણે શું મેળવ્યું અને કોણે શું ખોયું. વિચાર કરી જુઓ અરુણાસુર કે તમે તમારી માતાને ફરી પુનઃજીવિત કરી પિતા કરતાં વધુ કષ્ટ આપવા તો નથી માગતા ને?' (ક્રમશઃ)■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર ધર્મતેજ આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર તરોતાજા મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર ઈન્ટરવલ થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર લાડકી પુરુષ સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર મેટિની મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર વીક એન્ડ વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર ઉત્સવ અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

## ચિંતન

# સત્સંગનું મહત્ત્વ

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



કહેવાય છે કે કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ; આ બધાં જ મર્યાદિત ફળ આપે, જ્યારે સત્સંગનું ફળ અપરિમિત, અમર્યાદિત અને સાથે સાત્વિક અને આધ્યાત્મિક હોય.

પૌરાણિક માહિતી મુજબ કલ્પવૃક્ષ એ સ્વર્ગનું એવું વૃક્ષ છે જેની પાસે જે કંઈ માંગવામાં આવે તે મળી રહે. અહીં 'કલ્પ' શબ્દનું મહત્ત્વ છે, તે કલ્પના કરીને માંગેલી 'વસ્તુ' આપે. કલ્પવૃક્ષ સાચું કે ખોટું, યોગ્ય કે અયોગ્યનો નિર્ણય ન કરે; તે તો જે માંગવામાં આવ્યું હોય તે પ્રદાન કરે. કામધેનુ સ્વર્ગની ગાય છે જે પણ ઇચ્છિત ભૌતિક સુખ આપી શકે છે. અહીં 'કામ' શબ્દનું મહત્ત્વ છે. અહીં માંગણી કામના આધારિત હોય, જેવી કામના તેવી પ્રાપ્તિ. જો કામનામાં સ્પષ્ટતા ન હોય અથવા અપૂર્ણતા હોય તો પરિણામ પણ તે પ્રકારનું પ્રાપ્ત થાય. ચિંતામણિના કિસ્સામાં જે પ્રમાણેનું 'ચિંતન' હોય તે પ્રમાણેની પ્રાપ્તિ થાય. જો ચિંતન નકારાત્મક હોય તો ખોટું પરિણામ પણ ઉદ્ભવે. આ બધાંમાં ધન માંગવામાં આવે તો ધન મળે, પરંતુ અહીં ધન પ્રાપ્તિ સાથે અહંકાર અને ભૌતિક બંધન પણ આવી શકે.

સાથે સાથે એમ કહેવાય છે કે અહીં શાંતિ માંગવામાં આવે તો શાંતિ ન મળે, કારણ કે શાંતિ એ વસ્તુ નથી પરંતુ ભાવ છે. કલ્પવૃક્ષ, કામધેનુ કે ચિંતામણિ જ્ઞાન, ભક્તિ, મુક્તિ, પરમ આનંદ કે પૂર્ણતા પ્રદાન ન કરી શકે. તેની માટે તો સત્સંગની આવશ્યકતા રહે.

કહેવાય છે કે 'સતાં હિ સંગઃ અખિલં પ્રસૂતે' અર્થાત સજ્જનોના સંગથી - સત્સંગથી સર્વ પ્રકારનાં શુભ ફળ પ્રાપ્ત થઈ શકે. સતાં એટલે સત્યનિષ્ઠ સત્પુરુષો, સંગઃ એટલે સંગત, અખિલં એટલે સર્વ પ્રકારનું (શુભ) અને પ્રસૂતે એટલે ઉત્પન્ન કરે છે. 'સંગ તેવો રંગ' સિદ્ધાંત પ્રમાણે સારા લોકોનો સંગ કરવાથી જીવનમાં સારા વિચારો અને સારા ગુણોનો પ્રવેશ થાય, વિવેક અને સંયમ સ્થાપિત થાય, સારા ધર્મનિષ્ઠ કાર્યો માટે પ્રેરણા મળે, જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે, જ્ઞાન અને વિદ્યા પ્રત્યે જિજ્ઞાસા ઊભી થાય, ધર્મ અને સત્ય માટે નિષ્ઠા જાગે અને તે બધાંથી અંતે શાંતિ, સંતોષ, આનંદ અને પૂર્ણતાની અનુભૂતિ થઈ શકે. મજાની વાત એ છે કે સત્સંગથી માત્ર ઇચ્છિત બાબતોનો જ નહીં પરંતુ જીવનની સર્વોત્તમ બાબતોનો પણ પ્રવેશ થઈ શકે. સત્સંગ જીવનને યોગ્ય દિશામાં લઈ જાય - સત્સંગ જીવનને સંપૂર્ણ રીતે પરમની અનુભૂતિમાં પરિવર્તિત કરી શકે. એમ કહી શકાય કે જે 'અંદર'ના ઈશ્વર તરફ લઈ જાય તે સત્સંગ અને જે 'બહાર'ની દુનિયામાં ફસાવે તે દુસ્સંગ.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં પણ જણાવાયું છે કે સત્સંગથી જ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ગીતામાં જ્ઞાની પાસે જઈને, તેમની સેવા કરીને, તેમને પ્રશ્નો પૂછીને જ્ઞાન પ્રાપ્ત કરવાની વાત કહેવામાં આવી છે; અહીં પણ સત્સંગનું મહત્ત્વ સ્થાપિત થાય છે. વિવેક-ચુડામણીમાં 'સત્સંગ-નિસ્સંગ-નિર્મોહ-નિશ્ચલ તત્ત્વ'નો ઉલ્લેખ કરીને આદિ શંકરાચાર્યે સત્સંગનું મહત્ત્વ દર્શાવ્યું છે. સૌ પ્રથમ સત્સંગથી સત્યપ્રેમી લોકોનો સાથ મળે જેનાથી સત્ય અને ધર્મ સમજમાં આવે. અહીંથી અજ્ઞાન દૂર થતાં મનની શુદ્ધિ શરૂ થાય. નિસ્સંગ એટલે અસંગતાના તબક્કામાં બાહ્ય વસ્તુઓ પ્રત્યેની આશક્તિ દૂર થાય અને 'હું અને મારું'નો ભાવ નષ્ટ થાય. અહીં અંદરની તરફનો પ્રવાસ ચાલુ થઈ શકે. નિર્મોહ એટલે કે મોહનો અભાવ ઉભો થતાં વૈરાગ્યની સ્થિતિ પ્રાપ્ત થાય અને પૂર્ણ સત્ય માટે જિજ્ઞાસા જાગે. આ પ્રક્રિયાના અંતમાં નિશ્ચલ તત્ત્વ એટલે કે બ્રહ્મ-સત્યમાં અડગ સ્થિરતા પ્રાપ્ત થાય અને પરમ શાંતિ તેમજ આત્માનુભૂતિ શક્ય બને. આ ચારેય પગથિયાં જીવનને બાહ્ય અશાંતિથી આંતરિક શાંતિ તરફ લઈ જાય છે.

એમ કહી શકાય કે સત્સંગ એટલે આધ્યાત્મિક યાત્રાનો પ્રારંભ.

સત્સંગનું એક અદ્ભુત, પ્રત્યક્ષ અને સચોટ ઉદાહરણ જેસલ જાડેજાનું છે. જેણે સાત-વીસું મોડબંધા માર્યા હોય, ઘાસ ચરતી ગાયોને વાઢી હોય, સગી બેન અને તેનાં બે બાળકોની હત્યા કરી હોય, એકંદરે, પ્રતિકાત્મક રીતે કહીએ તો, માથાના જેટલાં વાળ હોય તેટલાં જેણે કુકર્મ કર્યા હોય; તે પણ સતી તોરલના સત્સંગથી પુણ્યશાળી આત્મા બની ગયો હતો. આ તો હમણાંની જ વાત છે. આજે પણ કચ્છના અંજારમાં સતી તોરલ અને જેસલ જાડેજાની સમાધી સાક્ષાત છે. પૌરાણિક ઇતિહાસમાં તો આવાં ઘણાં પ્રસંગ નોંધાયેલાં છે. સત્સંગનું સકારાત્મક, ધાર્મિક તેમજ આધ્યાત્મિક ફળ અમર્યાદિત છે.

બની શકે કે સત્સંગ પ્રત્યક્ષ સ્વરૂપે ફળ ન આપે પરંતુ તેનાંથી ફળ પ્રાપ્ત કરવાની યોગ્યતા કેળવાય. સત્સંગનો મૂળ અર્થ છે સત્ +સંગ અર્થાત સત્યરૂપ શાશ્વત પરમ સાથેનું જોડાણ. સ્વાભાવિક રીતે આ જોડાણથી અસ્તિત્વ સત તરફ ગતિ કરે. જે પરિસ્થિતિમાં ઇન્દ્રિય નિગ્રહ શક્ય બને, ષડરિપુ પર નિયંત્રણ પ્રાપ્ત થાય, જ્ઞાન માટે જિજ્ઞાસા જાગે, ધ્યાનનો અભ્યાસ કરવાની વૃત્તિ જાગે, સતકર્મો માટે પ્રેરણા મળે, ભક્તિ અને સમર્પણ માટે ઉત્સાહ સ્થાપિત થાય, નિર્મોહીપણું અને વૈરાગ્ય ઊભરે, ઇન્દ્રિયો નિયંત્રણમાં રહે અને આસક્તિ ઘટે, અશાંતિ અને ઉદ્વેગ દૂર થાય, સ્વભાવ તેમજ વ્યવહારમાં સકારાત્મકતા આવે, સૃષ્ટિના સિદ્ધાંતમાં શ્રદ્ધા અને વિશ્વાસ વધે, શાસ્ત્રો પ્રત્યે રુચિ જાગે, અને આ બધાંથી ક્યાંક 'માંહ્યલો' જાગી જાય તો તો સત્સંગનો લાભ જે જેસલ જાડેજાને મળ્યો તે દરેક વ્યક્તિને પણ મળી શકે.

આધુનિક મનોવિજ્ઞાન પણ એ વાત સ્વીકારે છે કે જો નકારાત્મક વિચારધારાવાળા લોકો વચ્ચે રહેવામાં આવે તો વિચારો નકારાત્મક બની શકે અને જો પ્રેરણાદાયક લોકો વચ્ચે રહેવામાં આવે તો જીવનની ગુણવત્તા સુધરી શકે. કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ કરતાં સત્સંગનું સ્થાન ઘણું ઊંચું છે. ■

## ગીતા મહિમા

# કર્તવ્યની 'ના' કળા નહીં પણ અહંકાર છે

સારંગપ્રીત
feedback@bombaysamachar.com



ગત અંકમાં ભગવાનની કૃપાથી સિદ્ધિની વાત કરીને હવે ભગવાન કૃષ્ણ કર્તવ્ય પથ પર 'ના'ને ના કહેવાની યુક્તિ બતાવે છે.

યુદ્ધભૂમિ પર અર્જુન કર્તવ્યથી પલાયન કરે છે ત્યારે તે વૈરાગ્ય નહીં, અહંકારની સૂક્ષ્મ છાયા છે. હું નહીં લડું કહેવામાં કરુણા કરતાં 'હું' વધુ પ્રબળ છે. મારી ભાવના, મારી વ્યથા, મારું દુઃખ. શ્રીકૃષ્ણ ત્યારે અર્જુનને સ્પષ્ટ કહી દે છે કે કર્તવ્યથી ભાગી શકાતું નથી; કારણ કે તારો સ્વભાવ ક્ષત્રિયનો છે અને તારી પ્રકૃતિ તને કર્મ કરાવ્યા વિના રહેશે નહીં. આજે જો તું ધનુષ્ય મૂકે છે, તો કાલે તારી જ પ્રકૃતિ તને લડાવશે; ક્યારેક પસ્તાવાથી, ક્યારેક અપમાનથી, તો ક્યારેક અંતરના દાહથી. કર્મ ન કરવું પણ એક કર્મ જ છે, અને તે કર્મ બાંધે છે. તેથી શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે કે અહંકારપૂર્વક કર્તવ્યની ના કહેવા કરતાં, નિષ્કામ ભાવથી કર્તવ્ય સ્વીકારવું જ મુક્તિનો માર્ગ છે.

માનવ જીવનમાં પલાયનનું સૌથી નાજુક અને ચતુર રૂપ હોય તો તે છે, કર્તવ્યની ના. હા, ક્યારેક તે 'ના પાડવાની કળા' જેવા મોટીવેશનલ શબ્દોના રૂપે દેખાય. આ ના સીધી દેખાતી નથી; તે અહંકારના રેશમી પડદામાં છુપાઈને આવે છે. બહારથી તે વિચારની સ્વતંત્રતા લાગે, પણ અંદરથી તે આત્માની હાર હોય છે. કર્તવ્ય સામે આંખ મીંચી લેવી એ કોઈ જીત નથી, એ તો અંતરની દીવાલમાં પહેલી તિરાડ છે.

કર્તવ્ય હંમેશાં ભારરૂપે આવતું નથી; ઘણીવાર તે કરુણ અવાજે બોલાવે છે. આ કરવું જોઈએ, આ શબ્દોમાં સંસ્કારનું સ્મરણ છે. પણ અહંકાર ત્યાં જ કાન બંધ કરે છે. અહંકાર કહે છે, હું કેમ કરું? અને આ 'હું'ના એક અક્ષરમાં સમગ્ર અંધકાર સમાઈ જાય છે. જ્યાં 'હું' મોટું થાય છે, ત્યાં 'હોવું જોઈએ' નાનું થઈ જાય છે.

કર્તવ્યની 'ના' મૂળમાં એકલું આળસ નથી, અસમર્થતા નથી, મોટાભાગે તે અહંકાર છે. અહંકારને કર્તવ્ય ગમે નહીં, કારણ કે કર્તવ્ય નમ્રતા માગે છે. કર્તવ્ય કહે છે, તું નથી કેન્દ્રમાં, તારા કરતા મોટું કંઈક છે. અને અહંકાર ત્યાં જ બળવો કરે છે. તેને માથું ઝુકાવવું અપમાન લાગે છે, સેવા કરવી નબળાઈ લાગે છે, અને ફરજ બજાવવી બાંધછોડ લાગે છે.

હા, જે કર્તવ્યથી ભાગે છે, તે જીવનની જવાબદારીથી પણ ભાગે છે. તે કહે છે, મારે શું? પણ સમય પૂછે છે, તમે શું? કર્તવ્યની ના કહેનાર માણસ ક્ષણિક રીતે હળવો લાગે છે, પરંતુ અંદરથી ખાલી થતો જાય છે. કારણ કે કર્તવ્ય આત્માને વજન આપે છે, અર્થ આપે છે, ઊંડાણ આપે છે.

અહંકારનો સ્વભાવ આગ જેવો છે. તે પોતાને જ બાળે છે. કર્તવ્યને નકારનાર અહંકાર શરૂઆતમાં જીતેલો લાગે છે, પણ અંતે તે એકલું પડે છે. સમાજથી વિમુખ, સંબંધોથી દૂર અને અંતરમાં ખાલી. કારણ કે કર્તવ્ય એ જ સંબંધની પાયાની ઈંટ છે. જ્યાં કર્તવ્ય તૂટે છે, ત્યાં વિશ્વાસ પણ ચીરાઈ જાય છે.

કર્તવ્યના સ્વીકારમાં અહંકાર ઓગળી જાય છે. જે વ્યક્તિ કર્તવ્યને નમન કરે છે, તે કોઈની સામે નાની નથી બનતી; તે પોતાના વિજયપથ પર ચાલે છે. ગુરુ અને શાસ્ત્રે બતાવેલું કર્તવ્ય આપણને બાંધતું નથી. તે મુક્ત કરે છે. મુક્ત કરે છે સ્વાર્થથી, અંધતાથી અને ખોટી મહત્ત્વાકાંક્ષાથી.

અંતે પ્રશ્ન એ નથી કે કર્તવ્ય કેટલું કઠિન છે. પ્રશ્ન એ છે કે આપણો અહંકાર કેટલો ઊંચો છે. જ્યાં અહંકાર નમ્યો, ત્યાં કર્તવ્ય ફૂલ્યું. અને જ્યાં કર્તવ્ય ફૂલ્યું, ત્યાં જીવનમાં સૌંદર્ય, અર્થ અને શાંતિ આપમેળે પ્રસરી ગયા. કર્તવ્યની હા, આ જ અહંકારની સાચી વિદાય છે.

કર્તવ્યપથ પર સ્વની ભાવના ત્યજીને ગુરુઆજ્ઞામાં સર્વસ્વ સમર્પિત કરનાર મહાન શિષ્યનું જીવંત સ્વરૂપ એટલે પ્રમુખ સ્વામી મહારાજ. ગુરુ યોગીજી મહારાજે જ્યારે દિલ્હીમાં યમુનાકાંઠે મંદિર બનાવવાની આજ્ઞા કરી, ત્યારે માનવીય દૃષ્ટિએ તે અશક્યતાના કિનારે ઊભેલી કલ્પના હતી. જમીન, સંસાધન, પરિસ્થિતિ, બધું જ અલ્પ અને વિઘ્નો અમાપ ! પરંતુ જ્યાં અહંકાર નથી, ત્યાં 'અશક્ય' શબ્દનું અસ્તિત્વ રહેતું નથી. પ્રમુખ સ્વામી મહારાજે એક ક્ષણ માટે પણ કેમ? કે બીજે કેમ નહીં? એવું પૂછ્યું નહીં; કારણ કે જ્યાં ગુરુઆજ્ઞા ત્યાં પ્રશ્ન નથી, તે તો શ્વાસ જેવી સ્વાભાવિક હોય છે. આજ્ઞાને શીરે ચડાવી, તપ, ધૈર્ય અને અખૂટ શ્રદ્ધાથી તેમણે દિલ્હીનું અક્ષરધામ ઊભું કર્યું. તે માત્ર મંદિર નહીં, પણ ગુરુભક્તિની શિલ્પકલા છે. ■

## વિશેષ

# ત્રણ પ્રકારનાં પાપ ને તેનાથી બચવા ત્રણ પ્રકારનાં તપ...

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com



**સંસારમાં** કોણ એવું હશે જેણે જાણતા કે અજાણતા ક્યારેય પાપ કર્યું જ ન હોય? લગભગ કોઈ નહીં. પાપ તો અનેક છે, પણ શાસ્ત્રકારોએ મૂળભૂત રૂપે તેને ત્રણ પ્રકારના વિભાગમાં વહેંચ્યા છે. જાણતા કરેલા પાપોથી તો સમજણથી બચી શકાય, પણ અજાણતા થતા પાપોથી બચવા જાગૃતિની જરૂર પડે.

શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના પાપોનું વર્ણન છેઃ (૧) કાયિક - શરીર દ્વારા કરવામાં આવેલા પાપો; (૨) વાચિક - વાણી દ્વારા કરવામાં આવેલા પાપો અને (૩) માનસિક - જે ફક્ત મન દ્વારા કરવામાં આવે છે. જોકે, મન ત્રણેય પ્રકારના પાપોમાં સામેલ છે, કારણ કે મન વિના કોઈ પણ કાર્ય પરિણામ આપી શકતું નથી. મનુસ્મૃતિને માત્ર જાતિભેદ કરનારું કહીને વગોવનારા લોકોએ મનુસ્મૃતિ વાંચવાનું તો દૂર, તેનું દર્શન સુધ્ધાં નહીં કર્યું હોય, તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. કેમકે મનુસ્મૃતિમાં ઘણું ઊંડું ચિંતન જોવા મળે છે.

ભગવાન મનુએ ત્રણ કાયિક પાપો ગણાવ્યા છેઃ

અદત્તાનામુપાદાનં હિંસા ચૈવાવિધાનતઃ
પરદારોપસેવા ચ શારીરં ત્રિવિધમ સ્મૃતમ

જે સંપત્તિ આપવામાં આવી નથી તે લેવી, શાસ્ત્રોથી વિરુદ્ધ હિંસા કરવી અને પરસ્ત્રીગમન કરવું.

ચાર પ્રકારના મૌખિક પાપ છેઃ

પારુષ્યમનૃતમ ચૈવ પૈશુન્યમ ચાપિ સર્વશઃ
અસંબદ્ધપ્રલાપશ્ચ વાંગ્મયં સ્યાચ્ચતુર્વિધમ

કઠોર વચન બોલવા, જૂઠું બોલવું, નિંદા કરવી અને અર્થહીન, નિરર્થક વાતોમાં વ્યસ્ત રહેવું.

અને ત્રણ માનસિક પાપ છેઃ

પરદ્રવ્યેશ્વભિધ્યાનમ મનસાનિષ્ટચિંતનમ
વિતથાભિનિવેશ નિવેશશ્ચ ત્રિવિધમ કર્મ માનસમ

બીજાની સંપત્તિનો દુરુપયોગ કરવાનું કાવતરું ઘડવું, અન્ય માટે અનિષ્ટ-ચિંતન કરવું, અને 'હું શરીર છું' એવા અભિમાનમાં રાચવું.

આ ત્રિવિધ પાપનો જીવનમાંથી નાશ કરવાના ઉપાય યોગેશ્વર કૃષ્ણએ શ્રદ્ધા ત્રય વિભાગ યોગ (અધ્યાય સત્તરમો)માં બતાવ્યા છે. ત્રણ પ્રકારના પાપથી બચવા ત્રણ પ્રકારના તપ ભગવાને બતાવ્યા છે.

દેવદ્વિજગુરુપ્રાજ્ઞપૂજનં શૌચમાર્જવમ્
બ્રહ્મચર્યમહિંસા ચ શારીરં તપ ઉચ્યતે

દેવ, દ્વિજ, ગુરુ અને પ્રાજ્ઞનું પૂજન,પવિત્રતા,સરળતા,બ્રહ્મચર્ય અને અહિંસા એ શરીરસંબંધી તપ કહેવાય છે.

અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ત્
સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્યતે

કોઈનું મન ન દુભાય તેવું, સત્ય, મધુર, સર્વને પ્રિય અને હિતકારક એવું વચન બોલવું તથા યથાવિધિ વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો તેને વાણીનું તપ કહેવામાં આવે છે.

મનઃ પ્રસાદઃ સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહઃ
ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસમુચ્યતે

મનની પ્રસન્નતા, સૌજન્ય, મૌન, આત્મસંયમ અને અંતઃકરણની શુદ્ધિને માનસિક તપ કહેવામાં આવે છે.

ભૌતિક પાપોમાં, જે સંપત્તિ આપવામાં આવી નથી તે લેવાનું પાપ 'શૌચ' દ્વારા નાબૂદ થાય છે; એટલે કે, ભૌતિક સંપત્તિની શુદ્ધતા. ફક્ત ન્યાયી માધ્યમથી કમાયેલી સંપત્તિ જ શુદ્ધ છે; અને જેણે ફક્ત જે યોગ્ય રીતે પોતાનું છે તે સ્વીકારવાનો સંકલ્પ કર્યો છે, તેના માટે પરવાનગી વિના અથવા સ્વેચ્છાએ આપ્યા વિના બીજા વ્યક્તિના પૈસા અથવા વસ્તુઓ લેવાનું પાપી કાર્ય થઈ શકતું નથી.

અહિંસાના તપ દ્વારા હિંસાનું પાપ નાબૂદ થાય છે; જેણે અહિંસાનું વ્રત લીધું છે તે ક્યારેય કોઈ પણ પ્રકારની હિંસા કરી શકતો નથી અને જેણે બ્રહ્મચર્યનું વ્રત લીધું છે તે પરસ્ત્રીગમન કેવી રીતે કરી શકે?

જેણે ફક્ત પ્રિય વચન બોલવાની પ્રતિજ્ઞા લીધી છે જે, તેના મુખમાંથી કઠોર શબ્દો ક્યારેય નીકળી શકતા નથી. જેણે ફક્ત હિતકર વાણી જ બોલવાનો સંકલ્પ કર્યો છે તે નિંદા કેવી રીતે કરી શકે? અને જેણે સત્યના આચરણ અને શાસ્ત્રોના અભ્યાસ માટે પ્રતિબદ્ધતા દાખવી છે તે ન તો જૂઠું બોલી શકે છે કે ન તો અસંબદ્ધ પ્રલાપ કરી શકે; કારણ કે તે સતત સતર્ક રહેશે કે અજાણતાં પણ તેના હોઠમાંથી કોઈ જૂઠું ન નીકળે; જ્યારે જે વ્યક્તિ અસંબદ્ધ અને નિષ્ક્રિય વાતોમાં વ્યસ્ત રહે છે તે દરેક પગલે અસત્ય બોલવાનું જોખમ લે છે. સત્ય બોલવા માટે પણ સંયમપૂર્વક બોલવું જરૂરી છે. જે વ્યક્તિ પોતાની વાણી પર કાબૂ રાખતો નથી અને સંયમ રાખ્યા વિના બોલે છે તે, જો બીજું કંઈ નહીં, તો પણ, અસત્ય બોલવા માટે જવાબદાર છે, ભલે તે અજાણતામાં જ હોય. માનસિક પાપોમાં બીજાની સંપત્તિ હડપ કરવાની ઇચ્છા, બીજાઓ વિશે નકારાત્મક વિચારો અને હું શરીર છું એવું મિથ્યાભિમાન સામેલ છે - આ ત્રણેય અંતઃકરણ સંશુદ્ધિ રૂપી તપ દ્વારા નાશ પામે છે. ■

## સંત વાણી

# તણખો પડ્યો ને ઘર બળ્યું: રવિસાહેબનું અધ્યાત્મદર્શન

મહેશકુમાર મકવાણા
feedback@bombaysamachar.com



વાણીને માત્ર સાંભળવી પૂરતી નથી, પણ તેના ઊંડા અર્થને હૃદયમાં ઉતારવો પડે છે. જ્યારે કોઈ વ્યક્તિ ભીતરથી સાવ નિર્મળ બની, પોતાના અહંકારનો લય કરે છે ત્યારે વર્ષોના પાપના પોટલાં પળવારમાં ભસ્મ થઈ જાય છે. આવું જ કંઈક રવજી વણિકના જીવનમાં બન્યું. ભાણસાહેબ જેવા સમર્થ ગુરુના જ્ઞાનના એક તણખાએ સામાન્ય 'રવજી'ને 'રવિસાહેબ' બનાવી દીધા. તણખો પડ્યો ને ઘર બાળ્યું, એમ રવિ કે' છે,

**ગુરુજી મેં તો સઘળું પરજાળ્યું, એમ રવિ કે' છે.**
**પરથમ તો મેં મારી માતાને મારી, પિતા મેલ્યો પરવારી,**
**પછી દુનિયા લાગી છે મુને ખારી રે... એમ રવિ કે' છે.**
**મામા માર્યા મહિપતિ રાણા, એના દળીને કરી નાખ્યા દાણા,**
**મટી ગયા એના તાણાવાણા રે... એમ રવિ કે' છે.**
**ભાઈ મેં તો માર્યો ભડ, ખોદીને કાઢી નાખી એની જડ,**
**પછી બેઠો સમદરિયાને તટ રે... એમ રવિ કે' છે.**
**કરમના કીધા છે કટકા, એવા લાગ્યા રવિને રંગના ચટકા,**
**ભાણ ગુરુએ માર્યા ફટકા રે... એમ રવિ કે' છે.**

ગુરુના ઉપદેશનો 'તણખો' એ પરિવર્તનની ચિનગારી છે. રવિસાહેબ જ્યારે કહે છે કે 'મેં ઘર બાળ્યું', ત્યારે તે કોઈ ઈંટ-પથ્થરના મકાનની નહીં, પણ ઇન્દ્રિયોના સુખ અને અજ્ઞાનના ઘરની વાત કરે છે. અજ્ઞાનના જૂના ઘરનો ત્યાગ કર્યા વગર જ્ઞાનના રંગમહેલમાં પ્રવેશ શક્ય નથી.

'પરથમ તો મેં મારી માતાને મારી, પિતા મેલ્યો પરવારી - આ પંક્તિ ઉપરછલ્લી રીતે હિંસક લાગે, પણ તેનો આધ્યાત્મિક મર્મ ઊંડો છે. અહીં માતા એટલે સાક્ષાત્ માયા, જેની સાથેનો મોહ-સંબંધ તોડવો અનિવાર્ય છે. પિતા એટલે આપણું મન, જે વિચારોનો જનક છે. જ્યારે માયા અને મનનો નાશ થાય છે, ત્યારે જ સંસારના વિષયો ખારા એટલે કે નિરસ લાગે છે.

'મામા માર્યા મહિપતિ રાણા' - અહીં મામા એટલે મમત્વ. મારું-તારું કરવાની વૃત્તિ. આ મમત્વ કોઈ સામાન્ય શત્રુ નથી, પણ મહિપતિ રાણા જેવો શક્તિશાળી છે. રવિસાહેબ તેને માત્ર મારતા નથી, પણ દળીને દાણા કરી નાખે છે. અનાજ દળાઈ જાય પછી તે ફરી ઊગી શકતું નથી; તેમ મમત્વ સમૂળગું નાશ પામે તો જ રાગ-દ્વેષના તાણાવાણાથી મુક્તિ મળે છે. વિવેક રૂપી સુપડાથી તેમણે જીવનનો બધો જ કચરો દૂર કરી આત્માને શુદ્ધ કર્યો છે.

'ભાઈ મેં તો માર્યો ભડ' - ભડ એટલે ભીતર છુપાયેલો મહાબળવાન અહંકાર. તેને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે રવિસાહેબે રોઈ રોઈને મન વાળ્યું છે. આ આંતરિક પરિવર્તન વેદના અને પશ્ચાતાપ વગર શક્ય નથી. જ્યારે અહંકારના મૂળિયાં ઉખડી જાય, ત્યારે સાધક સમદરિયાને તટ એટલે કે અખૂટ આનંદના સાગરે પહોંચે છે.

અંતિમ ચરણમાં ગુરુ ભાણસાહેબના જ્ઞાનના ફટકાનો મહિમા છે. આ ફટકાથી કર્મનાં બંધનો તૂટીને કટકા થઈ ગયા છે. રવિસાહેબને હવે ઈશ્વરીય પ્રેમના રંગના ચટકા લાગ્યા છે. ગુરુએ તેમને સાચા સંત હોવાનું બાનાનું બિરુદ બતાવ્યું છે. રવિસાહેબની આ વાણીમાં વપરાયેલાં રૂપકો-અજ્ઞાનનું ઘર બાળવું, મમત્વને દળવું કે વિવેકનું સૂપડું-શુષ્ક તત્ત્વજ્ઞાનને જીવંત કવિતામાં ફેરવી નાખે છે. આ રચના આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરવાની પ્રેરણા આપે છે. ■

## તીર્થયાત્રા

ભાણદેવ
feedback@bombaysamachar.com

# ભર્તૃહરિજીએ તપશ્ચર્યા કરીને અહીં જ સિદ્ધિ મેળવી હતી

ચારધામની યાત્રાની શ્રૃંખલા...

આ પાંચેય તીર્થો હરિદ્વારમાં છે અને તેમાં સ્નાન કરવાનું વિશેષ માહાત્મ્ય છે.

હરિદ્વારના માહાત્મ્ય અંગે કથા એવી છે કે શ્વેતરાજાએ અહીં તપશ્ચર્યા કરી હતી અને બ્રહ્માજીને પ્રસન્ન કરીને એવું વરદાન માગ્યું હતું કે આ સ્થાનમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ નિવાસ કરે અને આ કુંડ બ્રહ્માજીના નામથી પ્રખ્યાત બને તથા આ કુંડમાં સ્નાન કરનાર પરમ પદને પામે. બ્રહ્માજીએ પ્રસન્ન થઈને આ વરદાન આપ્યું. ત્યારથી આ સ્થાન બ્રહ્મકુંડના નામે ઓળખાય છે.

ભર્તૃહરિજીએ તપશ્ચર્યા કરીને અહીં જ સિદ્ધિ મેળવી હતી. તેમની યાદમાં તેમના નાના ભાઈ વિક્રમરાજાએ અહીં કુંડ અને પગથિયાં બંધાવ્યાં હતાં. ત્યારથી આ સ્થાન હર કી પૈડી (પગથિયાં) તરીકે પ્રસિદ્ધ થયૂં છે.

૨. ગઉઘાટઃ

બ્રહ્મકુંડની દક્ષિણ તરફ આ ઘાટ છે. અહીં સ્નાન કરવાથી ગૌહત્યાના પાપમાંથી મુક્તિ મળે છે એવી પરંપરાગત માન્યતા છે. પહેલાં અહીં ગૌહત્યા કરનારની શુદ્ધિ થતી. આ શુદ્ધિક્રિયાના ભાગરૂપે અહીં ગૌહત્યા કરનારને વાલ્મીકિ પોતાના જોડાથી મારતા, પછી બ્રાહ્મણો મંત્રોચ્ચારપૂર્વક ગંગાજીમાં સ્નાન કરાવતા, ત્યારપછી પ્રાયશ્ચિત્તવિધિ થતી, એટલે તે વ્યક્તિ ગૌહત્યાના પાપથી મુક્ત થઈ તેમ માનવામાં આવતું. આ વિશેષતાને લીધે આ ઘાટને 'ગઉઘાટ' કહેવામાં આવે છે.

૩. કુશાવર્તઘાટઃ

ગઉઘાટની દક્ષિણે આ ઘાટ છે. આ ઘાટને ભગવાન દત્તાત્રેયની તપોભૂમિ ગણવામાં આવે છે. અહીં પિતૃતર્પણ કરવાનું વિશેષ મહત્ત્વ છે. મેષ-સંક્રાંતિ વખતે અહીં પિતૃર્પણ માટે ભારે ભીડ થાય છે. (ક્રમશઃ)■

## દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# આઈશ્રી સોનલકૃત માતૃશક્તિનું મહિમાગાન...



ચારણ આઈના સામાજિક-સાંસ્કૃતિક પ્રદાનની બહુ મૂલવણી આપણે કરી નથી. નારી સશક્તિકરણ, નારીની મહત્તા પ્રસ્થાપિત કરનારા ચારણઆઈઓ સમાજ સુધારા સંદર્ભે પણ મહત્ત્વનું કામ કરેલું. કન્યા વિક્રય, કન્યા શિક્ષણ, પશુહિંસા, માંસ-મદિરા અને વ્યસન મુક્તિ જેવા અનેક દુર્ગુણોને દૂર કરીને સમાજ સુધારણાનું બહુ મોટું કામ આઈઓ દ્વારા થયેલું છે. એમની અદયાત્મસિદ્ધિઓથી સમાજ એમને સમાદરથી પૂજે અને એમની વાત માને એવી અવસ્થિતિની રચના થયેલી. આમાં મને આઈ સોનલમા મોટા ગજાના ભક્તહૃદયા, સિદ્ધિપ્રાપ્તા, સમાજસુધારક યોગીની જણાયા છે. તેઓ અનેક ચારણ કવિઓ દ્વારા રચાયેલ સ્તોત્રો, ચરજો, પદો, છંદોનો નિત્ય પાઠ કરતા. હરીરસનું તેઓએ કરેલ વિવરણ તેમની વિદ્વતાનું દ્યોતક છે.

ઈ.સ.૧૯૬૮-૬૯ની સાલમાં મારા દાદાજી પારેવાળા સાથે મને લઈ ગયેલા. રામભાઈ રાયખાને ઓરડે એમના દર્શન કર્યાનું મારી સાંભરણમાં છે. હું મેટ્રિકની પરીક્ષાના પરિણામની રાહમાં હતો. રામભાઇએ કહેલું ભણે પોપટ મારાજ એમના પોતરાને લઈ આવ્યા છે. દાદાજીએ મને એમના ખોળામાં માથું નમાવવાનું કહેલું. એમનો વત્સલ હાથ મારા મસ્તક ઉપર ફરેલો. એમના આશીર્વાદ મળેલા. મારું અને પિતાશ્રીનું પણ પારેવાળા સાથે જોડાણ, કથા-વારતા, લગન કે અનેક અવસરે ચારણ ડાયરાને મળવાનું બને. જતાં વેંત વિહોતમાતાને ગઢે. ત્યાંથી ચા પીને પછી ગગીમા, સોનામા, પુરામા એમ વિવિધ ઘેરે સહુને મળી દાન દક્ષિણા લઈ પરત થઈએ. બધા જ ઘેર સોનલઆઈના ભવ્ય વ્યક્તિત્વ અને તેજસ્વી મુખમુદ્રાનો ફોટો જોયો છે.

રામભાઇ રાયખા તો ચારણ સમુદાયમાં ભારે પ્રતિષ્ઠિત નામ એમનું ભવ્ય બાંધકામવાળું નિવાસસ્થાન, તેઓ પ્રમુખ પણ હતા. ચારણ બોર્ડિંગ માટે પણ આદરણીય હતા. તેમના મુખે વિહતમાતાના મઢે મેં અને દાદાજીએ તા.૩૧-૫-૧૯૭૪ જૂનાગઢમાં થયેલી ભવ્યતુલાવિધિની વાતો સાંભળવાનું મારે બનેલું. મને પુનઃ મળવાની-દર્શનની ઈચ્છા જાગેલી. અમારે ઘેર પણ અંબામા, બહુચરામાની છબીની લગોલગ એમની અને અન્નપૂર્ણામાની છબી અમારા ઘર મંદિરમાં રહેતી. વનપ્રવેશ પછી તુલાવિધિ અને તા.૨૭-૧૧-૧૯૭૪ તો અનંતની યાત્રા, ખૂબ ઓછી ઉંમરમાં એમણે કરેલ કાર્ય, પ્રાપ્ત કરેલી અને પ્રસરાવેલી સિદ્ધિ વીસમી સદીની અધ્યાત્મ ચેતનાનું શ્રીમાતાજી પછીનું મોટું દ્રષ્ટાંત છે. એમનું તપ, તેજ એમની સમાજસેવા અને શુભદષ્ટિ સમગ્ર માનવજાત માટે વરદાનરૂપ બની. કવિ કાગે એમની સ્તુતિ કરતાં ગાયું છે કે,

સોનલમા આભકપાળી, ભજુ તેને ભેળિયાવાળી. કેટલું ખરું શબ્દચિત્ર આંક્યું છે. સોનલઆઈકૃત પ્રાર્થના-ગીત રચના આસ્વાદીએ. આઈ સોનલકૃત પ્રસ્તુત પ્રાર્થના રચના ખૂબ જ લોકપ્રિય છે. અનેક સ્થાને પ્રસંગે એનું ગાન થતું હોય છે અને કાર્યક્રમોમાં કલાકારો એને પ્રસ્તુત કરતા હોય છે. એનો પાઠ અવલોકીએ અને પછી આસ્વાદ....

*રાગ - ભૈરવી (જયજયભવાની - અંબિકે! એ પ્રાર્થનાનો ઢાળ)*
*હે ચારણી! સુખકારિણી! બ્રહ્મચારિણી! આયે શરણ;*
*સચ્ચિદાનંદે શારદે! મંગલમયી પ્રણમે ચરણ. (ધ્રુવ પંક્તિ)*
*અંબિકે! આવડ-આશપૂર્ણે હૈં તિંહારે બાલ હમ (૨);*
*જગતારિણી-અઘહારિણી કરું પ્રણતકી પ્રતિપાલ તુમ હે ચારણી ૧*
*પૂર્વજ સદશ નીતિ પથિક હોં, માતૃભૂમિકે ભક્ત હમ (૨);*
*શૂરે ઉદારઅરૂ સત્ય વક્તા, અમૃતમયી અનુરક્ત હમ હે ચારણી ૨*
*દઢ વીરવ્રતી સેવબ બનેં, અરૂ પઢેં શમ દમ પાઠ હમ (૨);*
*અગ્નિપરીક્ષામેં અડિગ રહ, બઢેં સંયમ બાટ હમ હે ચારણી ૩*
*યમ યાતના હો નર્ક દુઃખ, કર્તવ્ય પથ છોડેં ન હમ (૨);*
*દમ દમ તિહારા જપ જપેં, મર મિટેં, મુખ મુમોડે ન હમ હે ચારણી ૪*
*આશિષ ઉચારો, અન્નપૂર્ણેત્ત, શ્રી ચરણમેં લીન હો મન (૨);*
*હમ હૃદય સીંચો અમૃત સોનલ, પ્રેમમયી લાગે લગન. હે ચારણી ૫*

અહીં જગદંબા-માતૃશક્તિની આરાધના કેન્દ્રમાં છે. એના પંચસ્વરૂપની અહીં પ્રારંભે વિગત છે. સુખદાયિની, બ્રહ્મચારિણી, સત્ચિદાનંદ સ્વરૂપા સરસ્વતી તમારે શરણે છીએ. તમારા મંગલકારી ચરણે પ્રણામ કરીએ છીએ.

હે અંબિકા, આવડ, આશાઓ પૂર્ણ કરનારી માતા અમે તમારાં બાળકો છીએ. જગતને તારવાવાળી, પાપને હરવાવાળી, તમે અમારું પ્રતિપાળ-રક્ષણ કરવાવાળા છો. અમે નીતિને માર્ગે ચાલવાવાળા અને માતૃભૂમિના ભક્ત બની રહીએ, શૂરવીર, ઉદાર અને સત્યવક્તા બની રહીએ. અમૃતમયી માતા અમે તારામાં અનુરક્ત રહીએ હે સુખદાયીમા અમે તારે શરણે છીએ.

હે મા, અમે દઢતાપૂર્વક વીરવ્રતધારી, તારા સેવક તરીકે જ રહીએ અને ચિંતન, મતન લેખનરત રહીએ. અનેક કષ્ટો કે અગ્નિપરીક્ષામાં અમે પાર ઉતરીએ. અમો સદાય સંયમી રહીએ અને સ્નેહ વહેંચીએ. હે મા. અમે તમારા શરણે છીએ.

યમ જેવી યાતના કે નર્કનું દુઃખ હોય પરંતુ અમે કર્તવ્યપથ પરથી સહેજ પણ વિચલિત ન થઈએ. ક્ષણે-ક્ષણે અને શ્વાસોશ્વાસ તારા જાપ જપીએ અને તને ભજતા મોતને ભેટતા પણ ડરીએ નહીં અને અમે કર્તવ્ય પથથી જરા પણ મોઢું ન મચકોડીએ. હે મા. અમે તમારે શરણે છીએ.

હે મા અન્નપૂર્ણા તમે આશીષ અર્પો કે અમે તારી ભક્તિમાં, તારા સ્મરણમાં જ લીન રહીએ. સોનલ કહે છે કે અમારા હૃદયમાં અમૃતનું સિંચન કરો. હે મા તમારા દર્શન, ભક્તિની જ પ્રેમસભર લગની-ભાવ પ્રગટે. અમે તારે શરણે છીએ.

પ્રત્યેક ચારણે માતૃશક્તિ પાસે શું માગવાનું હોય એવું મહિમ્નસ્તોત્ર પ્રસ્તુત પ્રાર્થનાકાવ્ય છે. આઈ સોનલને દેવી ભાગવત, વિવિધ ધર્મગ્રંથોનું ઊંડું અધ્યયન હતું. એ અભ્યાસ પણ પ્રસ્તુત સ્તવન રચનામાંથી પ્રગટતી અનુભવાય છે.

સમગ્ર સમાજના ઉત્થાન માટે, નવજાગરણ માટે આઈ સોનલનો પ્રતિબોધ એમની રચનામાં સચવાયો છે. અહીં લય, પ્રાસ અને નાદ તત્ત્વનું નિરૂપણ એમની કાવ્યશક્તિનું પરિચાયક છે. ચારણી સ્તવન કાવ્યોમાં સોનલઆઈકૃત રચના ભાવ અને ભાષાને કારણે મહત્ત્વની બની રહે છે.



## અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# માળા છે ડોકમાં...

### ભગવાનનું નામ-જાપ કરવાથી મનને શાંતિ તો મળે જ છે સાથે જ એકાગ્રતા પણ વધે છે. આપણા ઈષ્ટદેવનું નામ સ્મરણ તો સતત કરતા રહેવું જોઈએ

ભારતીય સનાતન સંસ્કૃતિમાં તમામ ધર્મ-પંથ-સંપ્રદાયોમાં માળાનું મહત્ત્વ સચવાયું છે. દેવદેવીના નામ કે મંત્રનો જપ કરતાં, તેની ગણતરીનાં સાધન તરીકે, બધે જ વિવિધ પ્રકારની માળાઓ પ્રચલિત છે. પુરાણો અને તંત્રગ્રંથોમાં દરેક ઉપાસક વ્યક્તિએ પોતાની સાધના માટે માળા કેવી રીતે તૈયાર કરવી એનો વિધિ પણ આપ્યો છે.

શૈવ માટે રુદ્રાક્ષ, વૈષ્ણવ માટે તુલસી, શાક્ત માટે ભાક્ષ, ઉપરાંત સ્ફટિક, ચણોઠી, શંખ, પ્રવાલ, વિવિધ ફળો, કમળકાકડી, મોતી, ચંદનકાષ્ટ, તથા સોનું, ચાંદી, તાંબું જેવી વિવિધ ધાતુઓના પારા, નિલમ, માણેક જેવાં જુદાંજુદાં અનેક રત્નો, વિવિધ વનસ્પતિના મૂળ કે કાષ્ટ, પશુ-પ્રાણીઓના હાડકાં, હાથીદાંત વગેરેમાંથી જુદી જુદી જાતની માળાઓ બનાવવામાં આવે છે.

શરીરની શોભા વધારવા માટે તથા ઉપાસના-સાધના માટે જપની ગણતરી કરવા માળાનો ઉપયોગ કરવામાં આવે છે. સ્મરણ માટેની નાનકડી માળાને સુમરની કહેવામાં આવે છે.

દરેક જપમાળામાં પારાની સંખ્યા ૩૨ થી ૧૦૮ સુધી જુદી જુદી હોય છે. આ જપ માળા ગૌમુખીમાં રાખીને ફેરવવાનું મહત્ત્વ વિશેષ છે. માળા અંગુઠા અને મધ્યમા આંગળી વડે ફેરવાય છે.

કેટલાક ગ્રંથોમાં માળાના ત્રણ પ્રકારો દર્શાવ્યા છે : (૧) કરમાલા કે પર્વમાલા (૨) વર્ણમાલા અને (૩) અક્ષમાલા. ભગવાન શ્રી કૃષ્ણનો મંત્રજપ ગણવા તુલસી એટલે વૃંદાવનના કાષ્ઠની, લક્ષ્મીના મંત્ર જપ માટે સોનાની અને મણિની, સરસ્વતીના મંત્રજપ માટે ચાંદીની અને મોતીની, રામના મંત્રજપ માટે કમળના બીજની, વિષ્ણુના મંત્રજપ માટે આંબળા કે તુલસીની, શિવના મંત્ર જપ માટે રુદ્રાક્ષ, ભાક્ષ કે ઇનક્ષાની, ગાયત્રી, વૈષ્ણવીના મંત્રજપ માટે દર્ભની ગાંઠની અને સૂર્યના મંત્રજપ માટે સ્ફટિકની માળા, ગણપતિના મંત્રજપ માટે હાથીદાંતની, ત્રિપુરાના મંત્રજપ માટે લાલ ચંદનની અને ભાક્ષ કે ઈનક્ષાની માળા, દશ મહાવિદ્યામાં કાલિકા, છિન્નમસ્તા, ત્રિપુરા અને તારિણી એ દેવીઓના મંત્રજપ રુદ્રાક્ષ, નીલસરસ્વતીના જપ અને વિધિમાં મોટા શંખની માળા અર્થાત્ માણસની ખોપરી અને હાડકાંના ટુકડાઓની બનેલી માળાનો અને તારા વિદ્યાના જપમાં કાન અને બે આંખોની વચ્ચેનાં હાડકાંની બનેલી માળા કે માણસની આંગળીઓનાં હાડકાંની બનેલી માળા, ધૂમાવતીની ઉપાસના વિધિમાં સ્મશાનમાં ઊગેલા ધંતૂરાનાં ફૂલોની માળા ભૈરવી વિદ્યામાં સોનાની, મણિની, સ્ફટિકની, શંખની અને પરવાળાની માળા વડે ઉપાસના-સાધના કરવામાં આવે છે.

જેમાં જુદાજુદા પશુ-પ્રાણીઓ, માછલીનાં દાંત, શિંગ, હાડકાંનો પ્રયોગ પણ થાય છે.

એક સેરની માળા, બે સેરની માળા, ત્રણ સેરની માળા એમ પણ માળાના પ્રકારો જોવા મળે છે.

જગતના દરેક ધર્મ-પંથ-સંપ્રદાયોની પોતપોતાની સગુણ કે નિર્ગુણ-સાકાર-નિરાકાર ઉપાસનામાં વિશિષ્ટ ચીજોની, સાઈઝની, રંગની માળાઓ જોવા મળે છે. જુદી જુદી આકૃતિઓનાં અને રંગનાં ભભૂત, સિંદૂર, રામતુલસી, ગોપીચંદન, કુમકુમ, શ્વેતચંદન, રક્તચંદન, ગુરુચરણરજ દ્વારા કરેલાં ત્રિપુંડ, ઊર્ધ્વપુંડ્ર, ઊર્ધ્વપુંડ્ર-શ્યામબિન્દી, વૈશેષી તિલક અને માળાથી તેના અનુયાયીઓનો પરિચય મળી રહે છે.

આપણે ત્યાં ગવાય છે...

*ગુરુજીના નામની હો, માળા છે ડોકમાં..*
*નારાયણ નામની હો, માળા છે ડોકમાં..*
*જૂઠું બોલાય નહીં, ખોટું બોલાય નહીં,*
*અવળું ચલાય નહીં હો. માળા છે ડોકમાં..૦*
*ક્રોધ કદી થાય નહીં, પરને નિંદાય નહીં,*
*કોઈને દુઃભવાય નહીં હો.. માળા છે ડોકમાં..૦*
*પરને પીડાય નહીં, હુંપદ ધરાય નહીં,*
*પાપને પોષાય નહીં હો.. માળા છે ડોકમાં..૦*
*સુખમાં છકાય નહીં, દુઃખમાં રડાય નહીં,*
*ભક્તિ ભૂલાય નહીં હો.. માળા છે ડોકમાં..૦*
*ધન સંઘરાય નહીં, એકલાં ખવાય નહીં,*
*ભેદ રખાય નહીં હો.. માળા છે ડોકમાં..૦*
*બોલ્યું બદલાય નહીં, ટેકને તજાય નહીં,*
*બાનું લજવાય નહીં હો.. માળા છે ડોકમાં.. ૦*
*હરિહરાનંદજી કહે સત્ય ચૂકાય નહીં,*
*નારાયણ વિસરાય નહીં હો.. માળા છે ડોકમાં..૦*

અર્વાચીન સમયના સિદ્ધ સંત-કવિ હરિહરાનંદજી બાપુ દ્વારા સરધાર (જિ. રાજકોટ) ગામે આશ્રમની સ્થાપના થયેલી. તેમના એક શિષ્ય થયા ખ્યાતનામ ભજનિક નારાયણસ્વામી. 'ગુરુજીના નામની હો માળા છે ડોકમાં' ભજન રચના તેમના નામાચરણથી તમામ લોકભજનિકો ગાતા રહે છે.

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તરંગ | આવકારવું |
| તરકટી | વિરુદ્ધ |
| તરછોડવું | નિષ્પ્રપંચ |
| તરજુમો | વાસ્તવિકતા |
| તરફેણ | મૌલિક |

### માતૃભાષાની મહેક

કોઈ પણ પ્રકારનું કાર્ય કરતી વખતે શ્રેષ્ઠતાનો આગ્રહ રાખવો એ માનવીય લક્ષણ વર્ષોથી માનવામાં આવ્યું છે. આ વાત મારવો તો મીર અને ખાવી તો ખીર કહેવતમાં સુપેરે વ્યક્ત થાય છે. મોભો ધરાવતી મોટી વ્યક્તિ પર જ નિશાન તાકવાનો આગ્રહ રાખવો અને આરોગવી તો ગળી જ વસ્તુ એવો નિશ્ચય મહત્ત્વનો છે.

### ગુજરાત મોરી મોરી રે

બારમી સદીમાં જેનું બાંધકામ કરવામાં આવ્યું હતું એ ડભોઈના ખ્યાતિપ્રાપ્ત કિલ્લા સાથે કયા સ્થપતિનું નામ જોડાયેલું છે ?
અ) પ્રેમાભાઈ પંથી
બ) કુંવરજી બડુઆ
ક) પ્રસન્નકુમાર આચાર્ય
ડ) હીરો સલાટ

### ઈર્શાદ

*મુશ્કેલીમાં જ મિત્રની ખરી કસોટી થાય,*
*હીરો સંઘાડે ચડે તો જ ચમક પરખાય.*
- લોકરચના

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | | | | | | |
| ૮ | | ૯ | | | ૧૦ | | | ૧૧ | |
| | | | | ૧૨ | | | ૧૩ | | |
| | ૧૪ | | | | | | | ૧૫ | |
| ૧૬ | | | | ૧૭ | | ૧૮ | ૧૯ | | |
| | ૨૦ | | | ૨૧ | | | | | ૨૨ |
| ૨૩ | | | ૨૪ | | | ૨૫ | | ૨૬ | |
| | | ૨૭ | | | ૨૮ | | | ૨૯ | |
| ૩૦ | | | | | ૩૧ | | | | |

**આડી ચાવી**

૧. કાચી સમજવાળું, અર્ધદગ્ધ (૫)
૪. શ્રાદ્ધનાં દિવસો (૪)
૭. પત્ની (૨)
૮. જોષ, ભવિષ્ય કથન (૪)
૧૦. હંમેશાં (૨)
૧૧. મનાઈ, શપથ (૨)
૧૨. તહેવાર, ઉત્સવનો દિવસ (૨)
૧૩. તાત્પર્ય (૨)
૧૪. --- ભાણે લાડવો મોટો (૩)
૧૫. લોહી (૨)
૧૬. ઉતાવળા સો બાવરા --- સો ગંભીર (૨)
૧૮. ટંડેલ (૩)
૨૦. રાહ, રસ્તો (૨)
૨૧. લગની (૨)
૨૩. એક પક્ષી (૨)
૨૪. છૂટું છૂટું, પાંખું (૨)
૨૫. હિલચાલ, ચળવળ (૪)
૨૯. સોનું (૨)
૩૦. સમાન અંતરે આવેલું (૪)
૩૧. બાંધકામનો પાયો નાંખવાની વિધિ (૫)

**ઊભી ચાવી**

૧. વેર, શત્રુવટ (૪)
૨. અવશ્ય, અચૂક (૩)
૩. માથું (૨)
૫. --- થોડી ને વેશ ઝાઝા (૨)
૬. લંકેશ (૩)
૯. લક્ષણ, ગુણ (૩)
૧૦. બધું જાણનાર (૩)
૧૧. આયુષ્ય (૪)
૧૪. પુષ્કળ, ઘણું (૪)
૧૭. ત્રાંસું (૩)
૧૯. --- કરવો=ભાંગીને ભૂકો કરવો (૩)
૨૨. લોકોનો અભિપ્રાય (૪)
૨૩. દાણાદાર ખાંડ (૩)
૨૬. તરંગ, મોજું (૩)
૨૭. ઠંડું (૨)
૨૮. મિત્ર (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | દૂ | ૨ ષ | ૩ ક | | ૪ ભા | ર | ૫ વા | ૬ હ | ૭ ક |
| ભા | | ૮ ડા | લા | ૯ મ | થું | | ૧૦ ચા | ક | રી |
| ૧૧ વ | ત | ન | | હ | | ૧૨ છો | ળ | | મ |
| રી | | ૧૩ ન | ૧૪ રો | ત્ત | મ | | | ૧૫ હ | |
| | ૧૬ હ | | ૧૭ ક | મ | | ૧૮ અ | ર | મા | ન |
| ૧૯ હા | લ | ર | ડું | | ૨૦ વા | વ | | લ | |
| | કું | | | ૨૧ પ | રા | ધિ | ૨૨ ન | | ૨૩ પ |
| ૨૪ સુ | | ૨૫ અ | ન્ન | | ણ | | ૨૬ ખે | પા | ની |
| ૨૭ રે | ૨૮ શ | મી | | ૨૯ ન | સી | ૩૯ હ | ત | | હા |
| ૩૧ ખ | બ | ર | દા | ર | | ૩૨ વા | ર | ક | રી |

### ઓળખાણ પડી?

અગિયારમી સદીમાં બાંધકામ કરવામાં આવ્યું હતું એ આનંદ પેગોડા બૌદ્ધ મંદિર કયા દેશમાં સ્થિત છે એની ઓળખાણ પડે છે?



અ) શ્રીલંકા   બ) મ્યાનમાર   ક) જાપાન   ડ) અફઘાનિસ્તાન

### ચતુર આપો જવાબ / અર્થ જણાવો

'મારા દેશના સૂડા સારા' પંક્તિમાં સૂડાનો અર્થ શું થાય એ જણાવો.
અ) કબૂતર   બ) સોપારી   ક) પોપટ   ડ) ઘેટાં

### માઈન્ડ ગેમ

આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હવાઈ સફર અત્યંત મહત્ત્વની છે. 'બાટિક એર' તરીકે ઓળખાતી એરલાઈન્સ કયા દેશમાં છે?
અ) ભૂટાન   બ) ઈરાક   ક) ઈન્ડોનેશિયા   ડ) મ્યાનમાર

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | | | ૬ | | | ૯ | ૧ |
| | ૭ | | ૯ | | ૨ | | ૮ | |
| | | | ૮ | ૫ | ૧ | | | |
| ૮ | | | | | | | | ૯ |
| ૬ | | ૨ | | | | ૧ | | ૫ |
| ૧ | | | | | | | | ૨ |
| | | | ૬ | ૮ | ૩ | | | |
| | ૩ | | ૧ | | ૭ | | ૫ | |
| ૭ | ૧ | | | ૯ | | | ૨ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૫ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૯ |
| ૯ | ૭ | ૪ | ૬ | ૧ | ૫ | ૮ | ૩ | ૨ |
| ૩ | ૬ | ૨ | ૯ | ૮ | ૭ | ૪ | ૧ | ૫ |
| ૫ | ૮ | ૧ | ૪ | ૭ | ૩ | ૯ | ૨ | ૬ |
| ૭ | ૯ | ૬ | ૧ | ૫ | ૨ | ૩ | ૮ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૮ | ૯ | ૬ | ૧ | ૫ | ૭ |
| ૬ | ૫ | ૭ | ૩ | ૪ | ૮ | ૨ | ૯ | ૧ |
| ૧ | ૪ | ૮ | ૫ | ૨ | ૯ | ૭ | ૬ | ૩ |
| ૨ | ૩ | ૯ | ૭ | ૬ | ૧ | ૫ | ૪ | ૮ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તબીબ | દરદી |
| તમસ | પ્રકાશ |
| તમા | બેપરવાઈ |
| તમામ | થોડું |
| તમન્ના | નિઃસ્પૃહતા |

**ગુજરાત મોરી મોરી રેઃ** વડનગર
**ઓળખાણ પડી?** સ્વામી વિવેકાનંદ
**માઈન્ડ ગેમ :** ઓસ્ટ્રેલિયા
**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** કમોસમી વરસાદ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) વિપીન શાહ (૩) નૂતન વિપીન શાહ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આસર (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) નિતીન જયંતીલાલ બજરિયા (૧૬) કમલ માતલિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) મહેશ સંઘવી (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિજય આસર (૩૩) અરવિંદ કામદાર (૩૪) પ્રિતીબેન ઉદય શેઠ (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) સુભાષ મોમાયા (૩૭) નીતા દેસાઈ (૩૮) પુષ્પા પટેલ (૩૯) લજિતા ખોના (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) શીરીન ઔરંગાબાદવાલા (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) મહેશ દોશી (૪૮) પ્રવીણ વોરા




# ૨૦૨૬નો ફિફા વર્લ્ડ કપ સેકન્ડ ફાસ્ટેસ્ટઃ જાણો, કેવી રીતે...

હ્યુસ્ટનઃ ફૂટબૉલની રમતમાં સામાન્ય રીતે જો કોઈ મૅચની શરૂઆત થતાં થોડી વારમાં જ ગોલ થઈ જાય તો એ ફાસ્ટેસ્ટ છે કે સેકન્ડ ફાસ્ટેસ્ટ છે કે થર્ડ ફાસ્ટેસ્ટ એ જૂની રેકૉર્ડ-બુક પરથી અપડેટ થઈ જાય છે અને એમાં ગોલ કરનાર ખેલાડી કે તેની ટીમનું નામ વિક્રમોની આ પોથીમાં આવી જાય છે, પરંતુ આપણે જે વાત કરવા જઈ રહ્યા છે એ આખેઆખા ફિફા વર્લ્ડ કપની છે.

વાત એવી છે કે ૧૯૩૦માં શરૂ થયેલા ફિફા વર્લ્ડ કપનું આ ૯૬મું વર્ષ છે અને એમાં શનિવારે નેધરલૅન્ડ્સ-સ્વિડન વચ્ચેની મૅચ એવી હતી જે રેકૉર્ડ-બુકમાં આવી ગઈ. આ વખતના વર્લ્ડ કપની આ ૩૩મી મૅચ હતી અને એમાં ૧૦૦મો ગોલ નોંધાયો હતો. આ ૨૩મો વિશ્વ કપ છે અને એક વર્લ્ડ કપમાં સૌથી ઓછી મૅચમાં ૧૦૦ ગોલ થયા હોય એમાં આ વખતની ટૂર્નામેન્ટ બીજા નંબરે છે.

૩૩મી મૅચમાં ૧૦૦મો ગોલ થવો એ બહુ મોટી વાત છે, કારણકે એક સાથે ૧૯૮૨ અને ૨૦૧૪ના વર્લ્ડ કપનો આંકડો પાર થયો છે. ૧૯૮૨ અને ૨૦૧૪ની ટૂર્નામેન્ટમાં ૩૬મી મૅચમાં ૧૦૦મો ગોલ થયો હતો. બાય ધ વે, વર્લ્ડ રેકૉર્ડ ૧૯૫૪ના વર્લ્ડ કપનો છે. ૭૨ વર્ષ પહેલાંના એ વિશ્વ કપમાં માત્ર ૨૦મી મૅચમાં ૧૦૦મો ગોલ થયો હતો.

દરમ્યાન, નેધરલૅન્ડ્સે સ્વિડન સામેની શનિવારની મૅચ ૫-૧થી જીતી લીધી હતી. નેધરલૅન્ડ્સ ફિફા વર્લ્ડ કપના ઇતિહાસમાં કુલ ૧૦૦ ગોલ કરનાર આઠમો દેશ બન્યો છે. ■




**રેફરી તકરાર કરતા રહ્યા, ખેલાડીએ તેમની ઘડિયાળ ચોરી લીધી!**

શનિવારે ફિફા વર્લ્ડ કપમાં પારાગ્વેએ તૂર્કી સામે ૧-૦થી જે મૅચ જીતી એમાં ગોલ્ડન ગોલ કરનાર પારાગ્વેના મૅટિયાસ ગાલાર્ઝાએ ૬૫મી સેકન્ડમાં આ ટૂર્નામેન્ટનો ફાસ્ટેસ્ટ કર્યો હતો, પણ એક તબક્કે રેફરીની જ્યારે ખેલાડીઓ સાથે તકરાર ચાલુ હતી એ દરમ્યાન રેફરીની નીચે પડી ગયેલી ઘડિયાળ ગાલાર્ઝાએ ઊંચકીને પહેરી લીધી હતી.

# આર્જેન્ટિનામાં મેસીનું સૌથી ઊંચું ૮૫ ફૂટનું સ્ટેચ્યૂ

## ગયા મહિને કોલકાતામાં મેસીનું ૭૦ ફૂટનું સ્ટેચ્યૂ વંટોળને લીધે નીચે ઉતારવામાં આવ્યું હતું




ન્યૂકેન (આર્જેન્ટિના) ફૂટબૉલના ડિફેન્ડિંગ વર્લ્ડ ચેમ્પિયન આર્જેન્ટિનાના સુપરસ્ટાર ખેલાડી લિયોનેલ મેસીનું સૌથી ઊંચું ૮૫ ફૂટનું સ્ટેચ્યુ આર્જેન્ટિનાના ન્યૂકેન શહેરમાં સ્થાપિત કરવામાં આવ્યું છે.

મેસી ગયા વર્ષે ભારતના પ્રવાસે આવ્યો હતો ત્યારે તેનું ૭૦ ફૂટ ઊંચું સ્ટેચ્યૂ કોલકાતામાં સ્થાપિત કરવામાં આવ્યું હતું. અત્યાર સુધી તેનું આ સૌથી ઊંચું સ્ટેચ્યૂ મનાતું હતું. જોકે ૨૦ દિવસ પહેલાં વંટોળને લીધે આ સ્ટેચ્યૂ હલવા લાગ્યું હતું અને સલામતી ખાતર એ નીચે ઉતરવામાં આવ્યું હતું.

મેસીનો આ વિશ્વ વિક્રમી છઠ્ઠો ફિફા વર્લ્ડ કપ છે અને તે કદાચ હવે પછી આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાંથી નિવૃત્તિ લેશે. વર્લ્ડ કપના આ પ્રસંગે આર્જેન્ટિનામાં મેસીની ૧૦ નંબરના જર્સીવાળી સૌથી ઊંચી પ્રતિમા સ્થાપિત કરીને દેશને એક નવું પ્રતીક આપવામાં આવ્યું છે.

મેસીનું આ સ્ટેચ્યૂ બે વર્ષથી (૨૦૨૨માં આર્જેન્ટિના વર્લ્ડ ચેમ્પિયન બન્યું એના બે વર્ષ બાદ) બની રહ્યું હતું. આ સ્ટેચ્યૂની ઊંચાઈ ૮૫ ફૂટ ચાર ઇંચ જેટલી છે. અલ્દો બેરોઈસા નામના શિલ્પકારે આ પ્રતિમા બનાવી છે. ■

### વર્લ્ડ કપની મુખ્ય મૅચોમાં શું બન્યું?

(૧) નેધરલૅન્ડ્સે સ્વિડનને ૫-૧થી હરાવ્યું
(૨) જર્મનીનો આઇવરી કોસ્ટ સામે ૨-૧થી વિજય થયો
(૩) ૧૦૦૦મી ફિફા વર્લ્ડ કપ મૅચમાં જાપાને ટ્યૂનિશિયાને ૪-૦થી હરાવ્યું
(૪) સ્પેને સઉદીને ૩-૦થી હરાવ્યું
(૫) ઇક્વેડોર અને ક્યૂરસોની મૅચ ૦-૦થી ડ્રૉમાં ગઈ

### આજે વર્લ્ડ કપમાં કઈ મૅચ

| | |
|---|---|
| ઉરુગ્વે વિ. કેપ વર્ડે<br>પરોઢિયે ૩.૩૦ | આર્જેન્ટિના વિ. ઑસ્ટ્રિયા<br>રાત્રે ૧૦.૩૦ |
| ન્યૂ ઝીલૅન્ડ વિ. ઇજિપ્ત<br>સવારે ૬.૩૦ | ફ્રાન્સ વિ. ઇરાક<br>મધરાત બાદ ૨.૩૦ ■ |

# હૉકીમાં ભારતીય મહિલા ટીમ ફરી નૅશન્સ કપ જીતી

## ન્યૂ ઝીલૅન્ડને ૨-૦થી હરાવ્યુંઃ વિમેન્સ પ્રો લીગમાં ફરી પ્રવેશ કર્યો




ઑકલૅન્ડઃ ભારતની મહિલા હૉકી ખેલાડીઓએ શાનદાર પર્ફોર્મન્સ જાળવી રાખીને યજમાન ન્યૂ ઝીલૅન્ડને અહીં એફઆઇએચ વિમેન્સ નૅશન્સ કપની ફાઇનલમાં ૨-૦થી હરાવીને ટાઇટલ જીતી લેવાની સાથે વિમેન્સ પ્રો લીગમાં એન્ટ્રી કરી હતી. ૨૦૨૨ પછી ભારતીય ટીમ બીજી વખત નૅશન્સ કપ ટાઇટલ જીતી છે.

નવનીત કૌરે ચોથી મિનિટમાં ગોલ કરીને ભારતને ૧-૦થી સરસાઈ અપાવી હતી. ૧૫મી મિનિટમાં સુનેલિતા ટૉપ્પોએ ગોલ કરીને સરસાઈ વધારીને ૨-૦ કરી હતી. બન્ને ગોલ કરીને ભારતે પોતાની આક્રમક રણનીતિનો પુરાવો આપ્યો હતો અને આ સાથે ભારતીય ડિફેન્ડરોએ ન્યૂ ઝીલૅન્ડની મજબૂત ટીમને અંકુશમાં રાખી હતી. લાલરેમસિયામી 'પ્લેયર ઑફ ધ ફાઇનલ'નો અવૉર્ડ જીતી હતી. ■

# ભારત સ્ક્વૉશમાં પાકિસ્તાનને હરાવીને ફરી એશિયન ચૅમ્પિયન

સારાવાકઃ મલયેશિયામાં રવિવારે અભય સિંહ અને વેલાવન સેન્થિલકુમારની સ્ક્વૉશ જોડીએ પાકિસ્તાન સામેની ફાઇનલમાં ભારતને શાનદાર વિજય અપાવવાની સાથે એશિયન ટાઇટલ પણ અપાવ્યું છે.

એશિયન ડબલ્સ સ્ક્વૉશ ચૅમ્પિયનશિપ્સનું ભારતે અભય-વેલાવનની જોડીની મદદથી સતત ત્રીજી વખત ટાઇટલ જીતીને પ્રભુત્વ જાળવી રાખ્યું છે. ફાઇનલમાં અભય-વેલાવનની જોડીએ પાકિસ્તાનના નાસિર ઇકબાલ અને નૂર ઝમાનની જોડી સામેની પ્રથમ ગેમ ૭-૧૧થી ગુમાવ્યા બાદ બન્ને ગેમ ૧૧-૭, ૧૧-૨થી જીતીને ટ્રોફી પર કબજો કરી લીધો હતો.

પીઢ ભારતીય ખેલાડી જોશ્ના ચિનપ્પા અને રાધિકા સીલૅનની જોડી આ એશિયન સ્પર્ધામાં મહિલાઓની ડબલ્સમાં બ્રૉન્ઝ જીતી હતી. જોશ્ના ચિનપ્પા અને વેલાવનની જોડીએ મિક્સ્ડ-ડબલ્સમાં બ્રૉન્ઝ જીતી લીધો હતો. ■

# દમ્બુલામાં વૈભવ દમદારઃ શ્રીલંકનો સામે અપમાનનો બદલો ટ્રોફી જીતીને લીધો

## સૂર્યવંશીના ફાસ્ટેસ્ટ ફિફ્ટીઃ ટીમ ઇન્ડિયાના ખેલાડી બનતાં પહેલાંની અંતિમ મૅચમાં ધમાકેદાર ૯૪ રન ફટકાર્યાઃ ઇન્ડિયા-એને ચૅમ્પિયન બનાવ્યું

દમ્બુલાઃ ઇન્ડિયા-એનો રવિવારે અહીં શ્રીલંકા-એ સામેની વન-ડે ટ્રાયેન્ગ્યૂલર ફાઇનલમાં જયજયકાર થયો અને તિલક વર્મા ઍન્ડ કંપનીએ ટ્રોફી ઉપાડીને આ અવસરને યાદગાર બનાવી દીધો હતો. વૈભવ સૂર્યવંશી (૯૪ રન, ૨૯ બૉલ, આઠ સિક્સર, દસ ફોર) આ મૅચનો સુપરસ્ટાર હતો. ઇન્ડિયા-એના ૯/૩૭૭ના જવાબમાં શ્રીલંકા-એ ટીમ જોરદાર લડત આપીને ૪૮મી ઓવરમાં ૩૧૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી અને ભારતીય ટીમે ૬૬ રનથી વિજય મેળવ્યો હતો. શ્રીલંકા-એ સામેની પાછલી મૅચમાં ભારે બબાલ થઈ હતી. શ્રીલંકન ખેલાડીઓએ આખી મૅચમાં ભારતીય ખેલાડીઓને ગાળ આપી હતી અને ખાસ કરીને વૈભવને નિશાન બનાવ્યો હતો. સુપર ઓવરમાં ભારતનો પરાજય થયો ત્યાર બાદ શ્રીલંકન ખેલાડીઓએ વૈભવને ઉશ્કેર્યો હતો જેને પગલે વૈભવે કેટલાક શ્રીલંકન ખેલાડીઓને ધક્કે ચડાવ્યા હતા. જોકે વૈભવે રવિવારે ધમાકેદાર પર્ફોર્મન્સથી શ્રીલંકન ટીમને બૅટથી જડબાતોડ જવાબ આપી દીધો છે.

### બૅક-ટુ-બૅક ફાઇનલ જિતાડીને અવૉર્ડ જીત્યો

પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર મેળવનાર વૈભવનો ભારતની મુખ્ય ટી-૨૦ ટીમમાં સમાવેશ થયો છે. તે આ મહિને આયરલૅન્ડની ટૂર પર જશે અને એ પ્રવાસ પહેલાંની (ભારતની મુખ્ય ટીમ વતી રમતાં પહેલાંની) છેલ્લી મૅચ તે રવિવારે રમ્યો જેમાં તેણે અનેરી છાપ છોડી છે. આઇપીએલ પહેલાં તેણે અન્ડર-૧૯ વર્લ્ડ કપની ફાઇનલમાં ૧૭૫ રન ખડકીને ભારતને ફાઇનલ જિતાડી આપી હતી અને હવે બૅક-ટુ-બૅક બીજી આંતરરાષ્ટ્રીય ફાઇનલમાં શાનદાર વિજય અપાવ્યો છે.




યશ ઠાકુરે પહેલી ત્રણે વિકેટ લીધી હતી



૧૫ વર્ષનો ટેણિયો વૈભવ હવે ભારત વતી રમશે

### ૧૧ બૉલમાં ૫૦ રન, નવો વર્લ્ડ રેકૉર્ડ

વૈભવે ૧૧ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા જે લિસ્ટ-એ સ્તરની ક્રિકેટમાં નવો વિશ્વવિક્રમ છે. તેણે શ્રીલંકાના જ ભૂતપૂર્વ ખેલાડી વીરરત્નેનો ૧૨ બૉલની હાફ સેન્ચુરીનો વિક્રમ તોડી નાખ્યો હતો. વૈભવે પાંચ સિક્સર અને પાંચ ફોરની મદદથી ૧૧ બૉલમાં ફિફ્ટી પૂરા કર્યા અને પછી રનમશીનને વેગ આપતા રહીને બીજા ૪૪ રન ફટકાર્યા હતા. તેની અને સાથી ઓપનર પ્રિયાંશ આર્ય (૩૯ રન, ૨૯ બૉલ, એક સિક્સર, છ ફોર) સાથે ૮.૫ ઓવરમાં ૧૩૨ રનની ભાગીદારી કરી હતી.

### ટીમને જશ અપાવવામાં યશનું પણ યોગદાન

શ્રીલંકા-એની જેમ ઇન્ડિયા-એ ટીમે પણ સાત બોલરનું આક્રમણ કર્યું હતું. એમાં પેસ બોલર યશ ઠાકુર (૭-૦-૪૫-૩) સૌથી સફળ હતો. યજમાન ટીમની પહેલી ત્રણેય વિકેટ લઈને તેમને મુસીબતમાં તેણે જ મૂકી દીધા હતા. જો શ્રીલંકન ટીમની શરૂઆત સારી થઈ હોત તો જીતી શક્યા હોત, પણ યશ ઠાકુરે તેમને એમાં નિષ્ફળ બનાવ્યા હતા. ટૉપ-ઑર્ડરના ત્રણ બૅટ્સમેન નિરોશાન ડિકવેલા (પચીસ રન), અવિષ્કા ફર્નાન્ડો (ત્રણ રન) અને નુવાનિદુ ફર્નાન્ડો (૨૧ રન)ને યશ ઠાકુરે વહેલા પૅવિલિયન ભેગા કરીને શ્રીલંકન ટીમના સઢમાં ત્રણ મોટા ગાબડાં પાડ્યાં હતાં. સ્પિનર વિપ્રજ નિગમ (૯.૧-૦-૬૦-૩) ટીમનો બીજો સફળ બોલર હતો. ઑફ સ્પિનર અનુકૂલ રૉયે (૯-૦-૪૨-૨) પણ બે ભાગીદારી તોડી હતી. ફાસ્ટ બોલર અશોક શર્મા તથા ખુદ કૅપ્ટન તિલક વર્માએ એક-એક વિકેટ લીધી હતી. શ્રીલંકન ટીમમાં વનુજા સહાન (૬૨ રન) અને સદીરા સમરવિક્રમા (બાવન રન)ની હાફ સેન્ચુરી એળે ગઈ હતી. ■

### ૧૭૫, ૯૭, ૯૬ અને હવે ૯૪ રન...

# ટ્રોફી જ્યારે દાવ પર લાગે ત્યારે વધુ ઘાતક થઈ જાય છે વૈભવ સૂર્યવંશી

દમ્બુલાઃ ઇન્ડિયા-એના વૈભવ સૂર્યવંશીએ રવિવારે અહીં શ્રીલંકા-એ સામે વન-ડે ટ્રાયેન્ગ્યૂલર ટૂર્નામેન્ટની ફાઇનલમાં ૩૨૪.૧૪ના સ્ટ્રાઇક-રેટથી જે ૯૪ રન બનાવ્યા હતા એ ભારતને ખૂબ ફળ્યા, કારણકે અન્ય બૅટ્સમેનોની નાની-મોટી ઇનિંગ્સ ઉપરાંત ખાસ કરીને વૈભવના આ ધમાકેદાર ૯૪ રન શ્રીલંકન ટીમને ખૂબ નડ્યા અને છેવટે ભારતનો શાનદાર વિજય થયો. ખૂબીની વાત એ છે કે વૈભવે છેલ્લા થોડા મહિના દરમ્યાન ખરા સમયે જ ધમાકેદાર અને મોટી ઇનિંગ્સથી પોતાની ટીમને કામ લાગ્યો છે.

વૈભવે રવિવારે માત્ર ૨૯ બૉલમાં આઠ છગ્ગા અને દસ ચોગ્ગાની મદદથી ૯૪ રન બનાવ્યા હતા. તેણે ૧૧ બૉલમાં ફિફ્ટી પૂરા કર્યા હતા જે લિસ્ટ-એ ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરીનો વિશ્વવિક્રમ છે. તે શ્રીલંકન ટીમના કૅપ્ટન સહાન અરાચિગેના બૉલ પર વધુ એક બિગ શૉટ મારવાના પ્રયાસમાં કૅચઆઉટ થયો હતો.

વૈભવે આઇપીએલની પહેલાં અન્ડર-૧૯ વર્લ્ડ કપની ઇંગ્લૅન્ડ સામેની ફાઇનલમાં ૮૦ બૉલમાં ૧૭૫ રન ખડકીને કપિલ દેવના ૧૯૮૩ વર્લ્ડ કપના ઝિમ્બાબ્વે સામેના અણનમ ૧૭૫ રનની યાદ અપાવી હતી. વૈભવે એ ઇનિંગ્સમાં ૧૫ છગ્ગા અને ૧૫ ચોગ્ગા ફટકાર્યા હતા. તેની એ ઇનિંગ્સ થકી ભારતે ટ્રોફી જીતી લીધી હતી.

ત્યાર બાદ આઇપીએલમાં રાજસ્થાન રૉયલ્સ વતી વૈભવે સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની એલિમિનેટરમાં બાર છગ્ગા અને પાંચ ચોગ્ગાની મદદથી ૨૯ બૉલમાં ૯૭ રન ઝૂડી કાઢ્યા હતા. ત્યાર પછી ગુજરાત ટાઇટન્સ સામેની ક્વૉલિફાયર-ટૂમાં વૈભવે ૪૭ બૉલમાં ૯૬ રન બનાવ્યા હતા. રાજસ્થાન એ મૅચ હારી ગયું હતું.

# ભારતીય મહિલા ટીમ રોમાંચક મુકાબલામાં હારી

મૅન્ચેસ્ટરઃ ટી-૨૦ મહિલા વર્લ્ડ કપમાં ભારતની ટીમને ૭/૧૫૮ રનનો સાધારણ સ્કોર છેવટે નડ્યો, કારણકે સાઉથ આફ્રિકાએ અંતિમ ઓવરમાં પાંચ બૉલ બાકી રાખીને લક્ષ્યાંક મેળવી લીધો હતો. ભારતને પણ જીતવાની તક હતી, પણ લૉરા વૉલ્વાર્ટની ટીમે ૧૯.૧ ઓવરમાં ૪/૧૬૧ના સ્કોર સાથે વિજય હાંસલ કરી લીધો હતો.

સ્પિનર શ્રી ચરનીનો ત્રણ વિકેટનો શાનદાર પર્ફોર્મન્સ પાણીમાં ગયો હતો. શેફાલી વર્માને એક વિકેટ મળી હતી, પણ બીજી ચાર બોલર વિકેટ વિનાની રહી હતી.

મૅરિઝેન કૅપ (૮૧ અણનમ) અને તેઝમિન બ્રિટ્સ (૪૦ રન)ની ઇનિંગ્સને લીધે ભારતીય ટીમે છેવટે હાર સ્વીકારવી પડી હતી.

એ પહેલાં, ભારતે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૫૮ રન બનાવ્યા હતા. હરમનપ્રીતની ટીમનો બૅટિંગ પર્ફોર્મન્સ નબળો રહ્યા બાદ બોલર્સ પરચો નહોતી બતાવી શકી. ૧૫૮ રનમાં શેફાલી વર્માના ૩૧ રન હાઇએસ્ટ હતા. સ્મૃતિ (૧૭ રન), હરમનપ્રીત (૨૪ રન), દીપ્તિ શર્મા (૨૯) અને જેમિમા (૧૨ રન) પણ સારું રમવામાં નિષ્ફળ ગઈ હતી. ■

## ભારતીયોનો સુવર્ણ સન્ડે

### એશિયન વિમેન્સ રિલેમાં ભારતીય ટીમ જીતી ગોલ્ડ

ચીનના શાઓશિન્ગમાં આયોજિત એશિયન રિલે ચૅમ્પિયનશિપમાં રવિવારે મહિલાઓની ૪ x ૧૦૦ મીટર રિલે દોડમાં ભારતની ટીમ ગોલ્ડ મેડલ જીતી છે. આ ટીમમાં શ્રબણી નંદા, એસ. એસ. સ્નેહા, સુદેશ્ના શિવણકર અને તમન્નાનો સમાવેશ હતો. તેમણે આ દોડ સીઝનના સર્વશ્રેષ્ઠ ૪૩.૮૫ સેકન્ડના સમયમાં પૂરી કરી હતી. મિક્સ્ડ ૪ x ૪૦૦ મીટરમાં તેમ જ મિક્સ્ડ ૪ x ૧૦૦ મીટર રિલેમાં પણ ભારતે સિલ્વર મેડલ મેળવ્યો હતો.

### એશિયન જિમ્નેસ્ટિક્સમાં ભારતના હર્ષિત-અક્ષતે ઇતિહાસ રચ્યો

ચીનના ઝુન્યીમાં રવિવારે એશિયન આર્ટિસ્ટિક જિમ્નૅસ્ટિક્સ ચૅમ્પિયનશિપ્સમાં ભારતના હર્ષિત દામોદરન અને અક્ષત બજાજે દેશ માટે નવો ઇતિહાસ રચ્યો છે. તેમણે પુરુષોના વર્ગમાં જુનિયર વૉલ્ટ ઇવેન્ટમાં આ સિદ્ધિ મેળવી હતી. હર્ષિતે ૧૩.૬૪૯ પૉઇન્ટ સાથે પ્રથમ સ્થાન મેળવીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. અક્ષત ૧૩.૪૩૩ પૉઇન્ટસાથે બીજા સ્થાને રહ્યો હતો અને સિલ્વર મેડલ જીત્યો હતો.

### વર્લ્ડ બૉક્સિંગમાં ભારતની જ્યોતિ વિશ્વ વિજેતાને હરાવી જીતી ગોલ્ડ

ચીનના ગિયાન્ગમાં વર્લ્ડ બૉક્સિંગ કપ-ટૂમાં ભારતને એક ગોલ્ડ મેડલ મળ્યો છે અને એ જ્યોતિ નામની મુક્કાબાજે ૪૮ કિલો વર્ગની ફાઇનલમાં જીતી લીધો છે. રવિવારે તેણે નિર્ણાયક મુકાબલામાં ઉઝબેકિસ્તાનની ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન ફર્ઝોના ફૉઝિલોવાને ૫-૦થી હરાવીને સુવર્ણ ચંદ્રક હાંસલ કરી લીધો હતો. મહિલા વર્ગમાં મિનાક્ષી (૫૧ કિલો વર્ગ), પ્રાચી (૫૭ કિલો) અને પુરુષોમાં દીપક (૭૦ કિલો) સિલ્વર મેડલ જીત્યાં હતાં.■

# હોર્મુઝના અશાંત જળ ફરી તોફાની અફડાતફડી નોતરે એવો ભય, શૅરબજાર માટે શાંતિ કરાર સૌથી મહત્ત્વનું પરિબળ

**નિલેશ વાઘેલા**

મુંબઇઃ અમેરિકા અને ઇરાન વચ્ચે શાંતિ કરારને લગભગ અંતિમ સ્વરૂપ મળી ગયું હોવાના અહેવાલો અને આશા વચ્ચે પાછલા સપ્તાહે ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં રાહત અને તેજીનો પવન ફૂંકાયો હતો. જોકે, ઇઝરાયલે લેબનોન પર આક્રમણ ચાલું રાખ્યા બાદ હોર્મુઝ સ્ટ્રેઇટની ફાટક ફરી બંધ કરી દેવાઇ હોવાના અહેવાલોએ શેરબજારને ફરી વમળમાં ધકેલી દીધું છે. આ તરફ ચોમાસાનો વિલંબ પણ ભારત માટે મોટી સમસ્યા અને ચિંતાનો વિષય છે. શેરબજાર અને અર્થતંત્ર બંને માટે આ બે મુખ્ય પરિબળ છે. આ ઉપરાંત તેની સાથે ક્રૂડ ઓઇલના ભાવ, એફઆઇઆઇ પ્રવૃત્તિ, અમેરિકાના પીસીઈ ડેટા સહિતના પરિબળો બજારને આગામી ચાલ માટે દિશા આપશે.

પાંચ દિવસની તેજી પછી અંતિમ સત્રમાં પ્રોફિટ બુકિંગ છતાં, ૧૯ જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતીય બજારો ઊંચા સ્તરે બંધ થયા. શુક્રવારે નિફ્ટી ૦.૬ ટકા ઘટીને ૨૪,૦૧૩ પર બંધ થયો, જ્યારે સેન્સેક્સ ૦.૭ ટકા ઘટીને ૭૬,૮૦૨ પર બંધ થયો. જોકે, અઠવાડિયાની શરૂઆતમાં ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડાને કારણે બંને બેન્ચમાર્ક અઠવાડિયામાં લગભગ ૧.૭ ટકા વધ્યા છે.

વ્યાપક બજારે બેન્ચમાર્ક કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું. મિડકેપ અને સ્મોલકેપ શેરોએ સપ્તાહ દરમિયાન પ્રવાહ આકર્ષવાનું ચાલુ રાખ્યું, જેમાં મિડકેપ ૧૫૦ અને સ્મોલ કેપ ૨૫૦ ઇન્ડેક્સ અનુક્રમે ત્રણ ટકાથી વધુ વધ્યા હતા. ક્ષેત્રીય રીતે, ડીફેન્સ ૬.૬ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૬.૪ ટકા, પ્રવાસન ૬.૦ ટકા અને રિયલ એસ્ટેટ ૫.૫ ટકાના વધારા સાથે રેલીનું નેતૃત્વ કર્યું, એકમાત્ર આઇટી ઇન્ડેક્સમાં ૧.૩ ટકાની પીછેહઠ જોવા મળી હતી.

નવા સપ્તાહમાં વોલ સ્ટ્રીટ સોમવારે કમાણી અને મેક્રો ડેટાના વ્યસ્ત શેડ્યૂલ સાથે પરત ફરશે. મુખ્ય ઘટના ગુરુવારે મે પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર (પીસીઇ) ફુગાવાના ડેટા બનશે, જે ફેડરલ રિઝર્વનું ફુગાવાનું પસંદગીનું માપ છે. ગયા અઠવાડિયે ફેડરલ દ્વારા અપનાવવામાં આવેલા આક્રમક વલણને પગલે, ફુગાવામાં કોઈપણ વધારો યુએસ બોન્ડ યીલ્ડ અને ડોલરમાં વધારો કરી શકે છે, જેનાથી ઉભરતા બજારના પ્રવાહ પર દબાણ આવી શકે છે. મંગળવારે ફેડેક્સ તેની કમાણીની જાણ કરશે અને ત્યારબાદ બુધવારે માઇક્રોન ટેકનોલોજી કરશે, રોકાણકારો મેમરી-ચિપ માગ અને એઆઇ-લિંક્ડ ખર્ચ પર તેના દૃષ્ટિકોણ પર નજીકથી નજર રાખશે.

યુએસ-ઈરાન શાંતિ સોદાની આશાએ હોર્મુઝ સ્ટ્રેટમાં પુરવઠામાં વિક્ષેપ અંગે ચિંતાઓ હળવી કરી હોવાથી પાછલા અઠવાડિયા દરમિયાન ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો, બ્રેન્ટ લગભગ આઠ ટકા ઘટ્યું હતું. અઠવાડિયા દરમિયાન બ્રેન્ટ ૮૦ પ્રતિ બેરલથી નીચે ગબડી ગયું, જે સંઘર્ષ શરૂ થયા પછીના સૌથી નીચા સ્તરે પહોંચ્યું, કારણ કે જહાજ પરિવહન ફરી શરૂ કરવાની સંભાવનાએ તેલ પ્રવાહને સામાન્ય બનાવવાની અપેક્ષાઓ વધારી. જોકે, આ કરારના ટકાઉપણા અંગે શંકા ઊભી થતાં બ્રેન્ટમાં ટૂંકા ગાળાના સુધારા જોવા મળ્યા, જે દર્શાવે છે કે હોર્મુઝ સ્ટ્રેટની પરિસ્થિતિ આ અઠવાડિયે ક્રૂડ માટે મુખ્ય ટ્રિગર રહેશે. શુક્રવાર, ૨૬ જૂન, મોહરમ નિમિત્તે ભારતીય બજારો બંધ રહેશે.

સપ્તાહ દરમિયાન સૌથી વધુ ૬.૫ ટકાનો વધારો ડિફેન્સ ઇન્ડેક્સમાં નોંધાયો હતો. આ ભારતના સંરક્ષણ ઉત્પાદન પ્રયાસોને લગતા નવા આશાવાદ દ્વારા પ્રેરિત હતું. સંરક્ષણ ક્ષેત્રનું સ્વદેશી ઉત્પાદન વાર્ષિક ધોરણે ૧૫.૬ ટકા વધીને નાણાકીય વર્ષ ૨૦૨૬માં રૂ. ૧.૭૮ લાખ કરોડની વિક્રમી સપાટી સુધી પહોંચ્યું. ખાનગી ક્ષેત્રનું યોગદાન પણ રૂ. ૪૨,૦૦૦ કરોડના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યું, જે કુલ ઉત્પાદનના ૨૪ ટકા જેટલું છે. દરમિયાન, આ જ સમયગાળા દરમિયાન ડિફેન્સ એક્સપોર્ટ રૂ. ૩૮,૪૨૪ કરોડની રેકોર્ડ ઉચ્ચ સપાટીએ પહોંચી છે.

સ્ટોક-વિશિષ્ટ કામકાજમાં બે સત્રમાં પારસ ડિફેન્સમાં ૨૪ ટકાનો ઉછાળો આવ્યો, અને બીઇએલ, જીઆરએસઇ એચએએલ, મઝગાવ ડોક્સ, ભારત ડાઇનેમિક્સ, કોચીન શિપયાર્ડ અને ડેટા પેટર્ન્સ પણ ઊંચા સ્તરે પહોંચ્યા હતા. ટાટા મોટર્સને ફ્રેઇટ, લોજિસ્ટિક અને પેસેન્જર મોબિલિટી સેગમેન્ટમાં ૩૪૦૦ ઇલેક્ટ્રિક કમર્શિઅલ વ્હીકલ માટે ઓર્ડર મળ્યો છે. વોલ્ટાસે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં ૧૦ લાખ એસી યુનિટનું વેચાણ કર્યું છે. ક્લાઉડ નેટિવ સોફ્ટવેર માટે ટકાઉ ઇકોસિસ્ટમ બનાવતી ક્લાઉડ નેટિવ કમ્પ્યુટિંગ ફાઉન્ડેશન અને લાઇનક્સ ફાઉન્ડેશન એજ્યુકેશને ઉદેમાઇ પ્લેટફોર્મ પર ક્લાઉડ નેટિવ તાલીમ અને પ્રમાણપત્ર માર્ગોને એકીકૃત કરવા માટે ગ્લોબલ એઆઇ ડ્રીવન સ્કીલ એક્સલરેશન પ્લેટફોર્મ, ઉદેમાઇ સાથે વ્યૂહાત્મક ભાગીદારી સાધી છે.

મણપ્પુરમ ફાઇનાન્સની સીએસઆર વિંગ મણપ્પુરમ ફાઉન્ડેશને સમાજ અને બિઝનેસ સમુદાયને એક છત નીચે લાવીને સાંસ્કૃતિક અને માનસિક ઉત્કર્ષ લાવવાના પ્રયાસરૂપે મુંબઇ ચેપ્ટર અંતર્ગત ડીજીટલ ડિમેન્શિઆ નામે એક પરિચર્ચાનું આયોજન કર્યું હતું, જેમાં મોબાઇલ અને ડીજીટલ આશક્તિ કે વ્યસનને કારણે થતાં દુષ્પરિણામ પર સંબંધિ ક્ષેત્રના ટોચના નિષ્ણાતોએ પ્રકાશ પાડ્યો હતો. કંપની ભારતની અગ્રણી ગોલ્ડ લોન એનબીએફસી પૈકીની એક છે, જે સોનાના ઘરેણાં સામે ફાઇનાન્સમાં નિષ્ણાત છે.

ઓએનજીસીએ હવે ક્રૂડ ઓઇલને સ્થાને ગેસના ઉત્પાદન પર વધુ પોકસ કર્યો છે અને ગેસનું ઉત્પાદાન ઓઇલ કરતા વધી ગયું હોવાનું કંપનીએ જણાવ્યું હતું. ટેક્સ, અકાઉન્ટિંગ, લીગલ અને તેને સંબંધિત વ્યવસાયો માટે સમર્પિત સંસ્થા ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સે શતાબ્દી સમારંભના અંતિમ કાર્યક્રમમાં કેટલાક પ્રખ્યાત મહાનુભાવોના અર્થપૂર્ણ યોગદાન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પેનલિસ્ટમાં પ્રખ્યાત ન્યાયાધીશ, સિનિયર એડવોકેટ અને ટોચના બેન્કર્સનો સમાવેશ હતો. ભારતે જૂન મહિનામાં રશિયા અને યુએઇ પાસેથી ક્રૂડ ઓઇલની આયાતમાં વિક્રમી વધારો નોંધાવ્યો છે.

# સોનાચાંદીના વલણનો આધાર ક્રૂડના રેલા પર, જકાતવૃદ્ધિ બાદ આયાતમાં નોંધપાત્ર ઘટાડો

મુંબઇઃ ઇક્વિટી માર્કેટની જેમ બુલિયન માર્કેટની નજર પણ વાસ્તવમાં હોર્મુઝ સ્ટ્રેઇટ પર જ મંડાયેલી છે. બજારના વિશ્લેષકો અનુસાર અમેરિકા-ઈરાન વાટાઘાટો, ક્રૂડ ઓઈલની ગતિવિધિ, ગ્લોબલ મેક્રો ડેટા આવતા અઠવાડિયે સોના-ચાંદીના વલણને નિર્ધારિત કરશે. સ્વિટ્ઝર્લેન્ડના બર્ગનસ્ટોકમાં યોજાનારી વાટાઘાટો અને તેના પરિણામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જ્યાં યુએસ વાઇસ પ્રેસિડેન્ટ જે ડી વાન્સ ગયા અઠવાડિયે દુશ્મનાવટનો અંત લાવવા અને પરમાણુ વાટાઘાટોને પુનર્જીવિત કરવાના હેતુથી થયેલા ફ્રેમવર્ક કરાર તૈયાર કરવા માટે ઈરાની અધિકારીઓ સાથે ચર્ચાઓનું નેતૃત્વ કરશે તેવી અપેક્ષા છે. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે વાટાઘાટોના પરિણામ જોખમની ભાવના અને ઊર્જા બજારોને પ્રભાવિત કરી શકે છે, જેની અસર બુલિયન પર પડશે. દરમિયાન, સોના પર કસ્ટમ ડ્યુટીમાં તાજેતરમાં થયેલા વધારાથી આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે ડ્યુટી વધારા પહેલા સરેરાશ ૭૦થી ૧૦૦ ટન સોનું આયાત કરવામાં આવતું હતું, જે હવે ઘટીને ૨૫થી ૩૦ ટન પ્રતિ મહિને થઈ ગયું છે. સરકારે ૧૩ મેથી સોના અને ચાંદી પર મૂળભૂત કસ્ટમ ડ્યુટી પાંચ ટકાથી વધારીને ૧૦ ટકા કરી છે. તેણે પાંચ ટકા કૃષિ માળખાગત સુવિધાઓ અને વિકાસ સેસ પણ લાદ્યો છે, જેનાથી અસરકારક આયાત ડ્યુટી ૧૫ ટકા થઈ ગઈ છે. આ અત્યાર સુધીનો સૌથી મોટો ડ્યુટી વધારો હતો અને જેણે જુલાઈ ૨૦૨૪માં લાગુ કરાયેલ કસ્ટમ ડ્યુટીમાં ઘટાડાને ઉલટાવી દીધો હતો.

આ પગલાનો ઉદ્દેશ્ય વધુ પડતી આયાતને નિયંત્રિત કરવા, દેશના વિદેશી હૂંડિયામણ અનામત પર દબાણ ઘટાડવા અને વધતી જતી વેપાર ખાધને ઘટાડવાનો હતો, જેના કારણે સોનાની આયાતને કારણે ચાલુ ખાતાના બોજમાં નોંધપાત્ર વધારો થયો હતો. ભારત સોનાનો વિશ્વનો બીજો સૌથી મોટો ગ્રાહક દેશ છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં, તેણે રેકોર્ડ પ્રમાણમાં સોનાની આયાત કરી, જેનાથી તેલ સિવાયના આયાત બિલમાં તેનો હિસ્સો નોંધપાત્ર રીતે વધ્યો હતો.

વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા વેપાર ડેટા અનુસાર, એપ્રિલમાં આશરે ૫.૬૩ બિલિયન ડોલરના સોનાની આયાત ડ્યુટી વધારા પછી મે મહિનામાં ઘટીને લગભગ ૩.૪૨ બિલિયન ડોલર થઈ ગઈ છે. જોકે, નિષ્ણાતો કહે છે કે, ડ્યુટી વધારાથી આયાત વૃદ્ધિની ગતિ ધીમી પડી છે પરંતુ માગમાં નોંધપાત્ર ઘટાડો થયો નથી.

# એલ નિન્યોઃ ચોમાસાના વિલંબથી ખેતીવાડી અને ઔદ્યોગિક ક્ષેત્ર સામે મોટું સંકટ

મુંબઇઃ ભારતમાં ચોમાસાની ઋતુ અસામાન્ય રીતે નબળી શરૂ થઈ છે, અને વરસાદનો આ અભાવ ચાલુ રહેવાની શક્યતા છે. આ પાક અને ઔદ્યોગિક પ્રવૃત્તિ માટે ખતરો ઉભો કરે છે, કારણ કે અલ નીનોની અસર હવે સ્પષ્ટ થઈ રહી છે. ભારતીય હવામાન વિભાગના તાજેતરના આંકડા અનુસાર, બુધવાર સુધીમાં દેશભરમાં ચોમાસાનો વરસાદ સામાન્ય કરતા લગભગ ૪૦ ટકા ઓછો હતો. ચોમાસાની ઋતુ જૂનથી સપ્ટેમ્બર સુધી ચાલે છે, અને આ સમયગાળો દેશના વાર્ષિક વરસાદનો મોટાભાગનો હિસ્સો ધરાવે છે. વરસાદની આ નબળી શરૂઆત ચોખા અને સોયાબીન જેવા મુખ્ય પાકોના વાવેતરને અસર કરી રહી છે, જ્યારે બાંધકામ સહિત અન્ય મુખ્ય ક્ષેત્રોમાં પણ સમસ્યાઓ ઊભી કરી રહી છે.

તાજેતરમાં વિકસિત અલ નીનો વૈશ્વિક હવામાન પેટર્નને કેવી રીતે અસર કરી રહ્યો છે તેના આ પ્રથમ સંકેતોમાંનું એક છે. ઐતિહાસિક રીતે, અલ નીનો દક્ષિણ એશિયામાં દુષ્કાળ જેવી પરિસ્થિતિઓ સાથે સંકળાયેલો છે.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, અમેરિકન વૈજ્ઞાનિકો માને છે કે આ અત્યાર સુધીની સૌથી શક્તિશાળી અલ નિનો ઘટનાઓમાંની એક હોઈ શકે છે. હવામાન મોડેલ હાલમાં સૂચવે છે કે જુલાઈ અને ઓગસ્ટ દરમિયાન ભારતમાં, ખાસ કરીને ઉત્તરપશ્ચિમ અને મધ્ય ભારતમાં, સામાન્ય કરતાં ઓછા વરસાદની સ્થિતિ ચાલુ રહી શકે છે.

હવામાનશાસ્ત્રીએ જણાવ્યું હતું કે, હાલમાં કોઈ મજબૂત સંકેત દેખાતો નથી કે વર્તમાન રાષ્ટ્રીય વરસાદ ખાધ સામાન્ય સ્તરે પાછી આવશે. જોવા મળેલો વરસાદ અસ્થાયી અથવા ચોક્કસ વિસ્તારો સુધી મર્યાદિત હોવાની શક્યતા છે, અને એકંદર ચોમાસુ સામાન્ય થવાનો સંકેત નથી.

ભારતમાં કૃષિ અને ઉર્જા ક્ષેત્ર માટે ચોમાસાનો વરસાદ મહત્વપૂર્ણ છે. દેશ ચોખા, ખાંડ અને કપાસના વિશ્વના સૌથી મોટા ઉત્પાદકોમાંનો એક છે, અને ખેડૂતો તેમના પાકને સિંચાઈ માટે ચોમાસા પર આધાર રાખે છે. જો પાક ઉત્પાદન નબળું રહે છે, તો સરકારે નિકાસ પ્રતિબંધો લાદવા પડી શકે છે.

# એફઆઈઆઈની ₹ ૨,૩૦૪.૧૫ કરોડની નેટ લેવાલી

મુંબઇઃ શેરબજારમાં સપ્તાહ દરમિયાન આઈટી સિવાય બધા સેક્ટરલ ઈન્ડેક્સ વધ્યા હતા અને તેમાં કેપિટલ ગુડ્સ અને રિયલ્ટી સૌથી અધિક વધ્યા હતા. ઘણાં સત્ર બાદ એફઆઈઆઈની રૂ. ૨,૩૦૪.૧૫ કરોડની નેટ લેવાલી નોંધાઇ હતી. શુક્રવાર તા.૧૯ જૂન, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ આગલા સપ્તાહના ૭૫,૫૨૭.૯૫ના બંધથી ૧,૨૭૪.૯૫ પોઈન્ટ્સ (૧.૬૯ ટકા) વધ્યો હતો. વિદેશી સંસ્થાગત રોકાણકારોએ રૂ.૧,૦૨,૪૬૨.૯૬ કરોડની ખરીદી સામે રૂ.૧,૦૦,૧૫૮.૮૧ કરોડનું વેચાણ કર્યું, જેથી રૂ.૨,૩૦૪.૧૫ કરોડની નેટ લેવાલી નોંધાઈ હતી

સોમવાર, ૧૨ જૂનના રોજ સેન્સેક્સ ૭૬,૭૨૫.૨૭ ખૂલી એ જ દિવસે નીચામાં ૭૬,૧૪૦.૪૪ સુધી, જ્યારે ગુરુવાર, ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ ઊંચામાં ૭૭,૪૯૨.૩૩ સુધી જઈ ૭૬,૮૦૨.૯૦ બંધ રહ્યો હતો. એક્સચેન્જ પર સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ.૪૭૭.૫૩ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ.૪૬૨.૦૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧૫.૫૩ લાખ કરોડનો વધારો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસ વધ્યા હતા, જેમાં બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૧.૯૭ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૨.૧૬ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૨.૩૫ ટકા વધ્યા હતા.

એસએમઈ આઈપીઓ ૩.૪૧ ટકા અને બીએસઈ આઈપીઓ ૬.૨૫ ટકા વધ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન બીએસઈ કેપિટલ ગુડ્સ ૫.૯૭ ટકા, રિયલ્ટી ૫.૪૪ ટકા, પાવર ૪.૬૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૪.૫૨ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૩.૨૬ ટકા, બીએસઈ પીએસયુ ૨.૫૩ ટકા, પીએસયુ બેન્ક ૨.૨૫ ટકા, બેન્કેક્સ ૧.૭ ટકા, એફએમસીજી ૧.૫૧ ટકા, ઓટો ૧.૩૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૨૫ ટકા, હેલ્થકેર ૦.૯૬ ટકા, ટેક ૦.૪૧ ટકા અને મેટલ ૦.૧૧ ટકા વધ્યા હતા, જ્યારે એકમાત્ર ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૨૫ ટકા ઘટ્યો હતો.

બીએસઈ ૧૦૦માં ૮૪ કંપનીઓ વધી અને ૧૦ કંપનીઓ ઘટી અને ૦ સ્થિર રહી. બીએસઈ ૨૦૦માં ૧૬૨ કંપનીઓ વધી અને ૩૭ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. બીએસઈ ૩૦માં ૨૫ કંપનીઓ વધી અને ૫ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૩૯૪ કંપનીઓ વધી, ૧૦૪ કંપનીઓ ઘટી અને બે સ્થિર રહી હતી.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦માંથી સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં ટ્રેન્ટ ૧૪.૦૩ ટકા, ઈટર્નલ ૭.૭૨ ટકા, ઈન્ડિગો ૬.૨૭ ટકા, ટાઈટન ૫.૩૪ ટકા અને બીઈએલ ૪.૮૨ ટકા વધ્યા હતા. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપ્સમાં ઈન્ફોસિસ ૬.૧૪ ટકા, ટીસીએસ ૧.૬૫ ટકા, ટેક મહિન્દ્ર ૧.૩૨ ટકા, કોટક બેન્ક ૧.૧૨ ટકા અને એશિયન પેઈન્ટ ૦.૪૭ ટકા ઘટ્યા હતા.

ગ્રુપ અનુસાર વધઘટમાં એ ગ્રુપની ૭૨૩ કંપનીઓમાંથી ૫૭૭ વધી, ૧૪૩ ઘટી અને ૩ સ્થિર રહી હતી. જ્યારે બી ગ્રુપની ૧૪૯૮ કંપનીઓમાંથી ૧,૦૯૬ વધી, ૩૯૨ ઘટી અને ૧૦ યથાવત રહી હતી. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની સાત કંપનીઓને નીચલી તેમ જ ૩૫ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી. બીએસઈ અને એનએસઈ પર સંયુક્ત રીતે ઘરેલુ સંસ્થાગત રોકાણકારોએ રૂ.૧,૦૪,૩૦૬.૮૩ કરોડની ખરીદી અને રૂ.૯૧,૮૫૭.૬૫ કરોડનું વેચાણ કર્યું, જેના પરિણામે રૂ.૧૨,૪૪૯.૧૮ કરોડની નેટ લેવાલી નોંધાઈ હતી.

# ડૉલરીયા પ્રવાહથી બોન્ડ માર્કેટમાં આવેલી તેજી અલ્પજીવી નિવડવાનો ભય!

મુંબઇઃ સરકાર દ્વારા વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે લેવામાં આવેલા તાજેતરના નિર્ણયોને પગલે બોન્ડ માર્કેટમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. ટૂંકા ગાળાના સરકારી બોન્ડની માગમાં નોંધપાત્ર વધારો થયો છે. જોકે, નિષ્ણાતો કહે છે કે આ ઉછાળો લાંબો સમય ટકી શકશે નહીં, કારણ કે રિઝર્વ બેંક ટૂંક સમયમાં બજારમાંથી વધારાનું ભંડોળ પાછું ખેંચી શકે છે.

સરકારે પાંચમી જૂને, વિદેશી રોકાણકારો માટે બોન્ડ રોકાણ હળવું કર્યું. આ પછી, વિદેશી રોકાણ વધ્યું, અને પાંચ વર્ષના સરકારી બોન્ડ પર ઉપજ ઘટીને ૬.૪૯ ટકા થઈ ગયો. ઉપજ ઘટવાનો અર્થ બોન્ડના ભાવમાં વધારો થાય છે. પરંતુ હવે, રિઝર્વ બેંકની ફુગાવા અંગે ચિંતા વધી રહી છે. પરિણામે, તે બેંકિંગ સિસ્ટમમાં વધારાની તરલતા ઘટાડવા માટે પગલાં લઈ શકે છે.

એવું માનવામાં આવે છે કે આગામી મહિનાઓમાં સિસ્ટમમાં વધારાની તરલતા રૂ. ૮ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. ટૂંકા ગાળાના બોન્ડમાં હવે વધારે ઉછાળા માટે કોઈ જગ્યા નથી. જો રિઝર્વ બેંક લિક્વિડિટી ઘટાડવા અથવા બેંકો માટે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર) વધારવા માટે પગલાં લે છે, તો બજારમાં વધારાનું નાણું ઘટશે.

નિષ્ણાતો માને છે કે રિઝર્વ બેંક રિવર્સ રેપો જેવા પગલાં દ્વારા બજારમાંથી પૈસા ઉપાડી શકે છે. આનાથી પાંચ વર્ષના બોન્ડ યીલ્ડ ૬.૫૦ ટકાની આસપાસ રહી શકે છે. હાલમાં, બેંકિંગ સિસ્ટમમાં રોકડ સરપ્લસ ઘટીને રૂ. ૨૯,૪૦૦ કરોડની આસપાસ થઈ ગઈ છે, પરંતુ સરકારી ખર્ચ અને રિઝર્વ બેંક ડિવિડન્ડ ચુકવણીને કારણે મહિનાના અંત સુધીમાં રોકડ ફરી વધી શકે છે.

દરમિયાન, ફુગાવો ચિંતાનો વિષય છે. મે મહિનામાં જથ્થાબંધ ફુગાવાનો દર ૯.૬૮% રહ્યો હતો. નબળા ચોમાસાની અપેક્ષાઓ પણ ભાવ દબાણમાં વધારો કરી શકે છે. આ કારણોસર, કેટલાક નિષ્ણાતો માને છે કે રિઝર્વ બેંક આ વર્ષના અંતમાં વ્યાજ દરો વધારવાનું વિચારી શકે છે.

# જૂની કાર અને સ્માર્ટફોનના વેચાણમાં ઝડપી વધારો

મુંબઇઃ સ્માર્ટફોન અને પેસેન્જર વાહનોની સતત વધતી કિંમતોને કારણે, મોટી સંખ્યામાં ભારતીય ગ્રાહકો હવે જૂના અથવા સેકન્ડહેન્ડ માલ તરફ વળ્યા છે. એક રિસર્ચ અહેવાલ અનુસાર, આ વર્ષે જાન્યુઆરીથી મે દરમિયાન સ્માર્ટફોનના કુલ વેચાણમાં નવીનીકૃત અને પ્રી-ઓવ્ન્ડ ડિવાઇસનો હિસ્સો ૨૬ ટકા હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન લગભગ ૨૩ ટકા હતો. કોરોના સમયગાળાને બાદ કરતાં, આ બજાર સૌથી ઝડપી ગતિએ વધી રહ્યું છે.

ઓટોમોબાઇલ્સમાં પણ સમાન વલણ જોવા મળ્યું છે. ક્રિસિલ રિસર્ચ અનુસાર, વપરાયેલી કારનું વેચાણ નાણાકીય વર્ષ ૨૦૨૬માં નવ ટકા વધીને ૬૧ લાખ યુનિટ થયું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૫૬ લાખ યુનિટ હતું. તેની તુલનામાં, નવી કારનું વેચાણ આઠ ટકા વધીને ૪૬.૪ લાખ યુનિટ થયું હતું. સપ્ટેમ્બરમાં જીએસટી દરમાં ઘટાડાથી નવી કારના વેચાણને થોડો ટેકો મળ્યો હતો.

આ વર્ષે ઓટોમોબાઈલના ભાવમાં પણ બે વાર વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે નવા વાહનો સરેરાશ ૫% મોંઘા થયા છે. વપરાયેલી કારની માંગમાં મહાનગરોનો હિસ્સો ૬૬ ટકાથી વધુ છે.

# ભૂરાજકીય તંગદિલી સ્વચ્છ ઊર્જા પ્રણાલી માટે પણ બાધકઃ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ

અમદાવાદ : સ્વચ્છ ઉર્જા (ક્લીન એનર્જી)તરફ વૈશ્વિક સંક્રમણ વધુ મુશ્કેલ અને અનિશ્ચિત તબક્કામાં પ્રવેશી રહ્યું છે. ભૂરાજકીય તણાવ, પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અને ઊર્જા સુરક્ષા ચિંતાઓ આ સંક્રમણની દિશાને અસર કરી રહી છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમના એક નવા અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે સ્વચ્છ ઉર્જામાં રોકાણ રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે, ત્યારે ટકાઉ, સસ્તું અને મજબૂત ઊર્જા પ્રણાલીઓના નિર્માણની ગતિ ધીમી પડી રહી છે.

આનું કારણ એ છે કે દેશો અસ્થિર વૈશ્વિક વાતાવરણ વચ્ચે ઊર્જા સુરક્ષાને પ્રાથમિકતા આપી રહ્યા છે. ડબલ્યુઇએફ અને એક્સેન્ચર સાથે ભાગીદારીમાં વિકસાવવામાં આવેલા ઊર્જા સંક્રમણ સૂચકાંક અનુસાર, વૈશ્વિક ઊર્જા સંક્રમણ લગભગ અટકી ગયું છે. ૨૦૨૫માં કુલ ઉર્જા રોકાણ ૩.૩ ટ્રિલિયન ડોલર સુધી પહોંચ્યું હતું, જેમાંથી ૨.૩ ટ્રિલિયન ડોલર સ્વચ્છ ઉર્જા પ્રોજેક્ટ્સ માટે હતું. અહેવાલમાં રોકાણના જથ્થા અને સંક્રમણ માટેની વાસ્તવિક તૈયારી વચ્ચે વધતા જતા અંતરને પ્રકાશિત કરવામાં આવ્યું છે. સંક્રમણ માટેની તૈયારીનું સ્તર એક દાયકા કરતાં વધુ સમયમાં પહેલીવાર ઘટ્યું છે.

આ તારણો વધતા ભૂરાજકીય જોખમો વચ્ચે બહાર આવ્યા છે, જેમાં વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઉર્જા અવરોધોમાંના એક, હોર્મુઝ સ્ટ્રેટના તાજેતરના નાકાબંધીનો સમાવેશ થાય છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે આવી ઘટનાઓએ વધતી જતી વીજળીની માંગ, માળખાગત સુવિધાઓની મર્યાદાઓ અને મૂડીની અસમાન પહોંચના દબાણ હેઠળ પહેલેથી જ ઉર્જા પ્રણાલીઓની નબળાઈઓને ઉજાગર કરી છે. આ વિક્ષેપોથી આયાત-આધારિત ઉભરતી અર્થવ્યવસ્થાઓ સૌથી વધુ પ્રભાવિત થઈ છે. અહેવાલમાં જણાવાયું છે કે દેશો ત્રણ સ્પર્ધાત્મક લક્ષ્યોને સંતુલિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે : ઉર્જા સુરક્ષા, ટકાઉપણું અને પોષણક્ષમતા. આ વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતાના સમયે થઈ રહ્યું છે. એકંદર મંદી છતાં, કેટલાક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. નોર્ડિક દેશોએ રેન્કિંગમાં પોતાનું નેતૃત્વ જાળવી રાખ્યું છે, જ્યારે મજબૂત નીતિ સમર્થન અને નિયમનકારી સુધારાઓને કારણે સિંગાપોર સૌથી ઝડપથી વિકસતા દેશોમાંના એક તરીકે ઉભરી આવ્યું છે. મુખ્ય અર્થતંત્રોમાં, ચીને સ્વચ્છ ઉર્જાના ઉપયોગનું રેકોર્ડ સ્તર જાળવી રાખ્યું છે. દરમિયાન, ભારતે સંક્રમણની તૈયારીમાં સૌથી મજબૂત સુધારો નોંધાવ્યો છે. આ નીતિ માળખા, માળખાગત સુવિધાઓ અને રોકાણની પરિસ્થિતિઓમાં પ્રગતિ દર્શાવે છે. અહેવાલ વૈશ્વિક ઉર્જા રોકાણમાં વધતા અસંતુલન તરફ નિર્દેશ કરે છે. સ્વચ્છ ઉર્જા માટે આશરે ૭૫% મૂડી થોડા દેશોમાં કેન્દ્રિત છે, જ્યારે ઉભરતી અર્થવ્યવસ્થાઓ વીજળીની માંગમાં અંદાજિત વૃદ્ધિના આશરે ૮૦% હિસ્સો ધરાવે છે.

# હોર્મુઝની હળવાશ સાથે આઈપીઓમાં સળવળાટ

મુંબઇઃ હોર્મુઝ સ્ટ્રેઇટમાં વાતાવરણ હળવું થવાથી જાગેલી આશા વચ્ચે ણઆઇપીઓ બજારમાં ફરી સળવળાટ શરૂ થયો છે. પશ્ચિમ એશિયામાં ભૂ-રાજકીય પરિસ્થિતિમાં સુધારો થવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં વધારો થયો હોવાથી પ્રાથમિક બજાર પુનરુત્થાનના સંકેતો બતાવી રહ્યું છે, જેના કારણે આ અઠવાડિયે ત્રણ મેઈનબોર્ડ આઈપીઓ લોન્ચ થશે અને પાઇપલાઇનમાં વધુ જાહેર ઈશ્યૂ માટે માર્ગ મોકળો થશે. કોર્ડેલિયા ક્રૂઝ ઓપરેટર વોટરવેઝ લેઝર ટુરિઝમ, જયપુર સ્થિત જ્વેલરી ઉત્પાદક એડ્વિટ જ્વેલ્સ અને આઈટી સોલ્યુશન્સ પ્રોવાઈડર સીએસએમ ટેક્નોલોજીસ આગામી થોડા દિવસોમાં તેમના પ્રથમ જાહેર ઈશ્યૂ લોન્ચ કરશે, જ્યારે પેકેજિંગ સોલ્યુશન્સ પ્રોવાઈડર નેક પેકેજિંગ તેના પ્રાઇસ બેન્ડની જાહેરાત કરે તેવી અપેક્ષા છે. એનએસઇ અને જીઓ જેવા મેગા ઇશ્યૂ પણ હવે કતારમાં છે. ક્વિક કોમર્સ યુનિકોર્ન ઝેપ્ટો રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુ ભંડોળ એકત્ર કરવા માગે છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**TENDER NOTICE**

Tenders for redevelopment of property of Building known as **"UNIQUE APARTMENT" IRLA UNIQUE PREMISES CO-OP SOCIETY LTD**, having C.T.S. Nos. 432, 432/1 to 432/4 Village Vile Parle, Vile Parle (West), at 191,S.V. Road, Irla, Vile Parle (West), Mumbai–400056. The Total Plot Area 1917.60 sq.m. (As per P.R.C.) will be available with the Security Guard at Society Office Ground Floor, Unique Apartment on payment of Rs.20,000/- (Non-Refundable) in Cash Or by Pay Order / Demand Draft favoring **"Irla Unique Premises Co-op Society Ltd"** from 22-06-2026 to 11-07-2026 between 11 am to 6 pm with visiting card.

**P.M.C. / Architect**
**Mr. Lakhani - 9821120635**
**Contact :-**
**Mr. Paswan - 9136221636**

# સેબીના નવા નિયમ હેઠળ ઓપન માર્કેટ બાયબેક સમયમર્યાદા ૬૦ દિવસની, લઘુતમ ૪૦ ટકા ફંડનો ઉપયોગ અનિવાર્ય

મુંબઈ : ઓપન માર્કેટમાંથી શેરોના બાયબેકને ફરીથી દાખલ કરવાના પ્રસ્તાવને મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ મંજૂરી આપી છે. આ માર્ગે બાયબેક ૧લી ઓગસ્ટ થી અમલી બનશે એમ સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ સેબીની બોર્ડ મીટિંગ બાદ જણાવ્યું હતું.

હાલમાં, કંપનીઓને ટેન્ડર ઓફર દ્વારા શેરોનું બાયબેક કરવાની પરવાનગી છે, જ્યાં શેરધારકો પ્રપોર્શનેટલી-પ્રમાણસર રીતે ભાગ લે છે અથવા ઓડ-લોટ બાયબેક અને અન્ય માળખાગત માર્ગો દ્વારા બાયબેકમાં જોડાય છે. જો કે, સ્ટોક એક્સચેન્જ દ્વારા ઓપન માર્કેટ મેકેનિઝમ, બિનકાર્યક્ષમતા અને સમાન ભાગીદારીના અભાવને કારણે અગાઉ તબક્કાવાર રીતે આ માર્ગ બંધ કરવામાં આવ્યો હતો.

ઓપન માર્કેટ રૂટ સામાન્ય રીતે કંપનીઓને ચોક્કસ સમયગાળા દરમિયાન સેકન્ડરી માર્કેટમાંથી સીધા શેર ખરીદવાની મંજૂરી આપે છે, જે અમલીકરણ અને સમયમાં સુગમતા પ્રદાન કરે છે. અલબત ઐતિહાસિક રીતે બધા શેરધારકોને ભાગીદારીને ગેરંટી ન આપવા અને કંપનીઓને બજાર ભાવોને પ્રભાવિત કરવા સક્ષમ બનાવવા બદલ તેની ટીકા કરવામાં આવી હતી.

નવા નિયમ હેઠળ, ઓપન માર્કેટ બાયબેક સમયગાળાની મર્યાદા ૬૦ દિવસની રહેશે અને ઓછામાં ઓછા ૪૦ ટકા ફંડનો ઉપયોગ કરવો પડશે. કંપનીઓ દ્વારા શેરધારકોને સરપ્લસ કેશ પરત કરવા, શેર દીઠ કમાણી સુધારવા અને ભવિષ્યની સંભાવનાઓમાં વિશ્વાસ દર્શાવવા માટે મૂડી ફાળવણીના સાધન તરીકે બાયબેકનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. ઓપન માર્કેટ રૂટની ગેરહાજરીમાં મર્યાદિત અમલીકરણ વિકલ્પો છે, ખાસ કરીને એવી કંપનીઓ માટે જે નિશ્ચિત ટેન્ડર ઓફર કરવાને બદલે સમય જતાં ખરીદીને તબક્કાવાર કરવા માંગે છે.

**ધી બોમ્બે મારકેટ આર્ટ સિલ્ક કો-ઓપરેટીવ (શોપ્સ એન્ડ વેર હાઉસીઝ) સોસાયટી લીમીટેડ**
ઉમરવાડા, સુરત-૩૯૫૦૧૦.

આથી સોસાયટીનાં સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે, સોસાયટીની **પંચાવનમી વાર્ષિક સામાન્ય સભા** તથા **પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તેમજ મેનેજીંગ કમિટીના સભ્યોની** ચૂંટણી નીચે જણાવેલ સ્થળે અને સમયે યોજવામાં આવેલ છે. તો સભાસદોને હાજર રહેવા વિનંતી છે.

**ચૂંટણીઃ-** શનિવાર, તા.૧૮/૦૭/૨૦૨૬
સમયઃ- સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક સુધી
સ્થળઃ- બોમ્બે મારકેટ, રજીસ્ટર્ડ ઓફિસ, ઉમરવાડા, સુરત-૧૦

**સામાન્ય સભાઃ-** શનિવાર, તા.૧૮/૦૭/૨૦૨૬
સમયઃ- સાંજે ૫.૩૦ કલાકે
સ્થળઃ- ''કોન્ફરન્સ હોલ''બોમ્બે મારકેટ, ઉમરવાડા, સુરત-૧૦

નોંધઃ- વાર્ષિક સામાન્ય સભાની નોટિસ અને ચૂંટણી કાર્યક્રમ અંગેની નોંધ સોસાયટીના તમામ નોટિસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ વાર્ષિક અહેવાલો પણ સભાસદોને મોકલવામાં આવશે, અને અહેવાલ ન મળે તેમણે સોસાયટીની ઓફિસમાંથી મેળવી લેવા. વાર્ષિક સામાન્ય સભામાં ફકત સભાસદોને પ્રવેશ મળશે. પ્રોક્ષી કે પાવર ઓફ એટોર્નીએ પ્રવેશ કરવો નહી.

**મેનેજર**
**શ્રી ચેતન વાય. મહેતા**

# ઓપરેશન ટાઈગર આખરે સફળ

# ઉદ્ધવ ઠાકરેને મોટો ફટકો

## હું શિંદે સેનામાં જોડાઈશઃ સાંસદ ઓમરાજે નિમ્બાળકર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યના રાજકારણમાં 'ઓપરેશન ટાઇગર'ની ભારે ચર્ચા ચાલી રહી હતી, એવું કહેવાય છે કે આ 'ઓપરેશન ટાઇગર' નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેના દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના છ સાંસદો તૂટી ગયા હોવાની ચર્ચા છે. જોકે, આ છ સાંસદોમાં ધારાશિવ જિલ્લાના સાંસદ ઓમરાજે નિમ્બાળકર પણ સામેલ હોવાથી, તેમના બળવા અંગે ચર્ચા થઈ રહી છે. અહીં ઉલ્લેખનીય છે કે એકનાથ શિંદેએ આ ઓપરેશન પાર પાડવા માટે પોતાના વિશ્વાસુ તાનાજી સાવંતને ધારાશિવ મોકલ્યા હતા અને આખરે ઓપરેશન ટાઈગર સફળ

(જુઓ પાનું ૪)

## શિવસેના (યુબીટી)ના અથાક પ્રયત્નો

શિવસેના (યુબીટી) દ્વારા છએ છ બળવાખોર સાંસદોને રોકી રાખવા માટે અથાક પ્રયત્નો કરવામાં આવ્યા હતા અને આને માટે શિવસેના (યુબીટી)ના વિધાનસભ્યો કૈલાસ પાટિલ અને વરુણ સરદેસાઈએ રવિવારે વહેલી સવારે પુણેમાં સાંસદ ઓમરાજે નિમ્બાળકરના નિવાસસ્થાનની મુલાકાત લીધી.

બેઠક પછી, કૈલાસ પાટીલે પત્રકારોને જણાવ્યું હતું કે, 'અમે ઓમરાજે સાથે વાતચીત કરી હતી. અમે તેમને ઉદ્ધવ સાહેબનો સંદેશ પહોંચાડ્યો. અમને વિશ્વાસ છે (જુઓ પાનું ૪)

# આજથી વિધાનસભા અધિવેશન

## ખેડૂતોની લોન માફી, નીટ પેપર લીક જેવા મુદ્દાઓ પર વિપક્ષ સરકારને ઘેરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય વિધાનસભાનું ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું છે. ચોમાસુ સત્રની પૂર્વસંધ્યાએ, રાજ્ય સરકાર પરંપરાગત રીતે ચા પાર્ટીનું આયોજન કરે છે. રાજ્ય સરકારે વિપક્ષને ચા પાર્ટી માટે આમંત્રણ આપ્યું છે. પરંતુ હંમેશાની જેમ, વિપક્ષે ચા પાર્ટીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ, મહાવિકાસ આઘાડીએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર મોકલીને પોતાનું વલણ રજૂ કર્યું છે. આ પત્રમાં ખેડૂતોની લોન માફી, લાડકી બહિણ યોજનામાં મહિલાઓને ગેરલાયક ઠેરવવાનો મુદ્દો, નીટ પરીક્ષા કૌભાંડ અને વિપક્ષી નેતાની નિમણૂક જેવા વિવિધ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. મહાવિકાસ આઘાડીના પ્રતિનિધિમંડળ

(જુઓ પાનું ૪)

## વિપક્ષે ચા પાર્ટીનો બહિષ્કાર કર્યો

### સરકારની લોન માફી છેતરામણી છે, ખેડૂતોના ૭/૧૨ કોરા કરોઃ વિપક્ષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય સરકારના નિષ્ફળ વહીવટ અને લોકોના પ્રશ્નો પ્રત્યે સરકારના અસંવેદનશીલ વલણના વિરોધમાં મહાવિકાસ આઘાડીએ વિધાનસભા સત્રની પૂર્વસંધ્યાએ સરકાર દ્વારા આયોજિત પરંપરાગત ટી-પાર્ટી (ચ્હા-પાન)નો બહિષ્કાર કર્યો હતો.

મહાવિકાસ આઘાડીના મુખ્ય નેતાઓએ એવો આરોપ લગાવ્યો હતો કે સરકાર રાજ્યમાં ગંભીર મુદ્દાઓને સતત અવગણી રહી છે. દુષ્કાળ, ખેડૂતોના (જુઓ પાનું ૪)

## સુપ્રિયા સુળેની દીકરીનાં લગ્નમાં ક્યા બળવાખોર સાંસદ પહોંચ્યા?

મુંબઈઃ ઈશાન મુંબઈના સંસદ સભ્ય સંજય દિના પાટિલે પણ શિવસેના ઠાકરે જૂથ સાથે બળવો કર્યો છે. તેઓ શિવસેના-શિંદે જૂથમાં ભળી ગયા છે. સંજય દિના પાટીલ અન્ય પાંચ સંસદ સભ્ય સાથે દિલ્હીમાં હોવાના અહેવાલ હતા.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)નાં નેતા અને સાંસદ સુપ્રિયા સુળેની પુત્રીના લગ્ન ગઈ કાલે મુંબઈની એક ફાઇવ સ્ટાર હોટલમાં થયા હતા. આ લગ્નમાં બળવાખોર સંસદ સભ્ય સંજય દિના પાટીલે મધરાતે બાર વાગ્યે હાજરી આપી હતી. એ જ લગ્નમાં ઉદ્ધવ ઠાકરે પરિવાર સાથે હાજર હતા. સંજય દિના

(જુઓ પાનું ૪)

## ઉદ્ધવ ઠાકરે હવે એક્શન મોડમાંઃ બળવાખોરોના મતવિસ્તારોની મુલાકાત લેશે

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં ફરી એકવાર ભંગાણ પડ્યું છે અને છ સાંસદોએ બળવો પોકાર્યો. હવે ઉદ્ધવ ઠાકરે પણ સક્રિય થઈ ગયા છે. તેમણે તમામ છ બળવાખોર સાંસદોના મતવિસ્તારોની સીધી મુલાકાત લેવાનું નક્કી કર્યું છે. ઉદ્ધવ ઠાકરેએ બળવાખોરો સામે એક એક્શન પ્લાન તૈયાર કર્યો છે. તેઓ બાળખોર સાંસદોના મતવિસ્તારનો તોફાની પ્રવાસ કરશે. ઉદ્ધવ ઠાકરેનો પ્રવાસ ૨૬ જૂનથી શરૂ થશે. તેઓ ૨૭

(જુઓ પાનું ૪)

## 'માતોશ્રી' પછી હવે 'શિવતીર્થ' પર હિલચાલ

મુંબઈ : મુંબઈમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે; 'માતોશ્રી' ની સાથે રાજ ઠાકરેનું નિવાસસ્થાન 'શિવતીર્થ' પણ હવે એક કેન્દ્રબિંદુ બની ગયું છે. શિવસેના (ઠાકરે જૂથ)ના નેતા અને સાંસદ સંજય રાઉતે મનસે વડા રાજ ઠાકરેના નિવાસસ્થાન 'શિવતીર્થ'ની અચાનક મુલાકાત લીધી છે. હંમેશ મુજબ આવી મુલાકાતોને 'શિષ્ટાચાર મુલાકાત' ગણાવાઈ રહી હોવા છતાં, રાજ્યમાં ઝડપથી વિકસતા 'ઓપરેશન ટાઇગર'ની પૃષ્ઠભૂમિમાં સંજય રાઉતની 'શિવતીર્થ'ની સીધી મુલાકાતે રાજકીય નિરીક્ષકોના ભવાં ઊંચા કર્યા છે. ■

# ચોમાસુ સત્રમાં ૧૦ બિલ રજૂ કરવામાં આવશે

## મહિલા ખેડૂતોને કાનૂની દરજ્જો મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાનું ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થવાનું છે. આ સત્રની પૂર્વસંધ્યાએ રાજ્ય સરકારે ચ્હા-પાન બાદ પત્રકારોને સંબોધતાં કહ્યું હતું કે, ત્રણ અઠવાડિયા લાંબા આ સત્રમાં કુલ ૧૦ બિલ રજૂ કરવામાં આવશે જેમાં મહિલા ખેડૂતોને કાયદેસરનો દરજ્જો આપવાના બિલનો સમાવેશ થાય છે.

આ સત્રમાં અમારો પ્રયાસ સંવાદનો છે. જો વિપક્ષ સંવાદ જાળવી રાખશે તો ચર્ચા દ્વારા દરેક બાબતનો જવાબ આપવા અમે તૈયાર છીએ. જો રાજકારણ કરવાના પ્રયાસ થશે તો રાજકીય જવાબ જ મળશે, જો સામાજિક કાર્ય કરશો તો સામાજિક જવાબ મળશે, જો લાભ માટે ચર્ચા કરીશું તો રાજ્યને ફાયદાકારક જવાબ મળશે, એમ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે આ સત્રમાં સામાન્ય માણસના હિતમાં નિર્ણયો લેવામાં આવશે. અમે આ સત્રમાં ૧૦ બિલ રજૂ કરીશું. આમાં, મહિલા ખેડૂતોને કાયદેસરનો દરજ્જો આપવા માટેનું એક બિલ પણ હશે.

### લોન માફીથી ૫૬ લાખ ખેડૂતોને ફાયદો

અમે ચૂંટણીને ધ્યાનમાં લીધા વગર લોન માફી કરી છે. અમે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ જીતી છે. અમે એવું નહોતું કહ્યું કે અમે ૨૦૨૮-૨૯માં લોન માફ કરીશું, કારણ કે ૨૦૨૯માં ચૂંટણીઓ છે એમ જણાવતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે લોન માફી અમારા માટે રાજકીય મુદ્દો નથી. ખેડૂતોએ જીવવું જોઈએ. અમે તેને શક્તિ પ્રાપ્ત થાય એ માટેની પહેલ તરીકે જોઈએ છીએ. કોઈપણ લોન માફીથી ખેડૂતો શ્રીમંત બન્યા નથી. જોકે, લોન માફી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ. અમે એક સમિતિની રચના કરી છે. તેમાં કેટલાક માપદંડ રાખ્યા છે. આ લોન માફી ૩૬,૫૮૫ કરોડ રૂપિયાની છે અને તેનાથી ૫૬ લાખ ખેડૂતોને મદદ કરવામાં આવશે. ■

## બળવાખોર સાંસદ નાગેશ પાટીલે પ્રથમ વખત વ્યક્ત કરી લાગણી

મુંબઈઃ હિંગોલીના બળવાખોર સંસદ સભ્ય નાગેશ પાટિલ આષ્ટિકરે બળવા બાદ પ્રતિક્રિયા આપી પોતાની લાગણીઓ વ્યક્ત કરી છે. નાગેશ પાટિલ અષ્ટિકરે કહ્યું કે, બે-ત્રણ દિવસ પછી હું મારી પહેલી પોસ્ટ તમારી સાથે શેર કરી રહ્યો છું. લાંબા સમયથી વિવિધ ચર્ચા થઈ રહી છે. સૌ પ્રથમ તો હું કહેવા માગુ છું કે હું કંઈ નારાજ થઈને નથી ગયો. હું ઉદ્ધવ ઠાકરેથી નારાજ થવાનો તો સવાલ જ નથી. તેમનું મારા પ્રત્યે વર્તન માયાળુ હતું એ નિઃસંદેહ બાબત છે જો સંજય રાઉત અને અન્ય વરિષ્ઠ લોકો રોષમાં બોલી રહ્યા છે એ તેમનો અધિકાર છે. તેમની પ્રતિક્રિયાથી મને કોઈ તકલીફ નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તે પિતા તુલ્ય વ્યક્તિ બોલે એનું માઠું લગાડવાનું ન હોય. આ બધું ચાલી રહ્યું હતું એ દરમિયાન ૧૮ તારીખ સુધી કોઈ ક્યાંય ગયું ન હતું. અલબત્ત અવિશ્વાસ વ્યક્ત થતા અથવા વાતચીતમાં અતિરેક થયા પછી ઘણા લોકોએ વિચાર્યું કે ત્યાં(ઉદ્ધવ સાથે) રહેવાનો કોઈ અર્થ નથી. આપણે બધા જાણીએ છીએ કે લાંબા સમયથી આપણે જોતા આવ્યા છીએ કે સત્તા વિના કોઈ કામ નથી થતા. એટલે જ કદાચ મેં આવું પગલું ભર્યું છે. મારા મત વિસ્તારમાં વિકાસના કામો કરવાના છે. લોકોએ મને ઘણી આશા સાથે ચૂંટ્યો છે. હું તેમનું કામ કરવા બંધાયેલો છું. પણ કામ પાર પાડવા ભંડોળ ક્યાંથી મેળવવું એ મોટો સવાલ છે. ■

## બળવાખોરીમાં પિતાની પડખે કે ઠાકરે સાથે? નગરસેવિકા રાજુલ પાટીલનો સીધોસટ જવાબ

મુંબઈઃ સંજય દિના પાટીલે ઠાકરે જૂથ વિરુદ્ધ બળવો કર્યા બાદ તેમની પુત્રી અને મુંબઈ મહાનગરપલિકા (બીએમસી)માં ઠાકરેની નગરસેવિકા રાજુલ પાટીલની ભૂમિકા પર સવાલો ઉઠ્યા હતા. રાજુલ પાટીલ પણ પાલિકાની બેઠકમાં ગેરહાજર રહી હોવાથી રાજકીય વર્તુળમાં એવી ચર્ચા હતી કે તે પિતાના પગલે ચાલીને પક્ષ છોડી દેશે. જોકે, રાજુલ પાટીલે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)નો સાથ નહીં છોડે. આ મહત્ત્વપૂર્ણ બેઠક બાદ મીડિયા સાથે વાત કરતાં તેમણે રાજકીય ભૂમિકા સ્પષ્ટ કરી હતી.

બેઠક બાદ રાજુલ પાટીલે કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં ચાલી રહેલી ચર્ચાઓને ધ્યાનમાં રાખી 'માતોશ્રી' આવી પક્ષ પ્રમુખ સમક્ષ મારો પક્ષ રજૂ કર્યો છે. મેં મારું વ્યક્તિગત અને રાજકીય વલણ ઉદ્ધવ સાહેબને સ્પષ્ટ કરી દીધું છે અને તેઓ મારા નિર્ણયથી સંપૂર્ણ સંતુષ્ટ છે. પક્ષએ મારા પર વિશ્વાસ રાખી આગામી કાર્યક્રમમાં તેમનું સ્વાગત કરવાની મુખ્ય જવાબદારી મને સોંપવામાં આવી છે. ■

# વરસાદની હાજરીથી બફારો ઓછોઃ મુંબઈગરાઓએ હાશકારો અનુભવ્યો



**ઝરમરઃ** મુંબઈગરાઓ બફારો અને ગરમીથી કંટાળી ગયા છે ત્યારે શહેર અને પરાં વિસ્તારના કેટલાક વિસ્તારોમાં રવિવારે સવારે વરસાદનાં ઝાપટાં પડ્યાં હતાં જેથી ગરમીથી થોડી રાહત મળી હતી. (અમય ખરાડે)

મુંબઈઃ ચોમાસાના આગમનમાં થયેલા વિલંબને કારણે ભારે ઊકળાટ સહેવા મજબૂર મુંબઈગરાઓએ રવિવારે થોડો હાશકારો અનુભવ્યો હતો. સવારના સમયે વરસેલા હળવાથી મધ્યમ વરસાદને કારણે ગરમી અને અસહ્ય ભેજવાળા વાતાવરણમાંથી થોડી રાહત મળી હતી.

ભારતીય હવામાન વિભાગે મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં નૈઋત્યનું ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ વાતાવરણ હોવાનો સંકેત આપ્યો છે.


મહિનાની શરૂઆતમાં ચોમાસું દક્ષિણ કોંકણ પહોંચી ગયું હતું, પરંતુ પ્રતિકૂળ હવામાનને કારણે તેની આગળની ગતિ થંભી ગઈ હતી.

જોકે રવિવારની સવારે મુંબઈના અનેક ભાગોમાં વરસાદનું જોરદાર ઝાપટું પડ્યું હતું તો ક્યાંક ઝરમર વરસાદ વરસ્યો હતો. વરસાદના આગમનને કારણે ગરમીમાંથી થોડી રાહત મળી હોવાનું અનુભવાયું હતું.

મુંબઈ મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર ઘાટકોપરની રમાબાઈ મહાપાલિકા સ્કૂલમાં સવારે છથી સાત વાગ્યા દરમિયાન સૌથી વધુ

(જુઓ પાનું ૪)


## પ્રાર્થના સભા



**શ્રી કુમુદભાઈ કિશનભાઈ મહેતા**

(૨૫-૧૧-૧૯૩૪ • ૧૯-૦૬-૨૦૨૬)

પત્નીઃ શ્રીમતી સરલાબેન
પિતાઃ અ.સૌ સોનલબેન તથા સ્વ. આનંદભાઈ
સસરાઃ ચિ. મનોજભાઈ શાહ (ગુંદરવાળા)
નાનાઃ આયુષી કુશલભાઈ મોદી, અનેરી શાહ
પરનાનાઃ ચિ. કયાન, ચિ. અમાલ
ભાઈઃ સ્વ. ભારતભાઈ, નલીનીબેન, સ્વ. ઈંદીરાબેન, સુરેશભાઈ, દક્ષાબેન
બનેવીઃ લલિતભાઈ છોટાલાલ વિરાણી
સરોજબેન જીતુભાઈ શેઠ
સુનંદાબેન સુબોધભાઈ શાહ
વેવાઈઃ સ્વ. સુલોચનાબેન અને સ્વ. શાંતિભાઈ શાહ (ગુંદરવાળા)

**પ્રાર્થના સભાઃ**
**સોમવાર, ૨૨ જૂન ૨૦૨૬,**
**સમયઃ સાંજે ૫.૩૦ થી ૭**
**સ્થળઃ મહિલા વિકાસ મંડળ નરિમાન પાઇંટ**


# બેસ્ટ બસની હડતાળ આખરે સમેટાઈ ગઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના બસ વિભાગના કર્મચારીઓની સંઘર્ષ સમિતિ દ્વારા ત્રણ દિવસથી ચાલી રહેલા કામકાજ બંધ આંદોલન આખરે રવિવારે રાતે પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. છેલ્લા ત્રણ દિવસથી બેસ્ટના ભૂતપૂર્વ અને વર્તમાન કર્મચારીઓ દ્વારા બોલાવવામાં આવેલી હડતાળને કારણે મુંબઈવાસીઓ ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો હતો. આખરે, આજે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ એવી જાહેરાત કરી હતી કે બેસ્ટ એક્શન કમિટીની માગણીઓ સ્વીકારાઈ ગઈ હોવાથી સરકાર વતી હડતાળ પાછી ખેંચી લેવામાં આવી છે.

એકનાથ શિંદેએ એવી જાહેરાત કરી હતી કે કર્મચારીઓની પડતર ગ્રેચ્યુઈટીની રકમ આ જ આર્થિક વર્ષમાં આપવામાં આવશે. સાર્વજનિક પરિવહન સેવાને સક્ષમ કરવા માટે આગામી ત્રણ વર્ષમાં પાંચહજાર નવી બસ પોતાની માલિકીની ખરીદવામાં આવશે. આ ઉપરાંત નવો વેતન કરાર થાય ત્યાં સુધી કર્મચારીઓને વચગાળાની રાહત પેટે બેસ્ટના કર્મચારીઓને ૩,૦૦૦ રૂપિયા અને વેટ-લીઝ પરના કર્મચારીઓને માસિક ૨,૦૦૦ રૂપિયા કામચલાઉ વધારાપેટે આપવામાં આવશે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક દ્વારા બેસ્ટ એક્શન કમિટી સાથે એક કલાક લાંબી બેઠક બાદ, મુંબઈમાં બેસ્ટ કર્મચારીઓની હડતાળ આખરે ત્રીજા દિવસે સમેટાઈ ગઈ છે. ભૂતપૂર્વ અને વર્તમાન બેસ્ટ કર્મચારીઓના ૧૨ સંગઠનોએ ગુરુવાર રાતથી કામકાજ બંધ રાખ્યું હતું. ■

## બેસ્ટની બસો પર પથ્થરમારોઃ ૨૩ની ધરપકડ

મુંબઈઃ લાંબા સમયથી પડતર માગણીઓને મુદ્દે હડતાળ કરવામાં આવ્યા છતાં તેમાં સામેલ ન થનારા સ્ટાફ પર રોષ ઉતારવા બેસ્ટની બસો પર પથ્થરમારાની ઘટનાઓ બની હતી. શહેરના અલગ અલગ વિસ્તારમાં બનેલી આ ઘટનાઓને પગલે પોલીસે ગુના નોંધી ૨૩ જણની ધરપકડ કરી હતી. વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ મલાડ, દહિસર, દાદર અને ધારાવી વિસ્તારમાં બેસ્ટની બસો પર પથ્થરમારાની ઘટના શુક્રવારે બની હતી. બેસ્ટના કર્મચારીઓ હડતાળ પર ઊતર્યા હોવા છતાં શુક્રવારે અમુક વિસ્તારમાં બસ દોડાવવાનો પ્રયાસ કરાયો હતો. હડતાળમાં સામેલ થવાને બદલે બસ ચલાવવા બદલ રોષ વ્યક્ત કરવા બસ પર પથ્થર ફેંકવામાં આવ્યા હતા. ■

## બેસ્ટ બસની હડતાળ ગેરકાયદેઃ ફડણવીસ

મુંબઈઃ બેસ્ટની બસ સેવાના કર્મચારીઓની ચાલી રહેલી હડતાળને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કોર્ટના આદેશનો ઉલ્લેખ કરીને આ હડતાળને ગેરકાયદે ગણાવી હતી અને કર્મચારીઓને કામ પર પાછા ફરવાની અપીલ કરી હતી. 'બેસ્ટની હડતાળ ગેરકાયદે છે. કોર્ટે આ મામલે આદેશ પસાર કર્યો છે અને તેથી આવી હડતાળને સમર્થન આપી શકાય નહીં. કર્મચારીઓએ તરત જ કામ પર પાછા ફરવું જોઈએ જેથી મુંબઈના નાગરિકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે,' એમ ફડણવીસે કહ્યું હતું. સરકાર દ્વારા મહારાષ્ટ્ર આવશ્યક સેવાઓ જાળવણી અધિનિયમ (મેસ્મા) લાગુ કરવા

(જુઓ પાનું ૪)

# મુંબઈમાં વિવિધ વાઈરસે માથું ઊંચક્યું

## કોવિડ-૧૯, સાઈનફલૂ સહિતના વાઈરસનો સમાવેશ


મુંબઈઃ મુંબઈમાં વધી રહેલા ઉકળાટ વચ્ચે વરસાદ પાછળ ઠેલાયો છે. જોકે, ચોમાસાના આગમન પહેલા જ શહેરમાં એક મોટું સંકટ આવી ગયું છે. મુંબઈમાં વાયરલ ચેપનું મોજું ફરી વળ્યું છે, જેમાં એક કે બે નહીં, પરંતુ અનેક પ્રકારના વાયરસ માથું ઉંચકી રહ્યા છે.

મુંબઈમાં વાયરલ ચેપના દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. શહેરની જાણીતી હોસ્પિટલોના ડોક્ટરોના મતે, શહેરમાં હાલમાં કોવિડ-૧૯, એચ-૧એન-૧ (સ્વાઇન ફ્લૂ), ઇન્ફ્લુએન્ઝા-એ અને રેસ્પિરેટરી સિન્સિશિયલ વાયરસ (આરએસવી) ના કેસ એકસાથે વધી રહ્યા છે. સ્વાઇન ફ્લૂ, ઇન્ફ્લુએન્ઝા-એ અને આરએસવીનું નિદાન પણ થઇ રહ્યું છે. સાથે ગેસ્ટ્રોએન્ટેરિટિસના દર્દીઓ પણ મોટી સંખ્યામાં આવી રહ્યા છે અને આમાંના મોટાભાગના ચેપ વાયરલ પ્રકૃતિના છે. જોકે, ડોક્ટરોએ સ્પષ્ટતા કરી હતી કે હાલનો કોવિડ ચેપ ગંભીર નથી. પણ વૃદ્ધો અને અન્ય

(જુઓ પાનું ૪)


ૐ

દશા શ્રીમાળી મરણ



જન્મઃ- ૧૧/૧૦/૧૯૫૫ સ્વર્ગવાસઃ- ૨૦/૦૬/૨૦૨૬

ગામ પેટલાદ હાલે અમદાવાદ ના. સ્વ. હર્ષદભાઈ - સુશીલાબેન ચોક્સી ના પુત્ર અને સ્વ જયંતીભાઈ-લતાબેન શાહ ગામ ચોટીલા ના જમાઈ હિમાંશુ ભાઈ (ઉંમર ૭૦), તા ૨૦-૦૬-૨૦૨૬ ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા તા ૨૨-૦૬-૨૦૨૬, સોમવાર સાંજે ૬:૦૦ થી ૭:૦૦ રાખેલ છે.
પ્રાર્થના સ્થળ : શ્રી રવજી જીવરાજ ચંગડાઈવાળા હોલ (SNDT કોલેજ), આર.એ કિડવાઈ માર્ગ, માટુંગા ઈસ્ટ, મુંબઈ ૪૦૦૦૧૯.

શોકાતુર

પત્નીઃ રૂપા ચોક્સી | ભાઈ-ભાભીઃ સ્વ શૌનક - અંજના | છોકરાઓઃ આશુતોષ-મેઘા, અનુજા-વરુણ, નીરવ-તન્વી, પ્રિયંકા-રામ, | પૌત્ર/પૌત્રીઃ મિરાહ, અનન્યા, તાશી, આર્યન, રિયાન, સમર.

લૌકીક વ્યવહાર સદંતર બંધ છે.


# સાત હાઈ-સ્પીડ બુલેટ રેલ કૉરિડોરની જાહેરાત

## મહારાષ્ટ્રના ભાગે કેટલી ટ્રેનો આવશે?

મુંબઇ : ભારતમાં રેલવેમાં પરિવર્તન થઇ રહ્યું છે. તેમાં સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ એટલે હાઇ-સ્પીડ રેલ કોરિડોર. જે ભારતીયોની પ્રવાસ કરવાની રીત બદલાવી નાખશે. રેલવે હવે આ બાબતે મુંબઈ-અમદાવાદથી આગળનું વિચારી રહી છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઉપરાંત સરકારે દેશભરમાં સાત નવા હાઇ-સ્પીડ રેલ કોરિડોરની જાહેરાત કરી છે. સરકારે નવી યાદીમાં મુંબઈ-પુણે, પુણે-હૈદરાબાદ, હૈદરાબાદ-બેંગલુરુ, હૈદરાબાદ-ચેન્નઈ, ચેન્નઈ-બેંગલુરુ, દિલ્હી-વારાણસી અને વારાણસી-સિલિગુડી જેવા મુખ્ય કોરિડોરનો સમાવેશ કર્યો છે. આ રૂટ દેશના વિવિધ રાજ્યોના મુખ્ય શહેરોને પણ જોડશે.

આ નવા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ્સ મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો કરશે. હાલમાં મુંબઈ અને અમદાવાદ વચ્ચેની મુસાફરી એક

(જુઓ પાનું ૪)

# બીએમડબ્લ્યુ કાર ડિવાઈડર સાથે ટકરાયા પછી ઊંધી વળીઃ બેનાં મોત

થાણેઃ ટિટવાલાથી પાછા ફરતી વખતે બદલાપુર નજીક બીએમડબ્લ્યુ કાર ડિવાઈડર સાથે ટકરાયા પછી ઊંધી વળી જતાં બેનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે એક ગંભીર રીતે ઘવાયો હતો.

બદલાપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના રવિવારના મળસકે ચાર વાગ્યાની આસપાસ મુંબઈ-વડોદરા હાઈવે નજીક બદલાપુરમાં બની હતી. અકસ્માતમાં જીવ ગુમાવનારાઓની ઓળખ યોગેશ દિઘે (૨૬) અને રિકેબા જેકબ (૨૪) તરીકે થઈ હતી. બદલાપુરમાં રહેતા દિઘે અને જેકબ ટિટવાલાથી તેમના મિત્ર આનંદ સાથે પાછા ફરતા હતા ત્યારે કાર ડિવાઈડર સાથે ટકરાઈ હતી. કાર (જુઓ પાનું ૪)


**PAC n DELIVER**
**INTERNATIONAL COURIER**
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
**Contact : Mr. ANUJ SANGOI**
**8879991866**
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**